BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ

પેપર - ૧

(મુખ્ય તથા ગૌણ)

## HISM / HISS-101

## પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)










# વિભાગ-૧ પ્રાગઐતિહાસિક યુગથી અનુવૈદિક સુધી

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.


**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદન:**

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિશ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ.. સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ , ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ અને કોમર્સ કોલેજ, પાટણ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોતાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| ડૉ.પ્રફુલા રાવલ | પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ,રાજકોટ |
| ડૉ. પ્રદ્યુમન ખાચર | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,મહિલા કોલેજ, જૂનાગઢ. |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ. પ્રદ્યુમન ખાચર | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, મહિલા કોલેજ, જૂનાગઢ. |
| ડૉ. ધર્મેશ પંડ્યા | અસોસીએટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ,આર્ટસ અને કોમર્સ કોલેજ, વ્યારા. |
| ડૉ. રાજેશ કોઠારી | અસોસીએટ પ્રોફેસર , ઈતિહાસ વિભાગ ,સરકારી આર્ટસ કોલેજ, ગાંધીનગર |
| ડૉ. વસંત પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ<br>વિદ્યાનગર . |

**પરામર્શન (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. જાગૃતિ મહેતા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| ડૉ. દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |
| પ્રા. ઉર્વિકા પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક:** ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

**ISBN "978-93-89909-00-5"**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of

Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**HISM/HISS-101**

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

# (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)

## વિભાગ-1

## પ્રાગૈતિહાસિક યુગથી અનુવૈદિકયુગ


એકમ-1

પ્રાચીન ભારતના ઈતિહાસ જાણવાના સાધનો

એકમ-2

પ્રાગૈતિહાસિકકાળ

એકમ-3

હડપ્પીય સંસ્કૃતિ

એકમ -4

વૈદિકયુગ અને અનુવૈદિક યુગ

## વિભાગ- 1 : પ્રાગઐતિહાસિક યુગથી અનુવૈદિક સુધી

પ્રાચીન ભારતનો ઈતિહાસ (પ્રાગ ઐતિહાસિક યુગથી ઈ.સ. ની છઠ્ઠી સદી) પેપર -1ના વિભાગ 1 પ્રાગ ઐતિહાસિક યુગથી અનુવૈદિક સુધી માં કુલ ચાર એકમો જેમાં દુનિયામાં જીવોની ઉત્પતિથી લઇને અનુવૈદિક યુગસુધીના ભારતને આવરી લેવામાં આવ્યું છે.

એકમ- 1 ઈતિહાસ આધારભૂત સાધનોથી જ લખાય છે અને ઈતિહાસ લખવા માટે ખૂબ જ મોટા પ્રમાણમાં આધાર સાધનોની જરૂર પડે છે. માટે પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવા માટે જે પુરાતત્વીય અને સાહિત્યિક સાધનો ઉપયોગી છે અને જેમાંથી પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણી શકાય છે એવા સ્ત્રોતોની વાત આ એકમમાં કરવામાં આવી છે. જેમાં સાહિત્યિક સાધનોમાં ધાર્મિક સાહિત્ય અને ધર્મ નિરપેક્ષ સાહિત્યમાં વિભાજીત કરી સાધનોની સરળ સમજુતી આપવા આવી છે .

એકમ- 02 આ એકમમાં ધરતી પર માનવનો પાદુભાર્વ થયો અને ત્યારબાદ ક્રમશઃ થયેલ વિકાસને ત્યાંથી મળી આવેલ પાષણના હથિયારો પરથી પુરા પાષણયુગ, મધ્ય પાષણયુગ અને નૂતન પાષણયુગથી સમજી શકાશે. આ એકમમમાં માનવ વિકાસમાં આવેલ પરિવર્તનનો અભ્યાસ કરીશું.

એકમ-03 હડપ્પીય સંસ્કૃતિની શોધથી ભારતના ઈતિહાસમાં ક્રાંતિ સર્જાઈ. સમગ્ર વિશ્વમાં ભારતના ઈતિહાસનો ખ્યાલ બદલનાર એવી હડપ્પીય સંસ્કૃતિ વિશે આપણે અહી જાણી શકીશુ. આ સંસ્કૃતિના સંશોધન કર્તા, તેની સામાજિક, આર્થિક ધાર્મિક સ્થિતિ, તેની નગર વ્યવસ્થા અને તેની પડતીની વિસ્તુત માહિતી આ એકમમાંથી મેલવી શકાશે.

એકમ- 4 ભારતીય ઈતિહાસ જાણવા માટેના સાહિત્યિક ગ્રંથોમાં જેનું સ્થાન મોખરાનું છે એવા વેદ અને વૈદિક સાહિત્ય તથા સમકાલીન સાહિત્ય માંથી જાણવા મળતી વૈદિક અને ઉત્તર વૈદિક સંસ્કૃતિના દરેક પાસા જેવા કે આર્યોના આગમનથી લઈ તેમની આશ્રમ વ્યવસ્થા ,જાતી પ્રથા, સામાજિક વ્યવસ્થાથી લઈ તે સમયની શાસકીય વ્યવસ્થા અને લોકશાહી તંત્રની જાણકારી આપવામા આવી છે.

| એકમ: ૧ | પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાના સાધનો |
| --- | --- |

**રૂપરેખા**

1.0 ઉદ્દેશ્યો
1.1 પ્રસ્તાવના
1.2 સાહિત્યિક સાધનો
1.2.1 ધાર્મિક સાહિત્ય
1.2.2 ધર્મનિરપેક્ષ સાહિત્ય
(ક) તમારી પ્રગતિ ચકાશો.
1.3 પુરાતત્વ સંબંધિ સ્ત્રોત
1.3.1 પ્રાગૈતિહાસિક
1.3.2 અભિલેખો
1.3.3 સિક્કાઓ
1.3.4 સ્મારકો
1.4 સારાંશ
1.5 ચાવીરૂપ શબ્દો
1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.
1.7 સંદર્ભગ્રંથો

**1.0 ઉદ્દેશ્યો:**

આ એકમનો હેતુ લોકો તથા વિધાર્થીઓ એ જાણે કે ઈતિહાસ આધારભૂત સાધનોથી જ ચોક્કસ પદ્ધતિથી જ લખાય છે, જે લેખક કે ઇતિહાસકાર જેટલા આધારસાધનો વિશે વધુ જાણે અને તેની અંદરની સામગ્રી સમજે ને મૂલવે તેમનું ઈતિહાસલેખન મજબૂત અને હેતુલક્ષી બને છે.

- ઈતિહાસ લખવા માટે ખૂબ જ મોટા પ્રમાણમાં આધાર સાધનોની જરૂર પડે છે.
- ઈતિહાસ આધાર વગર કોઈ વાત કરતો નથી.
- ઈતિહાસ લેખનની પ્રક્રિયાએ નિરંતર ચાલતી પ્રક્રિયા છે.
- ઇતિહાસની જાળવણીને સાંચવણીને લેખન માટે લોકો પ્રાચીનકાળથી મથામણ કરી રહ્યા છે.

**1.1 પ્રસ્તાવના :**

ઈતિહાસ એ માનવની યાત્રા જેમ આગળ વધતી ચાલી અને જે જે સામગ્રીઓ તેની સામે આવતી ગઈ,તે બધી સામગ્રીનું અર્થઘટન કરી માનવના ભૂતકાળના કાર્યોને અર્થઘટિત કરતુ એક મહામૂલું શાસ્ત્ર છે. આથી એનું લેખન અને તેમાં ફેરફારો પુરાવાઓ મુજબ સતત થતા જ રહે છે. આથી એ પરિવર્તન પામતું શાસ્ત્ર છે,આથી જ ઈતિહાસ નિરૂપણના દ્રષ્ટિબિંદુઓ સાધનોને

આધારે બદલાતા રહે છે. ઇતિહાસનો મૂળ હેતુ સમાજના અને રાજ્યના નાના મોટા અંગોને આલેખીને ભૂતકાળનું દર્શન કરાવવાનો છે.

ઈતિહાસ એક એવું શાસ્ત્ર રહ્યું છે કે તેમાં આધાર વગર કશું પણ લખી શકાતું નથી કે ક્યાંય પણ ઇતિહાસના બહાને આધાર વિના બોલી શકાતું નથી, એટલે જ કહેવાયું છે ના મૂલમ લિખિયંતે કિંચિત, એટલે કે આધાર વગર કશું લખવું નહિ. પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાના વિવિધ પ્રકારના અને ઢગલાબંધ પ્રમાણમાં સાધનો મળે છે.પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવા માટે કે આલેખવા માટે ખાસ કરીને અભિલેખો,સિક્કાઓ અને જે તે સમયે રચાયેલું વિવિધ પ્રકારનું સાહિત્ય ખૂબ જ ઉપયોગી નીવડ્યું છે.

પરદેશી વિદ્વાનો એવું માનતા હતા કે ભારત વર્ષમાં કદી ક્યારેય કોઈ ઈતિહાસ લખવામાં આવ્યો નથી પણ એ વાતમાં બહું મૂલ્ય નથી કારણ કે અબુલ ફઝલે પોતાના ગ્રંથોમાં પ્રાચીન ભારતના ઈતિહાસની રૂપરેખા ક્યાંથી આપી હોય ?આમ છતાં એક વર્ગ એમ પણ માને છે કે ભારતીયો શરૂઆતમાં ઈતિહાસલેખનની કળા જાણતા નહોતા.

આથી એમ કહેવું જરાય યોગ્ય નથી કે પ્રાચીન ભારતમાં ઈતિહાસ લખવાની પ્રથા જ ન હતી, ભારતીય ચિંતનના આરંભથી જ ઈતિહાસ વાંગ્મયનું એક આવશ્યક અંગ મનાતું.ભારતીયોએ ઈતિહાસને એટલું ગૌરવ આપ્યું કે તે ઈતિહાસને પાંચમો વેદ માનતા હતા. કૌટીલ્યએ કહ્યું છે કે રાજાની દિનચર્યામાં દરરોજ ઈતિહાસ સાંભળવો એ એનું આવશ્યક કર્તવ્ય છે.

ઇ.સ.૧૭૮૪માં ‘બંગાળનો એશિયા સમાજ’ની સ્થાપના કરવામાં આવીને એશિયામાં શોધકાર્ય નામની પત્રિકા પણ શરૂ કરવામાં આવી આના કાર્યોથી જુદાજુદા વિદ્વાનોને ભારતીય ઈતિહાસ અને સભ્યતા પ્રત્યે ઉંડો રસ પડ્યો અને એના ફળસ્વરૂપે અંગ્રેજ સરકારે ઇ.સ.૧૮૬૨માં એલેકઝાંડર કનિગહામના નેતૃત્વમાં પુરાતત્વ વિભાગની સ્થાપના કરીને લોર્ડ કર્ઝને આ વિભાગમાં વધુ રસ લઇ વિકસાવ્યું.

આ સાધનોના મુખ્યત્વે બે પ્રકાર પાડવામાં આવે છે. (૧) સાહિત્યિક સાધનો (૨) સાહિત્યેતર સાધનો કે પુરાતત્વીય સંબંધી સ્ત્રોત. પ્રાચીન ભારતના ઈતિહાસ માટે અભિલેખો ઘણો મહત્વનો આધાર મનાય છે. રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની પ્રમાણભૂત માહિતી મેળવવા માટે આ અભિલેખો જ એક મહત્વનું સાધન છે. પ્રાચીન ભારતમાં સંસ્કૃત સાહિત્યમાં બેજોડ પ્રગતિ થઇ હતી તેથી જે તે સમયના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ જાણવા માટે તે પણ એટલા જ પ્રમાણમાં ઉપયોગી અને મહત્વનું છે.

## 1.2 સાહિત્યિક સાધનો :

સાહિત્યિક સાધનોમાં મુખ્યત્વે સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથો અને જે તે સમયે ભારતમાં આવેલા વિદેશી મુસાફરોના પ્રવાસ વર્ણનોને ગણાવી શકાય.

સાહિત્યિક સાધનોના પણ બે પેટા પ્રકાર પાડવામાં આવ્યા છે.

(અ) ધાર્મિક સાહિત્ય

(બ) ધર્મ નિરપેક્ષ સાહિત્ય

### 1.2.1 ધાર્મિક સાહિત્ય :

આ ધાર્મિક સાહિત્યને પણ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યું છે.

(1) હિંદુ (2) બૌદ્ધ (3) જૈન

**(1) હિંદુ :**

ભારતીય સાહિત્યની પરંપરાને તપાસતા સહુથી પૂર્વકાલીન સાહિત્યના અંશો વેદની સંહિતાઓમાં સચવાયેલા છે. હિંદુ ધર્મ ગ્રંથોમાં મુખ્ય ચાર વેદોનું ખૂબ મહત્વનું સ્થાન છે જેમાં ઋગ્વેદ, સામવેદ, યજૂર્વેદ અને અથર્વવેદ.આ ઉપરાંત કેટલાક ગ્રંથો પણ છે જેમ કે ઐતરેય શતપથ, ઉપનિષદ, આરણ્યકો ને ઉપવેદ (શિક્ષાકલ્પ,વ્યાકરણ તથા સૂત્રગ્રંથ,સ્મૃતિગ્રંથ (મનુસ્મૃતિ,નારદ સ્મૃતિ,બૃહદ સ્મૃતિ) તથા ૧૮ પુરાણો અને બે મહાકાવ્યો રામાયણ અને મહાભારત. પુરાણોને તો થોડા સમય પહેલા કપોળ કલ્પિત ગાથાઓ ગણવામાં આવતા હતા,પરંતુ જયારે પાર્જિટના સંશોધન પછી સાબિત થયું કે પુરાણોમાં તો બહુ મૂલ્યવાન ઐતિહાસિક સામગ્રી પણ મળે છે.પુરાણો અનુસાર તેનું પાંચમું લક્ષણ વંશાનુંચરિતનું છે. ગુપ્તવંશના ઈતિહાસ માટે વિષ્ણુપુરાણ, વાયુપુરાણ તથા બ્રહ્માંડ પુરાણ ખૂબ જ ઉપયોગી છે જેના દ્વારા ગુપ્તોનો શરૂઆતનો ઈતિહાસ અને તેની રાજ્ય સીમાઓ જાણવા મળે છે.

આ બધા જ ગ્રંથોમાંથી જે તે સમયનો રાજનૈતિક ઈતિહાસ ઓછો પણ તત્કાલિન સભ્યતાની રીતરિવાજ સંસ્કૃતિની અનેરી માહિતી મળી આવે છે. આર્યો વિશેની માહિતી ઋગ્વેદ આપે છે તથા ઋગ્વેદમાં દાસરાજ્ઞ યુદ્ધનો પણ ઉલ્લેખ છે સાથેસાથે તેમાં ભારતની મૂળ પ્રજા દ્રવિડો વિશે પણ અછડતા ઉલ્લેખો મળે છે.

ભારતીય રાજપદ અને રાજ્ય વ્યવસ્થા અને અધિકારીઓ અંગે, વર્ણાશ્રમ ધર્મનો પ્રથમ ઉલ્લેખ કરતો સૌથી પુરાણો ગ્રંથ ઋગ્વેદ છે. ઋગ્વેદમાંથી પૂર્વ વૈદિક કાળની સભ્યતાની જાણકારી મળે છે,જયારે અન્ય ત્રણેય વેદોમાંથી ઉતર વૈદિકકાળની સભ્યતાનો ખ્યાલ આવે છે.મનુ અને યાજ્ઞવલ્કય જેવા ઋષિઓના બ્રાહ્મણગ્રંથોમાંથી જે સમયના ધાર્મિક વિશ્વાસો, કર્મકાંડો અને કાયદા કાનૂનોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.ઉપનિષદોમાં ભારતીયોના ઉચ્ચ પ્રકારના દાર્શનિક વિચારો કેવા કેવા હતા જેમાં આત્મા અને ઈશ્વરની ચર્ચા કરવામાં આવી છે. સૂત્રસાહિત્યમાં યજ્ઞના નિયમો,મનુષ્યના લૌકિક અને પરલૌકિક તથા ધાર્મિકને સામાજિક કર્તવ્યોની વાત જાણવા મળે છે. સ્મૃતિ સાહિત્યમાંથી જે તે સમયની ધાર્મિકને સામાજિક પરિસ્થિતિનો ચિતાર મળે છે.

ભારતના બે મહાન પ્રાચીન મહાકાવ્યો રામાયણ અને મહાભારતમાંથી રાજાઓની વંશાવળીઓ, પરાક્રમો, સિદ્ધિઓ તથા નિષ્ફળતાઓ જાણવા મળે છે. 'બૃહદેવતા' નામે ઓળખાતું મહાકાવ્ય આશરે ઇ.સ.પૂર્વે પાંચમાં શતક બાદ રચાયું તે શૌનકે લખ્યું હોવાનું કહેવાય છે, જેમાં રાજપદ વંશપરંપરાગત હોવાની વાતને પ્રમાણ મળે છે.

જોકે આ બધા જ ગ્રંથોમાં બહુ મોટા પ્રમાણમાં અતિશયોક્તિ અને દંતકથાઓ એટલી બધી સેળભેળ થઇ ગઈ હોય છે કે જેનો ઉપયોગ આથી સજાગતાથી વિચાર કરીને તટસ્થતાથી જ કરવો તેમ છતાં આ બધા સાધનો ખૂબ જ અગત્યના રહ્યા છે જેમાંથી જ પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ જાણવા મળે છે.

**(2) બૌદ્ધ** :

વૈદિક સાહિત્યની માફક બૌદ્ધધર્મ સાહિત્યમાંથી પ્રાચીન ભારતના ઇતિહાસની મૂલ્યવાન સામગ્રી પ્રાપ્ત થાય છે. બૌદ્ધધર્મના પવિત્ર ગ્રંથો ત્રિપિટ્ટક ગણાય છે. જે પાલિ ભાષામાં લખાયેલ છે. જેમાં 'વિનયપિટક'માં બૌદ્ધસંઘના સંગઠનો અને તેને સંબંધિત નિયમો બતાવ્યા છે 'સુતપિટક'માં બૌદ્ધધર્મના ઉપદેશોનું વર્ણન છે. 'અભિધમ્મપિટક'માં બૌદ્ધધર્મનું દાર્શનિક વિવેચન છે. આ બધાને ત્રિપિટક સાહિત્ય કહે છે.બુદ્ધના પૂર્વજીવન સંબંધિત ૫૪૯ જાતકકથાઓ પણ મળે છે.આ સિવાય બૌદ્ધધર્મના બે મુખ્ય ફાંટા મહાયાન અને હીનયાનના પણ અનેક ગ્રંથો રચાયા હતા,આ ગ્રંથોમાંથી પણ બૌદ્ધધર્મની માહિતી મળે છે.નાગર્જુનનું 'મહાયાનસૂત્ર','સત્સહારિકા'ને વસુબંધુનું 'અભિધર્મકોષ'ને 'મિલિન્દપહ','દિવ્યવદાન' ,'આર્યમંજુશ્રીમૂળકલ્પ', 'લલિતવિસ્તાર' વગેરે છે. શ્રીલંકામાં રચાયેલ 'મહાવંશ' અને 'દીપવંશ' નામના ગ્રંથો પણ ભારતીય બૌદ્ધધર્મના પ્રચાર પ્રસારને સમજવામાં ઉપયોગી નીવડ્યા છે.બૌદ્ધ સાહિત્યમાંથી અજાતશત્રુના શાસનકાળથી લગભગ શુંગ શાસનકાળ સુધીની રાજકીય અને અન્ય સ્થિતિને ભારતના સોળ મહારાજ્યોના ઉલ્લેખો આવે છે.

**(3) જૈન** :

બૌદ્ધધર્મની જેમ જ જૈન ધર્મ વિશે પણ પુષ્કળ સાહિત્ય રચાયું. જે મુખ્યત્વે સંસ્કૃત અને અર્ધમાગધીમાં મળે છે. આદિજૈન ગ્રંથોને આગમ નામથી ઓળખવામાં આવે છે. જૈન ગ્રંથોમાં 'આચારાંગસૂત્ર' પણ શાકય,મલ્લ વગેરે ગણરાજ્યોનો ઉલ્લેખ કરે છે. 'ભદ્રબાહુચરિત્ર' માંથી ચંદ્રગુપ્ત મૌર્યના સમયની કેટલીક ઘટનાઓ મળે છે.આ ઉપરાંત 'વસુદેવહિંડી', 'વૃહકલ્પસૂત્રભાષ્ય', 'કાલિકાપુરાણકથા' વગેરે જૈનગ્રંથો પણ ખૂબ મહત્વના આધારસાધન તરીકે ઉપયોગી છે.

**1.2.2 ધર્મ નિરપેક્ષ સાહિત્ય:**

**1. જીવનચરિત્રો અને ઐતિહાસિક ગ્રંથ-**

પ્રાચીન ભારતના વિદ્વાન સાહિત્યકારો, કવિઓ દ્વારા લખાયેલ ઘણાં ગ્રંથો તત્કાલીન પરિસ્થિતિ પર પ્રકાશ પાડે છે અને તેમાંથી પણ પૂરતા ઐતિહાસિક સાધન ડૉ.આર.સી.મજુમદાર કહેતા કે "ઐતિહાસિક વિભૂતિઓના જીવનચરિત્રો ઘણા જ કિંમતી છે."આ પ્રકારના જીવનચરિત્રોમાં બાણભટ્ટનું 'હર્ષચરિત્ર' છે. તેમાં હર્ષવર્ધન વિશે પુષ્કળ માહિતી મળે છે.બિલ્હણના 'વિક્રમાંકદેવચરિત્ર' જેમાં ચાલુક્ય રાજા વિક્રમાદિત્યની પ્રશસ્તિ કરવામાં આવી છે. પદમગુપ્તનું 'નવસાહસાંક' ચરિત્ર, બલ્લાલનું 'ભોજપ્રબંધ', સંધ્યાકાર નંદીનું 'રામચરિત્ર',હેમચદ્રનું 'કુમારપાળ ચરિત્ર',નયનચંદ્રનું 'હમીરકાવ્ય' ચંદબરદાઇનું 'પૃથ્વીરાજ ચરિત્ર' તથા સોમેશ્વરનું 'કીર્તિકૌમુદી' વગેરે મુખ્ય ગ્રંથો છે. ઐતિહાસિક ગ્રંથોમાં કલ્હણકૃત 'રાજ્તરગીણી'માં કાશ્મીરના ઈતિહાસને વર્ણવાયો છે.તમિલ ભાષામાં લખેલા જુદાજુદા ગ્રંથોમાં મુખ્યત્વે સંગમ સાહિત્ય દક્ષિણભારતના ઈતિહાસ ઉપર પ્રકાશ પાડે છે.

જોકે આ જીવનચરિત્રોની એક મર્યાદા એ રહી છે કે મોટાભાગના લેખકો એ પોતાના ચરિત્રકારને અતિશયોક્તિને શબ્દોના રંગો ચડાવી એવા બધા કરી નાખ્યા છે કે ક્યારેક તે વધુ પડતા ઉજળા લાગવા લાગે છે. આમ છતાં આ જીવનચરિત્રનું ઐતિહાસિક મહત્વ જરાય ઓછુ આંકવા જેવું નથી.

**2. અન્ય સાહિત્ય :-**

પ્રાચીન ભારતમાં અનેક લેખકો થયા કે જેમણે સાહિત્ય, અર્થવ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, નાટક, કવિતા, વ્યાકરણ અને અન્ય વિષયો ઉપર ખૂબ જ આલેખન કર્યું. આ બધા જ ગ્રંથો ઈતિહાસ જાણવા માટે ઉપયોગી છે. જેમકે ચંદ્રગુપ્તના ઈતિહાસ માટે વિષ્ણુગુપ્તનું કૌટીલ્ય અર્થશાસ્ત્ર તથા ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ જાણવા માટે હેમચંદ્રાચાર્યનું 'દ્રયાશય' અને મેરૂતુંગાચાર્યનું 'પ્રબંધચિંતામણી',રાજશેખરનો 'પ્રબંધકોશ' ને ફાર્બસની 'રાસમાળા', હરિપ્રસાદ શાસ્ત્રી કૃત ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ', હરિપ્રસાદ શાસ્ત્રીનુ 'મૈત્રકકાલીન ગુજરાત' અને રશેસ જમીનદારનું 'ક્ષત્રપ કાલીન ગુજરાત', ક્રિષ્નાકુમારી વીરજીનું 'એન્સિયંટ હિસ્ટ્રી ઓફ સૌરાષ્ટ્ર' ખૂબ ઉપયોગી છે.

પતંજલિનું 'મહાભાષ્ય' અને વિશાખાદતનું 'મુદ્રારાક્ષસ', પાણીનિનો વ્યાકરણ ગ્રંથ અને 'અષ્ટાધ્યાયી' અને હર્ષવર્ધનના 'પ્રિયદર્શિકા', 'નાગાનંદ' અને 'રત્નાવલી' નાટક પણ અગત્યના સાધનરૂપ છે.આ સિવાય સોમદેવનું 'કથાત્યરિતસાગર' અને ક્ષેમેન્દ્રનું 'બૃહત્કથામંજરી' માંથી મૌર્યકાલીન ઈતિહાસ જાણવા મળે છે. 'કામાંદક નીતિસારમાંથી ગુપ્તકાલીન રાજતંત્ર પર પ્રકાશ પડે છે. પતંજલિના 'મહાભાષ્ય' અને કાલિદાસના 'માલવિકાગનીમિત્રમ' માંથી શુંગવંશનો ઈતિહાસ જાણવા મળે છે. શુદ્રકના 'મૃચ્છકટિક' તથા દંડીના 'દશકુમાર ચરિત્ર' માંથી પણ તત્કાલીન સમાજના રીતરિવાજોને સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત અનેક લેખકોએ સંસ્કૃત, પાલિ, પ્રાકૃત અને તમિલ વગેરે ભાષાઓના અનેક ગ્રંથો લખ્યા છે જેમાંથી કોઈને કોઈ પ્રકારના સમકાલીન ઇતિહાસનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**3. વિદેશી પ્રવાસીઓ અને વિદેશી ઇતિહાસકારોના વિવરણ :-**

હિંદના પ્રાચીન ઇતિહાસના એક તુમુલ અંધકારના સમયનો ઈતિહાસ માટે વિદેશીપ્રવાસીઓ અને વિદેશી ઈતિહાસકારોનો જ આશ્રય લેવો પડે તેમ છે.વિદેશી લેખકો અને વિદેશી પ્રવાસીઓ પણ આ રીતે ખૂબ મહત્વના સાબિત થયા છે.જેનું ભારત વિષયક જ્ઞાન સાંભળેલા વૃતાંતો અને સ્વયંમ જોયેલી બાબતો ઉપર અવલંબિત છે. ભારતમાં અનેક ધર્મના પર્યટકો અને મુસાફરો આવ્યા જેમાં એરિયન સ્ટ્રેબો, પ્લુટાર્ક, જસ્ટીન ટોલંમી વગેરે ગ્રીક ઇતિહાસકારોએ સિકંદરના ભારત પરના આક્રમણ અને મૌર્ય સમાજ વ્યવસ્થા વિશે લખ્યું છે.

બૌદ્ધધર્મના સ્થળોની યાત્રા કરવા અને ધર્મનો અભ્યાસ કરવા માટે ભારતમાં અનેક ચીની મુસાફરો આવ્યા, જેના યાત્રાવૃતાંતમાંથી ભારતની રાજકીય,સામાજિક અને આર્થિક ને ખાસ કરીને ધાર્મિક પરિસ્થિતિ અંગેનું સુંદર અને તલસ્પર્શી વર્ણન મળે છે.

મેગેસ્થનિશ, એરિયન, સ્ટ્રેબો, માલવિય, શુદ્રક, અમ્બષ્ઠ વગેરે ગણરાજ્યોની વાત આલેખે છે. મેગેસ્થનીશ ચંદ્રગુપ્તની રાજધાનીમાં છ વર્ષ રહ્યો હતો.

ભારતમાં ફાહિયાન ઇ.સ.૩૯૯ થી ૪૧૪ અને હ્યુંએન્સંગ ઇ.સ.૬૨૯ થી ૬૪૫ અને ઇત્સંગ ઇ.સ.૬૭૩ થી ૬૮૮ના સમયમાં આવ્યો હતો. જેમાં ફાહિયાનનો વૃતાંત 'ફો –વો –કી' (બુદ્ધના દેશનો વૃતાંત) નામે છે, જેનો અનુવાદ જેમ્સ લેગે 'ફાહિયાન ટ્રાવેલ્સ ઇન ઇન્ડિયા એન્ડ સિલોન' ૧૮૮૬ અને ગાઈલ્ઝે 'ધ ટ્રાવેલ્સ ઓફ ફાહિયાન એન્ડ રેકોર્ડ ઓફ ધ બુદ્ધિસ્ટિક કિંગડમ' નામથી કરેલ છે. ફાહિયાન ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળમાં આવ્યો જેના વિવરણમાંથી ગુપ્તકાલીન

ઈતિહાસ ઉપર પર્યાપ્ત પ્રકાશ પડે છે, જેણે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના રાજમહેલ તથા તેની રાજધાની તત્કાલીન સામાજિક ને ધાર્મિક સ્થિતિનું રોચક વર્ણન કરેલ છે.

હ્યુ-એન-ત્સાંગ ૧૩૮ દેશોનો પ્રવાસ કર્યો અને જે પ્રવાસગ્રંથ લખ્યો તેનું નામ છે, 'સિ –યુ –કી' (પશ્ચિમી દેશોનો ઈતિહાસ) તે ચાઈનીઝ ભાષામાં હતો તેનો અંગ્રેજી અનુવાદ સેમ્યુઅલ બિલે 'બુદ્ધિસ્ટ રેકોર્ડ ઓફ ધ વેસ્ટર્ન વર્લ્ડ'ભાગ ૧ -૨ થી ઇ.સ.૧૮૮૪માં લંડનથી પ્રકાશિત કરેલ છે. હ્યુએન્સંગના વર્ણનમાં મોટેભાગે હર્ષવર્ધનના કાળનો ઈતિહાસ જાણવા મળે છે,જેણે અનેક ગુપ્ત સમ્રાટોનો ઉલ્લેખ કર્યો છે ને જે તે સમયના નગરો તથા બૌદ્ધધર્મનું ભવ્ય વર્ણન કરેલ છે.

ઈતિસંગના વૃતાંતમાંથી સાતમી સદીમાં ઉતરાર્ધથી ભારતની સામાજિક,રાજકીય પરિસ્થિતિની જાણકારી મળે છે,આ ત્રણેય યાત્રિકો જ્ઞાનની ખોજ અને બુદ્ધના સંપર્કના પાવન સ્થળોના દર્શનાર્થે આવ્યા હતા. હુઈ–લી રચિત હ્યુંએન્સંગની જીવની અને 'મા-ત્વાન-લીન' (Ma -twan-lin)ની કૃતિમાંથી પણ પ્રાચીન ભારત વિશે જાણવા મળે છે. ઈતિસંગના વૃતાંતમાંથી વિશેષ એ જાણવા મળે છે કે ગુપ્તો દ્વારા સ્થાપિત નાલંદા વિશ્વ વિદ્યાલય આંતરરાષ્ટ્રીય શિક્ષાકેન્દ્રના રૂપમાં વિખ્યાત હતું.

વિદેશીયાત્રીઓએ કરેલ યાત્રાવર્ણન પૂર્ણપણે સત્ય માલુમ પડ્યું નથી કારણ કે તેમને જે બધી સુવિધાઓ મળી તથા અહીની ભાષા,સંસ્કૃતિ વગેરેનું જ્ઞાન તેમની પાસે નહોતુ તેથી તે અમુક બાબતમાં અવળું સમજ્યા હતા. તેમ છતાં આ વિદેશી લેખકોના વર્ણન વિના ભારતનો પ્રાચીન ઈતિહાસ અધૂરો રહે તેમ છે.

આ ઉપરાંત મુસ્લિમ લેખકોમાં કેટલાક લેખકો જેવા કે અલ્બેરૂની (કિતાબ-ફૂતૂહ –અલ-બુલ્દાન) સુલેમાન (સિલ-સિલાત-ઉત –તવારીખ)અલ મસઉદી (મરુજ-ઉલ-જહાબ)અલ ઈસ્તખરી( કિતાબ –ઉલ –અકાલુન) ઈબ્ન હોકલ(અસ્કાલ –ઉલ વિલાદ) જેમાં અલ્બેરૂનીનું નામ ખૂબ મોટું છે કે જે મહમદ ગઝનવી સાથે હિંદમાં આવ્યો હતો ને તે સંસ્કૃત અને અરબીનો નિષ્ણાંત હતો તેનો ગ્રંથ 'કિતાબુલ-ઉલ –હિંદ' માંથી ૧૦-૧૧મી સદીના ભારતની અનેરી બેજોડ વાતો જાણવા મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ક) પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાના સાહિત્યિક સાધનો વિશે દશેક લીટીમાં લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**(ખ) પ્રસ્તુત વિધાનોમાંથી ક્યાં વિધાનો સાચા (✓) છે અને ક્યા ખોટા (x) તે નિશાનીથી જણાવો.**

(1) દાસરાજ્ઞ યુદ્ધનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે.

(2) 'બૃહદેવતા' નામના મહાકાવ્યના લેખક બિંદુશ્રી છે.

(3) બુદ્ધના પૂર્વજીવન વિશે જાતકકથાઓમાં કોઈ વાત નથી.

(4) આદિ જૈન ગ્રંથોને આગમો નામે ઓળખવામાં આવે છે.

(5) વિદેશી પ્રવાસીઓના તમામ વર્ણનો પર ભરોસો રાખવા જેવો નથી.

## 1.3 પુરાતત્વ સંબંધી સ્રોત:

### 1.3.1 પ્રાગૈતિહાસિક કાળના અવશેષો :

૧૯માં સૈકામાં પ્રાગૈતિહાસિક કાળના અવશેષો ઉત્ખનન કરવાની શરૂઆત યુરોપમાંથી થઇ, જયારે ભારતમાં એ દિશામાં સૌથી પ્રથમ કાર્ય બ્રુસફૂટ નામના વિદ્વાને કર્યું હતું. નૂતનયુગના માનવીઓ પોતાના પૂર્વજોના પ્રાગૈતિહાસિક કાળના કાર્યો જાણવા આતુર હતા,આથી અનેક સ્થળોએ  ઉત્ખનન થયા અને દટાયેલા ભગ્નાવશેષ પણ પ્રાપ્ત થયા જેનાથી ભારતના ઇતિહાસની ક્ષિતિજ રેખા લંબાઈ હતી.

ભારતભરમાંથી થયેલા ઉત્ખનનોમાંથી અનેક મૂર્તિઓ, મંદિરો, રમકડાં, આભૂષણો અને અનેક વસ્તુઓ મળી છે,જે પ્રાચીન ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયક નીવડી છે. જેમકે સિંધુ સંસ્કૃતિમાંથી પ્રાપ્ત રમકડાંઓ અને આભૂષણો વગેરે. જયારે સિંધુ સંસ્કૃતિની નગર યોજનાના વિષયમાં આપણને હડપ્પા, મોહેજોદડો, કાલીબંગા, લોથલ, સુરકોટડા, ધોળાવીરામાંથી અગણિત અને આશ્ચર્યજનક માહિતી મળે છે. એટલે જ ડૉ.પુસાલકર લખે છે કે “મોહેંજોદડોના અવશેષો જોવાવાળા દર્શક પ્રાચીન નગરની સ્વચ્છતા અને નગર નિર્માણની અદ્વિતીય કલાને જોઈ આશ્ચર્યચકિત બની જાય છે” એ જમાનામાં આવી અનેરી વ્યવસ્થા અને જાણકારી હતી.

ધોળાવીરામાંથી એક સાઈનબોર્ડ પ્રાપ્ત થયું છે જે સંસારના પ્રાચીનતમ સાઈનબોર્ડ માનું એક ગણાય છે,જેના પર હડપ્પા લિપિના દશ ચિન્હો અંકિત છે.

### 1.3.2 અભિલેખો :

જયારે ઇતિહાસની કોઈ કડી ખૂટતી હોય કે સાહિત્યિક સામગ્રી એ વિશે મૌન સેવતી હોય એવા સમયે અભિલેખોનો સહારો લેવામાં આવે છે. આ અભિલેખો ભારતભરમાં શિલાઓ,સ્તંભો,દીવાલો અને તામ્રપત્ર પર કોતરાયેલા છે. આ સમયના મોટાભાગના શિલાલેખોની ભાષા સંસ્કૃત,પાલી,પ્રાકૃત અથવા મિશ્રિત છે. મોટાભાગના શિલાલેખો બ્રાહ્મી લિપિમાં કોતરાયેલા છે, જે ડાબી બાજુથી જમણી બાજુમાં લખાયેલા છે. ખરોષ્ઠી લિપિના લેખો જમણી બાજુથી ડાબી બાજુ અરબી ને ફારસીની જેમ લખાયેલા છે.

અભિલેખોમાંથી કોઈ રાજવીના દાન, વિજય કે પ્રશસ્તિ કે વિસ્તારની જાણકારી મળે છે.આ અભિલેખો તિથિઓ અને સમય નક્કી કરવા માટે ખૂબ મહત્વના છે.કોઈવાર અભિલેખો વિદેશ બહારના સંબંધો પણ દર્શાવે છે,જેમ કે એશિયા માઈનર તુર્કીનો બોગોજકોઈનો ઇ.સ.પૂર્વે ૧૪૦૦નો લેખ જેમાં ઋગ્વેદના દેવતાઓનો ઉલ્લેખ છે, તથા તે આર્યોના સંક્રમણનો પણ અભિલેખીય પુરાવો છે.

અભિલેખોમાંથી ગુપ્તકાળનો ઈતિહાસ વધુ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે,સમુદ્રગુપ્તના પ્રયાગ પ્રશસ્તિના સ્તંભ લેખ ઉપરથી તેની વંશાવળી અને તેના જીવનચરિત્ર અને પરાક્રમોનો ખ્યાલ મળે છે. સ્કંદગુપ્ત અને રુદ્રદામાના જૂનાગઢના અભિલેખમાંથી સુદર્શન તળાવના જીર્ણોદ્ધારની વાત જાણવા મળે છે. ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના ઉદયગિરિના ગુફાલેખથી તેના દિગ્વિજયની

માહિતી મળે છે. ભાનુગુપ્તના એરણના લેખ પરથી યુદ્ધમાં તેના મિત્ર ગોપરાજની વીરગતિની અને તેની પત્ની સતી થયાની માહિતી મળે છે.

પ્રો.રેપ્સન એટલે જ કહે છે કે અભિલેખ જે સમય અને જે દેશના હોય છે, તે સમય અને દેશની રાજનૈતિક, સામાજિક, આર્થિક પરિસ્થિતિઓનું જ્ઞાન મેળવવામાં વધારેમાં વધારે ઉપયોગી નીવડે છે.

### 1.3.3. સિક્કાઓ :

સિક્કાઓ પણ ઈતિહાસ લેખનમાં એક મહત્વનું આધારસાધન ગણાયા છે, સિક્કા પરથી રાજાના નામ ઉપનામો, વર્ષ વગેરેની માહિતી મળે છે. સિક્કાઓ સોનાના ચાંદીના,તાંબાના અને અન્ય ધાતુના જેના ઉપર કંઈક લખાણ અને ચિત્રો કોતરાયેલા હોય છે જે રાજ્યની આબાદીનો નિર્દેશ કરે છે. અને સાથે સાથે સાલ સંવત હોય છે,તેથી કોઈક રાજવીનો સમય અને આર્થિક સ્થિતિ સિક્કા ઉપરથી માલુમ પડે છે.પ્રાચીન ભારતના અનેક રાજવીઓનો ઈતિહાસ સિક્કા પરથી ખૂબ જ સારા પ્રમાણમાં જાણી શકાયો છે.જેમકે કનિષ્ક,સમુદ્રગુપ્ત,ગૌતમીપુત્ર શાતકરણી,ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય.

જોકે સિક્કાઓને આધારે લેવાયેલો નિર્ણય ક્યારેક ભ્રમમાં નાંખે છે.તેથી સિક્કાનો આધાર સાધન તરીકે ઉપયોગ કરતા પહેલા સતર્ક રહેવું જરૂરી છે જેમ કે કોઈ સિક્કો જ્યાંથી મળે ત્યાં તે રાજવીનું શાસન કે વેપાર હોવાનું ક્યારેક ભૂલભરેલું પણ નીકળે. જેમકે દક્ષિણ ભારતમાં રોમન સિક્કાઓ મળ્યા છે પણ ત્યાં ક્યારેય રોમન શાસન નહોતું પણ તે અહીંના માલ સામાનની બદલીમાં આયાત નિકાસમાં આવ્યા હોય. સિક્કાઓમાં ધાતુનું પ્રમાણ જે તે સમયની આર્થિક પરિસ્થિતિ દર્શાવે છે.

### 1.3.4 સ્મારકો :

પ્રાચીન ઈમારતો અને જેના ભગ્નાવશેષો પણ ઈતિહાસ લેખનના આધારસાધન તરીકે ખપમાં આવે છે.જોકે તેનો રાજકીય ઈતિહાસ સાથે સીધો સંબંધ નથી પણ જે તે કાળની કળા અને સ્થાપત્યના એ પુરાવાઓ છે. જેમ કે કોઈ મંદિર, સ્તુપ, વિહાર રાજા અને પ્રજાની કોઈ ને કોઈ બાબત દર્શાવતા હોય છે. જેના ઉપરથી જે તે સમયની વાસ્તુકળા અને શિલ્પકળાનો ખ્યાલ મળે છે, જ્યાં જ્યાં પરદેશમાં જાવા, કંબોડિયા, બોરોબુદુરમાં આ પ્રકારના સ્મારકો કે મંદિરો મળ્યા તે ભારતીય સંસ્કૃતિનો ફેલાવો અને નિષ્ક્રમણ બતાવે છે. આ ઉપરાંત કોઈ કોઈ ગુફાઓ અને તેમની અંદર રહેલી મૂર્તિઓ અને ભીંત ચિત્રો પણ ઇતિહાસની કોઈને કોઈ જોડતી કડી સમાન રહ્યા છે, જેમ કે અજંતાની ગુફાઓના ચિત્રો અને બાઘની ગુફા વગેરે.

---

### 1.4 સારાંશ:

---

પ્રાચીન ભારતના ઈતિહાસને જાણવાના આ બધા સાધનો છે પણ  આધુનિક ઈતિહાસ લેખનની તુલનામાં આ સાધનો પૂર્ણપણે ઐતિહાસિક ગણી શકાય તેમ નથી,આથી ઈતિહાસકારો કે સંશોધકોએ આ સામગ્રીનો ઉપયોગ પોતાની વિવેક બુદ્ધિથી જ કરવો જોઈએ,આ માટે તેમણે અલંકારો,અતિશયોક્તિઓ અને શબ્દોની માયાજાળ દૂર કરીને જ આ સાધનો વાપરવા જોઈએ.

આ સાધનોને ઈતિહાસકારોએ કઠોર અને તટસ્થ પરિશ્રમ કરીને ભારતનો વાસ્તવિક અને પ્રમાણભૂત ઈતિહાસ લખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે અને હજુ કરી રહ્યા છે એ ઈતિહાસના સત્યને જીવાડવાના જ પ્રયત્નો ગણાવી શકાય.

આ બધા સાધનોને આધારે આપણે પ્રાચીન ભારતનો પ્રમાણભૂત ઈતિહાસ જાણી શક્યા છીએ,જોકે સાહિત્યિક સામગ્રીમાં દંતકથાનું પ્રમાણ વધારે છે એ આપણે ભૂલવું ન જોઈએ, અથવા જેમાં વાસ્તવિકતા કરતા આદર્શ સ્થિતિનું ચિત્રણ વધારે પ્રમાણમાં હોય એમ જણાય છે.

**તમારી પ્રગતિ ચકાસો** :

(ગ) પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાના પુરાતત્વીય સાધનો વિશે પાંચેક લીટીમાં લખો.

(ઘ) પ્રસ્તુત વિધાનો માંથી ક્યાં વિધાનો સાચા(√ ) છે અને ક્યાં ખોટાં(X)તે નિશાનીથી જણાવો.

1. ધોળાવીરામાંથી એક પ્રાચીન સાઈન બોર્ડ મળ્યું છે.
2. જૂનાગઢમાં આવેલ અશોકનો શિલાલેખ અશોકના સામ્રાજયની વાત જણાવે છે.
3. બોગોજકોઈના શિલાલેખમાં ઋગ્વૈદિક દેવતાઓનો ઉલ્લેખ છે.
4. ગુપ્તોના ઇતિહાસમાં સિક્કાઓ એક સાધન તરીકે ખૂબ ઉપયોગી છે.
5. ગુફામાં કોતરાયેલા કે દોરાયેલા ચિત્રોને ઈતિહાસના સાધન તરીકે ઉપયોગમાં લઇ શકાય.

## 1.5 ચાવીરૂપ શબ્દો :

ઉત્ખનન = ઇતિહાસમાં ખોદકામ માટે ઉત્ખનન શબ્દ વપરાય છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**(ખ) 1 ખરૂં 2. ખોટૂં 3. ખોટૂં 4. ખરું 5. ખરું**

**(ઘ) 1 ખરૂં 2. ખરુ 3. ખરૂં 4. ખરૂં 5. ખરૂં**

## 1.7 સંદર્ભ :


1. ખન્ના કૈલાશ (હિંદી) ‘પ્રાચીન ભારત કા ઈતિહાસ’ દિલ્હી,પ્રથમ આવૃત્તિ, ઇ.સ.૨૦૦૮.
2. ખાચર પ્રદ્યુમ્ન ‘પ્રાચીન ભારતના વિદેશીયાત્રી’રાજકોટ, પ્રથમ આવૃત્તિ,ઇ.સ.૨૦૦૦.
3. ધારૈયા રમણલાલ ‘પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર’અમદાવાદ,પ્રથમ આવૃત્તિ,ઇ.સ.૧૯૬૩.
4. મજમુદાર આર.સી. ‘ગુપ્તકાલીન ભારત’ રાજ્યશાસ્ત્ર’અમદાવાદ,દ્વિતીય આવૃત્તિ,ઇ.સ.૧૯૮૮.
5. ત્રિપાઠી રમાશંકર (હિંદી) ‘પ્રાચીન ભારત કા ઈતિહાસ’દિલ્હી,પુનમુદ્રણ ,ઇ.સ.૧૯૮૮.
6. રાય ઉદયનારાયણ (હિંદી) ‘ગુપ્ત સમ્રાટ ઓર ઉનકા યુગ’ અલ્હાબાદ, પ્રથમ આવૃત્તિ,ઇ.સ.૧૯૭૧
7. શ્રીનેત્ર પાંડેય (હિંદી) ‘પ્રાચીન ભારત કા ઈતિહાસ’ અલ્હાબાદ,પુનમુદ્રણ ,ઇ.સ.૧૯૬૪.

# એકમ 2 પ્રાગૈતિહાસિકકાળ


- રૂપરેખા

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 માહિતીના સ્રોત

2.3 પ્રાગૈતિહાસિક પાષાણયુગો

2.3.1 પુરા પાષાણયુગ

2.3.2 મધ્ય પાષાણયુગ

2.3.2 નૂતન પાષાણયુગ

(ક) તમારી પ્રગતિ ચકાસો

2.4 સમાપન

2.5 ચાવીરૂપ શબ્દો

2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.7 સંદર્ભગ્રંથો


## 2.0 ઉદ્દેશો :

આ એકમ વાંચ્યા પછી તમને આ બાબતો સમજાશે.

ધરતી પર માનવનો પાદુર્ભાવ થયો ત્યારબાદ ક્રમશ: તેનો વિકાસ કેવી રીતે થયો.

- પોતાના જીવનની સુરક્ષા માટે તેણે શું કર્યું.
- જીવન જીવવાની કળાથી તે ક્રમશ: કેવી રીતે પરિચિત બન્યો.

## 2.1 પ્રસ્તાવના :

પ્રાગૈતિહાસિક યુગ એ મનુષ્ય જીવનની ઉત્ક્રાંતિની એવી પ્રાથિમક સ્થિતિ છે કે જેનું લેખિત વર્ણન ઉપલબ્ધ નથી. આ યુગના વૃતાંતને આધાર એ કાળની પુરાવસ્તુકીય સામગ્રી પર રહેલો છે. જેવા કે માનવે ઘડેલા પાષાણના ઓજારો, પ્રાણીઓના દેહાવશેષ, માનવે ઘડેલા વાસણો, ચિત્રાંકનો જેવી સામગ્રી પ્રાપ્ત થાય છે. આ યુગના મનુષ્યે ઉપયોગમાં લીધેલા ઓજારો પત્થરમાંથી બનેલા હોવાથી માનવવિકાસના આ તબક્કાને પાષણયુગના નામથી ઓળખવામાં આવે છે. આ પ્રકરણમાં માનવવિકાસમાં આવેલ પરિવર્તન માટે જે હજારો વર્ષોનો સમય લાગ્યો છે તેનો અભ્યાસ કરીશું.

## 2.2 માહિતિના સ્રોત :

માનવ જીવનના શરૂઆતના વિકાસ તબક્કાના ઇતિહાસની જાણકારી મોટેભાગે પુરાતત્વીય જેમકે પાષાણ ના ઓજારો વાસણો અને ચિત્રાંકનોમાંથી જ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત સામગ્રી ઉત્ખનનોથી પ્રાપ્ત થયેલ છે. આ સામગ્રીનો C-14 ટેસ્ટ ધ્વારા સમય પર નક્કી કરાયેલ છે. જે

મુજબ 'પાષાણકાળ' કે 'અશ્મયુગનો' સમયગાળો ઓછામાં ઓછા બે અઢી લાખ વર્ષનો ગણાય છે.

## 2.3 પાષાણયુગીન સસ્કૃતિ

અંગ્રેજીમાં Paleolithic Age કહેવામાં આવે છે. એમાં Paleo "પૈલિયો" મૂળ ગ્રીક શબ્દ છે તેનો અર્થ પ્રાચીન (જૂનું થાય છે. જયારે lithic "લિથિક" શબ્દનો અ્રથ પત્થર થાય છે. એટલા માટે પેલિયોલિથિક એવા શબ્દનો અર્થ પુરાપાષાણયુગ થાય છે. પુરાતત્વ વિદ્વાનોએ આ કાલખંડને બે લાખ વર્ષો પૂર્વના અત્યંત નૂતનયુગનું નામ આપે છે. કેટલાક વિદ્યાનો એ બે પાષાણયુગોની વચ્ચે મધ્યપાષાણયુગ નામે ત્રીજો યુગ ઉમેરે છે. આમ પ્રાચીન, મધ્યકાલીન અને અંત્ય અથવા નૂતન એવા ત્રણ તબક્કા જોવા મળે છે. માનવજીવનના આ ત્રણેય તબક્કાઓમાં શરૂઆતનો તબક્કો હિમયુગીન હતો. હિમાલયના તળપ્રદેશ કાશ્મીરમાંથી પ્રાપ્ત સાધનો આ બાબત સિધ્ધ કરે છે.

આવા રતનયુગમાં પહાડની મોટી મોટી શિલાઓની અંદર રહીને માનવ પોતાની સુરક્ષા માટે મોટા મોટા પત્થરના ઓજારોનો જ ઉપયોગ કરતા હતા. તેમ છતાં ઓજાર બનાવવાની કાચી સામગ્રી જુદા જુદા વિસ્તાર પ્રમાણે અલગ અલગ મળી આવી છે. જેમ કે મહારાષ્ટ્રમાંથી બેસલ્ટના ઓજારો અને કર્ણાટકમાંથી પ્રાપ્ત ચુનાના પત્થરના ઓજારો આ ઓજારોને ઘડવાની પધ્ધતિ અને પ્રગતિને આધારે પેલિયોલિથિક સંસ્કૃતિઓને આપણે ત્રણ ભાગમાં વહેંચી શકીએ.

1. પ્રારંભિક અથવા પુરા પાષાણયુગ (Early Paleolithic Age)
2. મધ્ય પાષાણયુગ (Middle Paleolithic Age/ Mesolithic Age)
3. ઉચ્ચ અથવા નૂતન પાષાણયુગ (Upper Paleolithic Age)

### 2.3.1 પુરા પાષાણયુગ

ભારતના જુદા જુદા વિસ્તારોમાંથી મળેલા પુરતા પાષાણયુગીન ઓજારોનો અભ્યાસ કરતાં જણાય છે કે આ સંસ્કૃતિ ભારતીય ઉપખંડની સંપૂર્ણ લંબાઈ અને પહોળાઇમાં ફેલાઈ હતી. ઉત્તરમાં કાશ્મીરખીણ અને કાલ પાકિસ્તાનના રાવલપિંડની સોહન ખીણમાંથી પ્રાચીન પત્થરના ઓજારો મળી આવ્યા છે. રાજસ્થાનની લુણી નદી તટથી પ્રાચીન ઓજારો મળ્યા છે તો ગુજરાતના વિજાપુર તાલુકામાંથી રોબર્ટ બુસફૂટને 1893માં મળેલા તેવી જ રીતે સાબરમતી નદીના પટમાંથી પણ આવા ઓજાર પ્રાપ્ત થયેલા આવી જ રીતે 1941માં લાંઘણમાંથી અને કાળક્રમે મહીનદીની ભેખડોમાંથી, સૌરાષ્ટ્રમાંથી, કચ્છ, વલસાડ અને ડાંગમાંથી આવા ઓજારો મળી આવેલ છે. મહારાષ્ટ્રમાં નેવાસા નદી પાસેથી, તાપી નદીના પટ પાસેથી, મધ્યપ્રદેશના ભોપાલ પાસેના ભીમબેટકા પાસેથી પુરાપાષાણયુગીન ઓજારો પ્રાપ્ત થયા છે.

આ ઓજારોમાં મુખ્યત્વે હાથની કુહાડી અને કાપવાના ઓજાર રૂપે છે તે મોટે ભાગે અણઘડ અને વજનદાર છે. સમય જતાં આ ઓજારો હલકા અને તીક્ષ્ણ બનવા લાગ્યા આ ઓજારોનો ઉપયોગ મુખ્યત્વે ઝાડ કાપવા, ચીરવા માટે થતો. અન્ય ધારિયા જેવા ઓજારો મળેલ છે. જેનો મુખ્યત્વે ઉપયોગ કાપવાના કામ માટે થતો, બુરિન પાતળી ખપસી કે પતરી જેવું હથિયાર હતું.

તેનો ઉપયોગ પત્થર, હાડકાં અથવા પાતળી શિલાઓ ઉપર કોતરકામ માટે થતો. છોલવાના ઓજારો પણ પાતળી ખપસીમાંથી બનતાં જેનો ઉપયોગ વૃક્ષની છાલ તેમજ પશુઓની ચામડી મેળવવા માટે વપરાતાં હતા.

ઉત્તર, પશ્ચિમ અને મધ્યભારત સિવાય પૂર્વમાં આસામ ગારોપહાડી (મેઘાલય) બંગાળ, ઓરિસ્સા અને બિહારના અનેક સ્થળોએથી પાષાણયુગીન ઓજારો પ્રાપ્ત થયા છે. તો વળી દક્ષિણ ભારતના આંધ્રપ્રદેશ, તમિલનાડુ, અહિરમક્કમ અને કર્ણાટકમાંથી પણ આવા ઓજારો મળી આવ્યા છે. પ્રાચીન પાષાણયુગની આજીવિકાનો મુખ્ય આધાર પશુઓનો શિકાર અને દૂધ તથા કંદમૂળ જેવી ખાદ્ય સામગ્રી એકઠી કરવા પર હતો. બીજા શબ્દોમાં કહીએ તો તે યુગના લોકો મુખ્યત્વે શિકારી અને સંગ્રહકર્તા હતા પરિણામે ભટકતું જીવન જીવનાર આ લોકોનો કોઈ સ્થાયી વસવાટ ન હતો.

ઉપરોકત હકીકતના આધારે કહી શકાય કે ઇતિહાસના પૂર્વકાળના પ્રાચીન પાષાણયુગની સંસ્કૃતિ લગભગ સમસ્ત ભારતીય ઉપખંડમાં વિસ્તરેલી હતી. આ એજારોનો અભ્યાસ કરતાં જણાય છે કે તેને બનાવવાની આવડત વિકસતાં શ્રેષ્ઠ સાધનો મળવાનો રસ્તો પ્રશસ્ત થયો.

### 2.3.2 મધ્ય પાષાણયુગ

મેસોલિથિક શબ્દ બે શબ્દો મંસો અને લિથિકના સંયોજન થી બનેલો છે. ગ્રીક ભાષામાં મેસોનો અર્થ છે મધ્ય અને લિથિકનો અર્થ છે પત્થર, અર્થાત મધ્યપાષાણયુગને મેસોલિથિકયુગ તરીકે ઓળખવામાં આવે છે. આ કાળ પ્રાચીન પાષાણયુગ અને નવપાષાણયુગના મધ્યકાળનો સક્રેમકાળ કહી શકાય. પુરાતત્વીય શોધખોળોના આધાર પર ભારતીય ઉપખંડમાં મધ્યપાષાણયુગનો પ્રારંભ ઈ.સ. પૂર્વના 10,000 વર્ષની આસપાસનો મનાય છે.

આ સમયગાળામાં તાપમાન વધવાથી વાતાવરણમાં ગરમી વધી. આ પરિવર્તનને લીધે હીમયુગવાળો બરફ પીગળવા લાગ્યો. જેને લીધે વનસ્પતિ અને ભોજન સંગ્રહ હકના રૂપમાં જ હતો પરંતુ હવે તે ભેદધ્વતિપાલન અને જાનવરોને પાળવાનું પણ શરૂ કરી દીધું હતું. ભીમબેટકા (ભોપાલ, મ.પ્ર.) માં શિલાઓ પર આ યુગમાં કરવામાં આવેલ ચિત્રકામથી એમનામાં ઉત્પન્ન થયેલ કલાત્મકરૂચિનો સંકેત મળી રહે છે. આ યુગમાં મળતાં ઓજાર અગાઉનાં ઓજારો કરતાં નાનાં અને વધુ સારાં ઘડેલા છે. એ પતરીઓ કે સપાટ ઉપલોમાંથી બનાવેલા છે. આવા ઓજાર વાપરનાર માનવ હવે ચામડાનાં ---- કે વલ્કલ પહેરતો થયો હતો અને દૂરથી પ્રાણીઓનો શિકાર કરવા લાગ્યો હોય એવું માલૂમ પડે છે. આ ઓજારો ભૌમિતિક એટલે કે ત્રિકોણ, અર્ધચંદ્રકાર અને લંબચોરસ હતા. આમાંના કેટલાક ઓજારો તીર અને ભાલા બનાવવા માટે બાંધવા કે તેમાં બેસાડી શકાય તેવા હતા.

આવા ઓજારો ભારતના સમગ્ર ભાગમાંથી પ્રાપ્ત થયો છે. ગુજરાતના લાંઘણજ મધ્યપ્રદેશના ભીમબેટકા, ઉત્તરપ્રદેશમાં ચોપાલમાંડો (જિ. બર્દવાન) કર્ણાટકમાં સંગના કલ્લુ (જિ. બેલ્લારી) અને દક્ષિણ તમિલનાડુમાં તૂતીકોરીન પાસેથી મળી આવ્યા છે.

મધ્યપાષાણયુગના લોકો પોતાનું જીવનચક્રના શિકાર અને સંગ્રહ થકી કરતા હતા. આ યુગમાં તેમની શિકારની રીતભાતમાં થોડોક ફેરફાર થવા પામ્યો હતો. મોટાં જાનવરોની જગ્યાએ નાનાં-

નાનાં પશુ પક્ષીઓનો શિકાર થવા લાગ્યો હતો. એના માટે ધનુષ્યબાણ અને ભાલાથી હુમલો કરવામાં આવતો. આ ઉપરાંત મત્સ્યપાલન તથા પક્ષીઓના શિકારને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. પાલતું પશુઓ જેવા કે ઘેંટા, બકરા, ભેંસ, ભૂંડ, સાંઢ, કુતરા, દરિયાઈ ઘોડા, દેડકા, માછલાં, શિયાળ અને ગરોળી જેવાં પશુ- પક્ષીઓના અવશેષો મધ્યકાળના પાષાણયુગીન સ્થળોએથી મળી આવ્યા છે.

### 2.3.3 નૂતન પાષાણયુગ

પ્રાચીન પાષાણયુગનો માનવ આ યુગમાં શિકાર તથા ધાન્યની શોધમાં ઠેકઠેકાણે ભટકતો ને આગળ જતાં એક સ્થળે સ્થાયી જીવન જીવવા લાગ્યો. પરંતુ ધાન્ય માટે એ કુદરતે ઉગાડેલા ધાન્ય પર જ આધાર રાખતો, સમય જતાં એ પોતે ધાન્યનું મોસમી ઉત્પાદન કરતો થયો. આ સાથે જળના વાર્ષિક સંગ્રહ માટે તે નદી કિનારે ગ્રામવાસી સ્થાયી જીવન જીવતો થયો. જંગલભ્રમણ કરતો માનવ આ યુગમાં ગ્રામવાસી બન્યો. તમામ પશુઓ અખાદ્ય લાગતાં કેટલાક પશુઓને પાળીને પોતાના કામમાં ઉપયોગમાં લેવા લાગ્યો. આ યુગમાં કૃષિ અને પશુપાલનની શરૂઆત થઈ.

ભારતમાં આ વિકસીત સંસ્કૃતિના અવશેષ આંધ્રપ્રદેશના રેનીગુંટામાંથી પ્રાપ્ત થયા છે. આ જ વિસ્તારના બેટમચર્લામાંથી અનેક હાડકાના ઓજારો પણ પ્રાપ્ત થયા છે. જેમાંના મોટા ભાગના ચૂલો ફૂંકવાની ફૂંકની તરીકે બનાવવામાં આવેલ છે. કર્ણાટકમાં ખાસ કરીને શોરાપુર અને બીજાપુર જિલ્લામાંથી આવા અનેક સ્થાન મળ્યા છે. આ સંસ્કૃતિના સ્થળો ગુજરાતના સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી પ્રાપ્ત થયેલ છે.

આ સ્થળેથી મળેલા અવશેષો મુખ્યત્વે બે પ્રકારના છે. (1) પત્થરમાંથી ટાંકેલા, ઘસેલા અને પોલિશ કરેલા (pecked) અને (2) અપખંડિત (chipped) નાના પત્થરના ઓજારો, વાસ્તવમાં પહેલા પ્રકારના ઓજારો ખાદ્ય ઉત્પાદન અને પશુપાલન પ્રારંભિક અવસ્થા સાથે જોડાયેલ છે. જયારે બીજા પ્રકારના ઓજારો મધ્યપાષાણકાળથી જ વપરાશમાં હતા તેમાંના છે. વાસ્તવમાં નવ પાષાણયુગમાં ધાતુના જ્ઞાનનો અભાવ જોવા મળે છે. જો કે કયાંક કયાંક નહિવત તાંબાનો ઉપયોગ ઓજારોમાં દેખાય છે.

આ યુગનો માનવી આત્મનિર્ભર બન્યો. આ સમયમાં ખેતીની શોધ અને શરૂઆત થઈ તેના માટે પશુઓના ઉપયોગની જાણકારી પ્રાપ્ત કરી અને પ્રાથમિક અવસ્થામાં ગ્રામ્યસંસ્કૃતિની શરૂઆત થઈ. પરિણામે તેમની જનસંખ્યામાં પણ વૃધ્ધિ થવા લાગી. વસ્તી વધતાં ગામડાં વધુ મોટા થવા લાગ્યા. જેને 'નવપાષાણક્રાંતિ ' પણ કહી શકાય. આ યુગમાં વન્યઉપજ એવા ઘઉંની ખેતી પધ્ધતિસર શરૂ થઈ. જંગલી પશુ એવા ભેંસ, બળદને પાલતુ બનાવવામાં આવ્યા. ગ્રામજીવન પધ્ધતિને કારણે માટીના વાસણો બનાવવાની કલા પણ આ યુગના માણસોએ વિકસાવી અને સૌપ્રથમ અર્થવ્યવસ્થાની શરૂઆત કરી.

ગુજરાતના મહેસાણા જીલ્લાના લાંઘણજમાંથી અને તાપીના તટપ્રદેશમાં અને તાજેતરમાં ડાંગ વિસ્તારમાં આ યુગના ઓજારો જૂજ પ્રમાણમાં પ્રાપ્ત થયા છે.

ટૂંકમાં માનવે પાષાણયુગમાં ઓજાર ઘડવાથી હુન્નરકલાથી માંડીને કૃષિ અને પશુપાલન સુધીના પ્રગતિ સાધી. આ માનવોઓ ચિત્રો દોર્યા પણ લેખનકલા શોધી શકયો ન હતો. આથી જ પાષાણયુગોની માનવ સંસ્કૃતિનો ઐતિહાસિક કાળમાં સમાવેશ ન કરતાં એને પાગૈતિહાસિક કાળ ગણવામાં આવે છે.

### (ક) તમારી પ્રગતિ ચકાસો

1. **નીચેના વિધાનો વાંચી તે સાચો છે (√) કે ખોટાં (x) તેની નિશાની કરો.**

1. પાષાણ સંસ્કૃતિ કરતાં નગરસંસ્કૃતિ જૂની છે.
2. પાષાણયુગનો માનવી ભાલા વડે શિકાર કરતો હતો.
3. સમયનિર્ધારણ કરવા માટે C-40 ટેસ્ટ કરવામાં આવે છે.
4. પત્થરયુગના ચિત્રો ભીમબેટકામાંથી મળી આવેલ છે.
5. પધ્ધતિ સરની ખેતી પૂર્વપાષાણયુગમા શરૂ થઈ.

2. પૂર્વ પાષાણકાળ દસેક લીટીમાં ઉત્તર લખો.

________________________________________________________________________________
________________________________________________________________________________
________________________________________________________________________________
________________________________________________________________________________

3. મધ્ય પાષાણયુગએ આધુનિક જીવનની શરૂઆત હતી ? દસેક લીટીમાં સમજાવો.

________________________________________________________________________________
________________________________________________________________________________
________________________________________________________________________________
________________________________________________________________________________

4. નૂતન પાષાણકાળ આપણી અર્થવ્યવસ્થાની શરૂઆત હતી ? દસેક લીટીમાં જણાવો.

________________________________________________________________________________
________________________________________________________________________________
________________________________________________________________________________
________________________________________________________________________________

### 2.4 સમાપન :

શરૂઆતનો માણસ પોતાના જીવન માટે પત્થરોનો ઉપયોગ કરતો હતો તે અવસ્થા કે સમયને પાષાણયુગ કહેવામાં આવે છે. ભારતીય વિદ્વાનોના મતે આજથી 5 લાખ વર્ષ પહેલા આ સ્થિતિ ભારતમાં હતી B.C. 5 લાખ વર્ષથી B.C. 2500 સુધીના કાલખંડને પાષાણયુગ તરીકે ઓળખવામમાં આવે છે. આ સમયને ત્રણ યુગોમાં વિભાજિત કરવામાં આવે છે. આરંભિક, મધ્ય અને નૂતન પાષાણ યુગ પૂરાપાષાણકાળમાં માનવ પત્થરોના ઉપયોગથી શિકાર કરતો અને ગુફાઓમાં રહેતો હતો. આ સમયમાં તેને અગ્નિની શોધ કરી અને તેના થકી તેને અન્ય કાર્યો પણ કર્યા. દ. ભારતની કુરનુરની ગુફાઓ, પુના - નાસિક ડાંગ કર્ણાટકનું હુસ્ગી વિસ્તાર વગેરેમાંથી આ સમયના પાષાણકાળના ઓજાર પ્રાપ્ત થયા છે. આ સમયના લોકોએ ગુફાઓમાં ચિત્રો પણ દોર્યા હતા. આ સમય લગભગ 1 લાખ વર્ષ સુધી ચાલેલો. ત્યારબાદ મધ્ય પાષાણકાળ ની શરૂઆત ભારતમાં ઈ.સ. 8000 થી 4000 સુધી ચાલી. આ સમયના લોકો

ગુફાઓમાં રહેતા હતા. પશુપાલનની શરૂઆત થઈ હતી. ખેતીની સાથે માછલી પકડવી, મધ એકઠું કરવું, શિકાર કરવો જેવી પ્રવૃત્તિઓ પણ આ સમયનો માણસ કરતો હતો.

નવપાષાણકાળમાં માનવજીવમાં નવા પરિવર્તનો આવ્યા. આ યુગ B.C. 4000 થી B.C. 2500 સુધી ચાલ્યો. આ યુગમાં માનવમસ્તિક પૂર્ણરૂપ વિકસ્ત ચૂકયું હતું. તેમના હથિયારો આધુનિક બન્યા. દક્ષિણભારત અને પૂર્વભારતમાંથી તેના અનેક અવશેષો પ્રાપ્ત થયા છે. આ યુગના માનવે ગ્રેનાઈટની પહાડીઓ અને નદી કિનારે વસવાનું શરૂ કર્યું. તેને બીજ રોપીને પરંપરાગત ખેતી કરવાનું જ્ઞાન વિકસાવી લીધું. તેનો સંગ્રહ કરતા શીખ્યો.

ચોખાં, જુવાર , બાજરી, ચણા જેવા અનાજને ખેતીથી ઉત્પન્ન કરતાં માણસ શીખ્યો. ખેતી અને પશુપાલનને લીધે ભટકતા જીવનની જગ્યાએ એક સ્થળે રહેવાનું સાથે રહેવાનું શરૂ થયું. ઘર બનાવવાની આવડત કેળવી, ભાષા સંગીત, ચિત્ર, ઇશ્વરપૂજા (સૂર્ય, આકાશ, પૃથ્વી, ગાય, સાપ) કરવા લાગ્યો. માટીના વાસણો બનાવી તેને ચિત્રોથી અલંકૃત કરવાની આવડત તેમાં ઉમેરાઈ અને આ રીતે નગરીય સંસ્કૃતિ પૂર્વની વિકાસ્ત અવસ્થા માનવજાતે કેળવી લીધી હતી.

## 2.5 ચાવીરૂપ શબ્દો :

| | |
|---|---|
| 1. પુરાવસ્તુ | 6.નવપાષાણક્રાતિ |
| 2. C-14 ટેસ્ટ | 7. પૂરાપાષાણયુગ |
| 3. બુરીન | 8. મધ્યપાષાણયુગ |
| 4. અવશેષો | 9. નૂતન પાષાણયુગ |
| 5. અપખંડિત | |

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

**(ક) નીચેના વિધાનોના સાચા ખોટાની નિશાની કરો.**

1. X
2. X
3. X
4. √
5. X

## 2.7 સંદર્ભગ્રંથો :

1.Thapar B. K : Recent Archaeological Discoveries in India
2.Mahajan V.D. : Ancient India
3.Basnam A. L. : The Wonder that was India
4.डो. वी. अेस. भार्गव : प्राचीन भारतीय इतिहास एवं संस्कृति
5.ડૉ. આર. કે. ધારૈયા : પ્રાચીન ભારતનો ઇતિહાસ
6.ભારતદર્શન- 1 (ઈતિહાસ આદિયુગ) જ્ઞાન ગંગોત્રી શ્રેણી - 22 સ.પ. યુનિવર્સિટી, વિદ્યાનગર.
7.ડૉ. આર. એન. મહેતા : ભારતનો પ્રાગૈતિહાસ

## એકમ- 3 હડપ્પીય સંસ્કૃતિ

**રૂપરેખા :**

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 નગર આયોજન

3.2.1 મકાનો

3.2.2 રસ્તાઓ

3.2.3 ગટર યોજના

3.2.4 કોઠાર

3.2.5 જાહેર સ્નાનાગાર

3.3 અર્થતંત્ર

3.3.1 ખેતી

3.3.2 પશુપાલન

3.3.3 વેપાર ઉદ્યોગ અને ધંધા-વ્યવસાય

3.3.4 વિનિમયની પદ્ધતિ

3.3.5 વાહનવ્યવહાર

3.3.6 વિદેશ વેપાર અને આયાત-નિકાસ

3.3.7 આજીવિકા

3.4 સમાજ

3.4.1 ખોરાક

3.4.2 પોશાક

3.4.3 સમાજવ્યવસ્થા

3.4.4 ભાષા અને લિપિ

3.4.5 ઓજારો અને હથિયારો

3.4.6 મનોરંજનના સાધનો

3.4.7 વાસણો

3.5 ધર્મ

3.5.1 પ્રકૃતિના વિવિધ તત્વોની પૂજા

3.5.2 પૂજાવિધિ અને ધાર્મિક માન્યતાઓ

3.5.3 પૂજા સ્થાનકો

3.5.4 અંતિમ સંસ્કારની વિધિ (શબની દફનવિધિ ક્રિયા)

3.6 પતન

3.6.1 ભયંકર પૂર અથવા ધરતીકંપ

3.6.2 કેટલીક નદીઓનો જળમાર્ગ બદલાતા તેમજ નદીઓ સૂકાઈ જવું.

3.6.3 જંગલી લોકોના આક્રમણ

(ક) તમારી પ્રગતિ ચકાસો

3.7 સારાંશ

3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.9 સંદર્ભગ્રંથો

---

**3.0 ઉદ્દેશો :**

---

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમને જાણવા મળશે કે

આ સંસ્કૃતિના લોકો રહેતા તે નગરની ગલીઓ કે શેરીઓ રસ્તાઓ કેવા હતા ?

આ સંસ્કૃતિના લોકો વસવાટ કરતા તે નગરોના રસ્તાઓ કેવા હતા ?

આ સંસ્કૃતિના લોકો વસવાટ કરતા તે નગરોની ગટર રચના કેવી હતી ?

આ સંસ્કૃતિના લોકોના જાહેર કે સાર્વજનિક મકાનો અને સ્નાનાગાર કેવા હતાં?

હડપ્પા નગરોના અર્થતંત્રની લાક્ષણિકતાઓ.

હડપ્પા સભ્યતામાં પ્રવર્તમાન ઉદ્યોગ-ધંધા અને વ્યવસાય..

હડપ્પા નગરોનો વિદેશ-વેપાર કયા દેશો સાથે હતો.

હડપ્પા સભ્યતામાં આયાત-નિકાસ કઈ કઈ ચીજ-વસ્તુઓની થતી હતી.

હડપ્પા સભ્યતામાં આંતરદેશીય અને આંતરપ્રદેશીય વાહનવ્યવહાર કેવા પ્રકારનો હતો.

હડપ્પાની પશ્ચિમ એશિયાની સભ્યતાના સમકાલીન પ્રદેશોની વટાવ અને વિનિમય પદ્ધતિની માહિતી.

તેઓના ખોરાક અને ખાનપાનની રીતો.

તેમના દ્વારા ઉપયોગમાં લેવાતા વાસણો અને અન્ય પાત્રો.

તેમનો પહેરવેશ અને વસ્ત્રોની બનાવટ.

તેમના શૃંગાર અને આભૂષણો.

તેમના મનોરંજનના સાધનો.

તેમની સમાજ વ્યવસ્થાનું સ્વરૂપ.

---

**3.1 પ્રસ્તાવના :**

---

ભારતના ઈતિહાસનો ખ્યાલ બદલનાર હડપ્પીય સંસ્કૃતિની શોધખોળ એ એક મોટો ઐતિહાસિક બનાવ છે. આ સંસ્કૃતિની શોધ થયા પછી ભારતીય ઈતિહાસની ફેરવિચારણા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. કારણ કે, હડપ્પીય સંસ્કૃતિની શોધ થઈ તે પહેલાં ભારતનો ઈતિહાસ વેદયુગથી એટલે કે આશરે ઈ.સ.પૂર્વે 1200ની આસપાસના સમયથી શરૂ થતો હતો. તેને સ્થાને

હવે વેદયુગની સંસ્કૃતિ પૂર્વે આશરે ઈ.સ.પૂર્વે 2500ની આસપાસના સમયમાં થઈ ગયેલી હડપ્પીય સંસ્કૃતિ ભારતીય ઈતિહાસનું પ્રારંભબિંદુ બને છે. એ રીતે આ પ્રકરણ મહત્વનું છે. જોકે આ સંસ્કૃતિના અવશેષીય પુરાવાઓમાંથી મળી આવેલ લિપિ હજી સુધી ઉકેલી શકાઈ નથી. એટલે હડપ્પીય સંસ્કૃતિનો મોટાભાગનો ઈતિહાસ લખવા માટે અનુમાનોનો આશરો લેવો પડે તેમ છે. તેમ છતાં પણ કેટલાક પુરાવાઓને આધારે નક્કર રજૂઆત કરી શકાય તેમ છે તે નોંધનીય છે. આમ ભારતના ઈતિહાસને બે થી ત્રણ હજાર વર્ષ પૂર્વે લઇ જવાનું કામ આ હડપ્પીય સંસ્કૃતિની શોધખોળે કર્યું છે. તેથી પ્રત્યેક ભારતીય માટે આ ઈતિહાસની જાણકારી આવશ્યક બને છે.

વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓ પૈકીની એક એવી આ હડપ્પીય સંસ્કૃતિની શોધનો ઈતિહાસ જોઈએ તો ઇ.સ.1856માં કરાંચીથી લાહોર રેલ્વે લાઈન દરમિયાન ખોદકામ કરતાં અવશેષો પ્રાપ્ત થયા તે સ્થળ હડપ્પા હતું. વિશ્વની મોટાભાગની સંસ્કૃતિઓ નદી કિનારે વિકસી હતી, તેવી રીતે આ સંસ્કૃતિ પણ સિંધુ નદી અને તેની અનેક શાખા પ્રશાખાઓમાં વિકસી હતી. તેથી તેને સિંધુખીણની સંસ્કૃતિના નામે પણ ઓળખવામાં આવે છે. પરંતુ આ સંસ્કૃતિનું સૌપ્રથમ સ્થળ હડપ્પાનગર શોધાયું હોવાથી આ સંસ્કૃતિનું હડપ્પીય સંસ્કૃતિ એવું નામાભિધાન કરવામાં આવ્યું હતું. હડપ્પા એ હાલમાં પાકિસ્તાનમાં પંજાબપ્રાંતમાં મોન્ટગોમરી જિલ્લામાં રાવી નદીને કિનારે આવેલું છે.

આ સંસ્કૃતિની શોધના સમયગાળાનો ક્રમશ: ઈતિહાસ સાંપડે છે. ઇ.સ.1921માં પુરાતત્વ વિભાગના મહાનિર્દેશક સર જ્હોન માર્શલના નેતૃત્વ હેઠળ દયારામ સહાનીએ હડપ્પા સ્થળનું ખોદકામ કરાવ્યું હતું. ઇ.સ. 1922માં શ્રી રખાલદાસ બેનરજીની આગેવાનીમાં પુરાતત્વ વિભાગની મદદથી વિશેષ ખોદકામ કરતાં અન્ય એક નગર મોહેં-જો-દડો મળી આવ્યું હતું. શ્રી ગોપાલ મજમુદારે ઇ.સ.1931માં ચન્હૂદડો સ્થળ શોધ્યું હતું. જ્યારે આઝાદી બાદ ઇ.સ. 1953-56 દરમિયાન શ્રી યજ્ઞદત્ત શર્માએ ભારતમાં પંજાબ પ્રદેશમાં સતલજ નદીને કિનારે રોપડ પૂર્વ હડપ્પા અને હડપ્પાકાલીન સંસ્કૃતિના અવશેષો શોધી કાઢ્યા હતા. ઇ.સ.1953માં શ્રી બી. બી. લાલ અને શ્રી બી.કે. થાપડે રાજસ્થાનમાં ઘગ્ઘર નદીને કિનારે કાલીબંગા નામનું સ્થળ શોધ્યું હતું. શ્રી રંગનાથ રાવે ભારતમાં ગુજરાતમાં 1953-54 દરમ્યાન ભાદર નદીને કિનારે રંગપુર નામના સ્થળે અને ઇ.સ. 1957-58 દરમિયાન અમદાવાદ જિલ્લામાં ભોગાવો નદીને કિનારે આવેલા લોથલ નામના નગરની શોધ કરી હતી. ઈ.સ.1964માં કચ્છ જિલ્લામાં સુરકોટડા ખાતે શ્રી જગપતિ જોષીએ આ સંસ્કૃતિના અવશેષો શોધી કાઢ્યા હતા. ઇ.સ.1973-74 દરમિયાન હરિયાણાના હિસ્સાર જિલ્લામાં અવોલા બનવાલી ખાતે શ્રી રવિન્દ્રસિંહ વિષ્ટે આ સંસ્કૃતિના અવશેષો શોધી કાઢ્યા હતા. આ મુખ્ય સ્થળો ઉપરાંત પણ અનેક નાના-મોટા સ્થળો મળી આવ્યા છે.

આ સંસ્કૃતિનો સમયગાળો કયો હશે તે બાબતે વિદ્વાનો એક મત ધરાવતા નથી. તેમ છતાં મુખ્ય બે મુખ્ય મતો નોંધનીય છે. એક તો સર જ્હોન માર્શલે આ સંસ્કૃતિનો સમયગાળો ઈ.સ.પૂર્વે 3250 થી ઈ.સ.પૂર્વે 2750 દર્શાવ્યો છે. જ્યારે રેડિયો એક્ટિવ કાર્બન - 14 પદ્ધતિ અનુસાર

ઈ.સ.પૂર્વે 2500 થી ઈ.સ.પૂર્વે 1750નો માનવામાં આવે છે. આ સંસ્કૃતિના નિર્માતાઓ કોણ હશે તે બાબતે પણ વિદ્વાનો જુદા જુદા મત ધરાવે છે. ગાર્ડન ચાઈલ્ડના મતાનુસાર-સુમેરિયન પ્રજા હતી, ડૉ. લક્ષ્મણ સ્વરૂપ અને રામચંદ્રના મતાનુસાર આ સંસ્કૃતિના પ્રણેતા આર્યો હતા. રખાલદાસ બેનરજીના મતાનુસાર દ્રવિડો જ્યારે હવીવરના મતાનુસાર ઋગ્વેદમાં વર્ણવેલા દસ્યૂ એ જ આ સંસ્કૃતિના નિર્માતા હતા. કુલ 12599,600 ચોરસ કિ.મી. ઉત્તરમાં જમ્મુથી દક્ષિણમાં નર્મદા સુધી અને પૂર્વે મકરાન સમુદ્ર કિનારેથી પશ્ચિમે મેરઠ (ઉત્તર પ્રદેશ) સુધી ફેલાયેલી આ સંસ્કૃતિ નગરીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ ધરાવતી હતી.

આ સંસ્કૃતિની લિપિ ઉકેલવામાં હજી સુધી સફળતા સાંપડી નથી. અને જો કદાચ તેમાં સફળતા મળે તો પણ તેના વિશે વધુ જાણકારી મળી શકે તેમ નથી કારણ કે તેમણે રચેલું સાહિત્ય લાકડા પર કે ચામડા જેવી નાશવંત વસ્તુ પર હોઇ તેથી તેનો નાશ થઇ ગયો હોય તે સ્વાભાવિક છે. વેડેલ, પ્રાણનાથ, પેટ્રી, હન્ટર, મેરીગ્ગી, શંકરાનન્દ, બરુઆ, કરમરકર તથા હેરાસ વગેરે વિદ્વાનોએ આ લિપિ ઉકેલ્યા અંગેનો દાવો પણ કર્યો છે. પરંતુ આધારભૂત દસ્તાવેજો અને પ્રમાણભૂતતાને કારણે તે સ્વીકાર્ય બન્યા નથી.

આ સંસ્કૃતિનું નગર આયોજન કેટલીક વિશેષતાઓ ધરાવતું હતું. તેના રસ્તાઓ, ગટરો, જાહેર અને ખાનગી મકાનો જેવી અનેકવિધ બાબતોનું આયોજન આ સંસ્કૃતિના લોકોનું અદભુત ઈજનેરી કૌશલ્ય દર્શાવે છે. સમગ્ર નગર રસ્તાઓ શેરીઓ કાટખૂણે વિભાજિત હતું. આ બધી બાબતો વિશે વિગતવાર ચર્ચા અત્રે પ્રસ્તુત છે. તેમની ભાષા અને લિપિનું સ્વરૂપ કોઇ લેખિત સાહિત્ય કે ધાર્મિક સ્મારકોના અભાવે આ સમયની ધાર્મિક પરિસ્થિતિ વિશે મળી આવેલા અવશેષોને આધારે જ અનુમાનો કરવા પડે તેવી પરિસ્થિતિ છે. કોઈ જ સ્થળે મંદિરના અવશેષો પ્રાપ્ત થયા નથી. કોઈ પણ લેખિત માહિતી વગર તેમની ધાર્મિક અને સામાજિક પ્રવૃતિઓનો ભેદ પાડવો મુશ્કેલ છે. તેથી આપણી વર્તમાન માન્યતાની સમાનતાને હડપ્પનોની ધાર્મિક માન્યતાઓ સમજવાનો પ્રયાસ કરીશું. આપણને કલ્પના થાય કે, હડપ્પીય સંસ્કૃતિના લોકો દેખાવમાં કેવા હશે ? તેઓ કપડાં કેવા પહેરતા હશે ? તેમને કાપડ વિશેનું જ્ઞાન હશે કે કેમ ? તેઓ ખોરાકમાં શું લેતા હશે ? તેઓના વાસણો કેવા હશે ? તેમને શૃંગારનો કે મનોરંજનનો શોખ હશે કે નહીં ? તેઓ કઈ ભાષા બોલતા હશે ? આ સભ્યતાનું પતન કેવી રીતે થયું તે બધી જ બાબતો વિશે મળી આવેલા અવશેષીય પુરાવાઓને આધારે જાણવા મળે છે.

### 3.2 નગર આયોજન:

હડપ્પીય સંસ્કૃતિના નગર આયોજનમાં નોંધપાત્ર રીતે વૈચારિક સમાનતા જોવા મળે છે એમ પુરાતત્વવિદો મોર્ટીમર વ્હીલર અને સ્ટુઅર્ટ પીગોટના મંતવ્યો છે. તેમના મતાનુસાર દરેક નગર બે ભાગમાં વિભાજિત હતું. એક ભાગમાં ઊંચો કિલ્લો હતો જ્યાં રાજ્યના શાસકો રહેતા હશે જ્યારે નગરના બીજા ભાગમાં સામાન્ય જનતા અને ગરીબો વસતા હશે.મકાનો, રસ્તાઓ, કોઠારો, સ્નાનાગાર વગેરેનું આયોજન હડપ્પા જેવું જ મોહેં-જો-દડોમાં જોવા મળે છે.

કોઈ પરદેશીઓએ આ સંસ્કૃતિના નગરો પર આક્રમણ કરીને તેના પર વિજય મેળવી નવું નગર બનાવ્યું હશે અને રાજકર્તાઓએ સ્થાનિક લોકોથી અલગ પોતાને ભવ્ય રીતે જુદા પાડવા માટે

અલગ કિલ્લાઓ બાંધ્યા હશે માટે આ પ્રકારનું આયોજન થયું હોય તેમ જણાય છે. તેથી આ પ્રકારની વૈચારિક એક્તા જોવા મળતી હોય તેમ માની શકાય. પરંતુ આવા વિચારો કે હડપ્પા સભ્યતા એકાએક ઉદભવી અને નગરોની આ પ્રકારના આયોજનની એક્તા નવા વિદ્વાનોને સ્વીકાર્ય નથી.

આ સંસ્કૃતિના નગરો નદીના પૂરના મેદાનો, રણપ્રદેશની સરહદ પર કે દરિયા કિનારે મળી આવ્યા છે. એનો અર્થ એ કે જુદા જુદા પ્રદેશમાં વસતા લોકોને કુદરતના વિવિધ પડકારોનો સામનો કરવો પડ્યો હશે. આવા વાતાવરણના રૂપાંતરને કારણે નગર આયોજન અને તેમની જીવનશૈલીમાં વિવિધતા દાખલ થઈ. હડપ્પા, મોહેં-જો-દડો અને કાલિબંગનની વસાહતોના આયોજનમાં કેટલીક સામ્યતા જણાય છે. આ શહેરોમાં પશ્ચિમ બાજુએ કિલ્લેબંધી અને શહેરની વસાહતનો નીચેનો ભાગ પૂર્વમાં આવેલો હતો. કિલ્લો માટીની ઈંટોના મોટા ઓટલા ઉપર બંધાયેલો હતો. આ કિલ્લામાં વિશાળ ઈમારતો હતી. કદાચ તે વહીવટી, ધાર્મિક કે અન્ય કોઈ ઉપયોગ માટે હોય તે સંભવ છે. નગરનો નિમ્નભાગ રહેણાંક માટેનું સ્થાન હતું. હડપ્પા અને મોહેં-જો-દડોમાં કિલ્લો  ઈંટોની દિવાલોથી ઘેરાયેલો હતો. કાલિબંગનમાં કિલ્લો અને નગરનો નિમ્ન વિસ્તાર  બન્ને દિવાલથી ઘેરાયેલા હતા. તેના રસ્તા ઉત્તર થી દક્ષિણ અને કાટખૂણે એકબીજાને છેદતા હતા. આ પ્રકારની મકાન વ્યવસ્થા અને રસ્તાઓનું આયોજન સુઆયોજિત નગરવ્યવસ્થાનો ખ્યાલ આપે છે. જો કે તે સમયના નગર આયોજકો પાસે સાધનોની મર્યાદા નજરે પડે છે. કારણ કે હડપ્પાના નગર આયોજન જેવું  જ નગર આયોજન મોહેં-જો-દડો અને કાલિબંગન ખાતે જોવા મળતું નથી. અહીંથી મળી આવેલા અવશેષીય સાધનોને આધારે સ્પષ્ટ થાય છે કે ત્યાં રસ્તાઓ એક હારમાંથી બીજી હારમાં  નથી.

મોહેં-જો-દડો નગર એક સપાટ એકમમાં બંધાયું ન હતું. ટૂંકમાં તે જુદા જુદા તબક્કામાં બંધાયું હતું. હડપ્પા અને મોહેં-જો-દડોમાં મકાનોમાં પાકી ઈંટો ઉપયોગમાં લેવાઈ હતી જ્યારે કાલિબંગનમાં માટીની ઈંટો ઉપયોગમાં લેવાઈ હતી. કોટ દિજી અને સિંધમાં અમરી શહેરને કિલ્લેબંધી ન હતી. ગુજરાતમાં લોથલ પણ આ રીતે અલગ પડે છે. તે લંબચોરસ વસાહત ઈંટોની દિવાલથી ઘેરાયેલી હતી. તેમાં અંદરના વિભાગો જેવા કે નિમ્નનગર કે કિલ્લેબંધી જોવા મળતા નથી. નગરની પૂર્વ બાજુએ ઈંટોનો ઓવારો આવેલો છે. તે પુરાતત્વવિદો બંદરના ગોદામ - ગોદી તરીકે ઓળખાવે છે. જ્યારે કચ્છના સુરકોટડામાં બે સરખા વિભાગ છે. આમ એક જ સંસ્કૃતિની નગરરચનામાં વૈવિધ્ય જોવા મળે છે. આ નગરોનું આયોજન અને તેના મકાનો, રસ્તાઓ, ગટર યોજના વગરે વિશે આગળ વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

**3.2.1 મકાનો:**

આ સંસ્કૃતિના અવશેષો પરથી જાણવા મળે છે કે અહીંના મકાનોના કદમાં વિધતા જોવા મળે છે. કેટલાક મકાનો મોટા તો કેટલાક નાના મકાનોના અવશેષો પ્રાપ્ત થાય છે. કેટલાક મકાનો એકજ ઓરડાના જોવા મળે છે તો કેટલાક મકાનો બાર ઓરડા સુધીના પણ મળી આવ્યા છે. એકજ ઓરડાના મકાનોમાં તદ્દન સામાન્ય પ્રકારના અથવા તો ગુલામ કે સેવા-ચાકરી કરતા મજૂર વર્ગની કક્ષાના લોકો વસતા હશે. જ્યારે મોટા મકાનોમાં રહેતા લોકો ધનિકવર્ગના હશે.

મોટા મકાનોમાં અંદર કૂવાઓ અને બાથરૂમ-સંડાસની વ્યવસ્થા જોવા મળે છે. આ પ્રકારના મકાનોનું આયોજન એકસમાન હતું.

દરેક મકાનની વચ્ચોવચ આંગણું હતું. મકાનનો મુખ્ય દરવાજો અને બારીઓ જાહેર માર્ગ તરફ નહીં પરંતુ અંદરની ગલી કે શેરીમાં રાખવામાં આવતા હતા. મકાનો ઇંટો અને પથ્થરનો ઉપયોગ કરીને બનાવવામાં આવતા. ઈંટોમાં પણ મોટી, મધ્યમ અને નાની એમ ત્રણ પ્રકારના માપની જોવા મળી છે. હડપ્પા અને મોહેન્જો દડોના મકાનોમાં પકવેલી ઈંટો વાપરવામાં આવી હતી જ્યારે કાલિબંગનમાં માટીની કાચી ઈંટો વાપરવામાં આવી હતી. મકાનો બનાવવામાં માટીની ઈંટો અને માટીનો ઉપયોગ થતો. આ સંસ્કૃતિના લોકો ચોક્કસ માપની પાકી અને કાચી ઈંટોના મકાન બનાવવામાં ઉપયોગ કરતા હતા. તેથી સ્પષ્ટ થાય છે કે મકાનમાલિક પોતાના માટે ઈંટો બનાવતા ન હતા પરંતુ ઈંટો બનાવવાનો વ્યવસાય હશે અને તેમના દ્વારા ઈંટો મળી રહેતી હશે.

મકાનોની દિવાલો બનાવતા પહેલાં પાયો ખોદવામાં આવતો જેમાં તૂટેલી ઈંટોનો ઉપયોગ કરવામાં આવતો જ્યારે બહારના ભાગમાં આખી ઇંટો વાપરવામાં આવતી. ચૂનો અને જીપ્સમ તેમજ માટીનો ઉપયોગ કરીને દીવાલો બનાવાતી. ઉપલા માળે જવા માટે પાકી ઈંટોની બનેલી સીડી (દાદર) હતી. છત ઉપરના વરસાદી પાણી નિકાલ માટેની અલગ વ્યવસ્થા હતી. ઘરનું ગંદુ પાણી જવાની નીક જાહેર ગટરની સાથે જોડાયેલી હતી અને તે રસ્તાઓની બાજુમાં હારબંધ હતી. હડપ્પા ખાતે મળી આવેલ મજૂરોના હોય તેવા જણાતા મકાનો સાત સાત ની સંખ્યામાં બે હરોળમાં આવેલા છે અને તેમાં ૩ થી ૪ ફીટ ની ગલીઓ છે. દરેક મકાનમાં એક આંગણું છે અને કેટલાક મકાનો એક રૂમના તો કેટલાક બે રૂમના બનેલા છે. આ બધાજ મકાનોની ફરતે એક દીવાલ કરી લેવામાં આવી છે અને તેની નજીકમાં જ સોળ ભઠ્ઠીઓ આવેલી છે જ્યાં ધાતુ ગાળવાનું કામ થતું હશે. મકાનોના બાંધકામમાં સુંદરતા કરતાં ઉપયોગિતા પર વિશેષ ધ્યાન આપેલું જણાય છે.

**3.2.2 રસ્તાઓ:**

રસ્તાઓ એકબીજાને કાટખૂણે છેદતા હતા. મુખ્ય માર્ગોની પહોળાઈ 33 ફીટની હતી જ્યારે અંદરના નાના માર્ગોની પહોળાઇ 10 થી 18 ફીટ જેટલી હતી અને ગલી જેવા નાના માર્ગોની પહોળાઇ 5 થી 10 ફીટ હતી. મુખ્ય માર્ગ સિવાયના અન્ય માર્ગો માટીના બનેલા હતાં. રસ્તાઓ ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ હતા. મુખ્ય માર્ગો-રસ્તાઓ પાકી ઈંટોના બનેલા હતા જ્યારે અંદરની નાની શેરીઓ કે ગલીઓના રસ્તા કાચા જોવા મળે છે. રસ્તાની બન્ને બાજુએ માટીની બનેલી કચરાપેટીઓ કે અમુક અંતરે ખાડા ખોદેલા હતા. આમ સ્વચ્છતા માટે આ પ્રજા જાગૃત હતી.

**3.2.3 ગટર યોજના:**

રસ્તા અને ગલીની બંને બાજુએ પાકી ઈંટોની બનેલી ગટરો આવેલી છે. ઇંટો, માટી, ચૂનો અને જીપ્સમનો ઉપયોગ કરીને ગટરો બનાવવામાં આવી હતી. મોટી ગટરો માટે મોટી ઈંટો કે પથ્થરો ઉપયોગમાં લેવામાં આવ્યા છે. ઘરની નાની નાની ગટરોનું જોડાણ ગલીઓની ગટરો

સાથે અને ગલીઓની ગટર સાથે મુખ્ય માર્ગની મોટી ગટરોનું જોડાણ કરવામાં આવેલું હતું. આ રીતે ગટર દ્વારા સમગ્ર નગરનું ગંદુ પાણી નગર બહાર કાઢવાની વ્યવસ્થા હતી. ગટરોમાં અમુક અમુક અંતરે ખાડા ખોદેલા હતા જેમાં કચરો ભરાતો તેને દૂર કરવામાં આવતો. કેટલીક ગટરોમાં શોષખાડા પણ જોવા મળ્યા છે. ગટર અને સફાઈની આ અદભૂત વ્યવસ્થા અન્ય સમકાલીન સંસ્કૃતિઓમાં પણ જોવા નથી મળી. એટલું જ નહીં પરંતુ 18મી સદી પૂર્વે લંડન અને પેરિસ જેવા નગરો પણ આવી વ્યવસ્થાથી અજાણ હતા.

**3.2.4 કોઠાર**:

હડપ્પાના જાણીતા મકાનોમાં મોટો કોઠાર છે. તેમાં ઘણાં ઈંટોના પ્લેટફોર્મ છે, તેનાથી છ કોઠારનું બે હારનું તળીયું બને છે. કોઠારની દક્ષિણ બાજુએ વર્તુળાકાર ઈંટના પ્લેટફોર્મની હાર મળી છે તેના ભોંયતળિયાની ફાટમાંથી ઘઉં અને જવના ડુંડાના અવશેષો મળ્યા છે. આથી કહી શકાય કે તેનો ઉપયોગ કણસલામાંથી અનાજના દાણા છૂટા પાડવા માટે થતો હશે. અને તેની બાજુમાં જ આ મોટા મકાનના અવશેષો મળે છે તેથી તે અનાજના સંગ્રહ માટેના કોઠાર તરીકે ઉપયોગમાં લેવાતું હશે. મોહેં-જો-દડોના કોટ વિસ્તારમાં પણ આવો એક કોઠાર મળી આવ્યો છે. તેમાં ઈંટોના 27 જૂથ છે અને હવા-ઉજાસ માટે જરૂરી જાળિયા જેવો રસ્તો છે. તેમજ કોઠારનું ભોંયતળિયું ઓટલા જેવું છે. તેથી અનાજ એકત્ર કરી શકાય. કેટલાક વિદ્વાનોએ આ ઈમારતને કોઠાર કહેવા માટે સંશય વ્યક્ત કર્યો છે. અન્ય મકાનમાં અન્નાગાર (કોઠાર) મહત્વનું છે. 50:20 ફીટનું માપ ધરાવતા કુલ 12 મકાનો ચાર ફીટ ઉંચી પ્લીન્થ પર બનાવવામાં આવ્યા છે. તેનો મુખ્ય દરવાજો ઉત્તર તરફ પડે છે જે તત્કાલીન યુગમાં નદીનું મુખ્ય વહેણ તે તરફ હશે. આવા અન્નાગારના ઉલ્લેખો સુમેરિયન અને મિસરની સંસ્કૃતિઓમાં મળે છે પરંતુ આટલા વિશાળ અવશેષો હજી સુધી પ્રાપ્ત થયા નથી.

**3.2.5 જાહેર સ્નાનાગાર**:

મોહેં-જો-દડો ખાતેથી એક વિશાળ જાહેર સ્નાનાગાર મળી આવ્યું છે. જે 36 x 23 x 8 ફીટના માપનું છે. જેમાં અંદર ઊતરવા માટે ઉત્તર અને દક્ષિણ તરફ સીડીઓ બનાવેલી છે. આ કૂંડમાંથી પાણીના નિકાલની વ્યવસ્થા પણ જોવા મળે છે. સ્નાનાગારનું પાણી અંદર ટકી રહે એટલા માટે તેનું તળિયું બનાવવામાં શિલાજિત જેવા મજબૂત પદાર્થનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બાજુના ઓરડામાંના કૂવામાંથી તેમાં પાણી પહોંચાડવામાં આવતું. દીવાલને લગોલગ પાણીના નિકાલ માટેની ગટર જોડાયેલી હતી. વિદ્વાનો એમ માને છે કે આ સ્નાનાગારનો ઉપયોગ રાજાઓ કે પુરોહિતો ધાર્મિક વિધિના સ્નાન માટે કરતા હશે.

કૂંડની ઉત્તરે 9.5 x 6 ફીટના માપના રસ્તાની બંને બાજુએ આઠ બાથરૂમ જોવા મળે છે. સ્નાનાગારની પશ્ચિમે 150 x 75 ફીટના માપની એક મોટી ઇમારત જોવા મળે છે. જેને પુરાતત્વવિદો હમ્મામ તરીકે ઓળખાવે છે જ્યારે વ્હીલરના મતે તે અન્નાગાર હોવું જોઈએ. સ્નાનાગારની ઉત્તર-પશ્ચિમે 230 x 78 ફીટનું માપ ધરાવતું એક મોટું ભવન જોવા મળે છે જે કદાચ કોઈ મોટા પદાધિકારીનું હોઇ શકે. તેની આગળ 33 ફીટનો ચોરસ ખુલ્લો ભાગ છે.અને ત્રણ ખુલ્લા વરંડા છે. બીજું મહત્વનું મકાન તે સભાખંડ છે. તેમાં ચાર હાર પાંચ ઈંટોની

ઓટલીની છે. જેના ઉપર લાકડાના થાંભલા ઉભા કરેલા હતા. આ ઓરડાની હારની પશ્ચિમ બાજુએ બેઠેલા પુરુષની મૂર્તિ મળી આવેલી છે. તેની દક્ષિણે 60 x 60ના માપનું એક મોટું સભાભવન આવેલું છે. તેની છત 20 સ્તંભો પર ટકેલી હતી પણ નાનું એક સ્તંભયુક્ત ભવન હતું.

**3.3 અર્થતંત્ર:**

આ સભ્યતાનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન ઉપરાંત અનેક પ્રકારના નાનામોટા હુન્નર ઉદ્યોગો હતા. તેવું અવશેષીય પુરાવાઓને આધારે કહી શકાય છે. હડપ્પા અને મોહેં-જો-દડોમાં કોઠાર હોવાના પુરાવા મળે છે. હડપ્પામાં અન્નનું ખેતઉત્પાદન ન હોવા છતાં મોટા નગર તરીકે વિકાસ થયો કારણકે વ્યૂહાત્મક દ્રષ્ટિએ વ્યાપારી વસાહત તરીકે તેનું મહત્વનું સ્થાન હતું. હડપ્પાને કેન્દ્રમાં રાખીને તેની આસપાસના 300 કિમીના વર્તુળમાં પંજાબની પાંચ નદીઓનો સંગમ એક જ પ્રવાહમાં મળતો એટલે હડપ્પાનો સમગ્ર વ્યવહાર પંજાબની પાંચ નદીઓ મારફતે કરતાં. હડપ્પાની સરખામણીએ મોહેં-જો-દડો દરિયાની વધારે નજીક હતું. તેથી ઈરાનના અખાત અને મેસોપોટેમિયામાં સહેલાઈથી જઈ શકાતું. તેવી જ રીતે લોથલ પોતાની જરૂરિયાતનું સોનું દક્ષિણ રાજસ્થાન અને દખ્ખણમાંથી પ્રાપ્ત કરતું હશે. કર્ણાટકમાં સોનાની ખાણો પાસેથી સમકાલીન નૂતન પાષાણ સ્થળો મળી આવ્યા છે ત્યાંથી સોનું લોથલ પહોંચાડાતું હશે. આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે હડપ્પાનું સ્થાન લાભકારક હતું. હડપ્પા સભ્યતાના મોટા નગરો ઉપરાંત ઘણી નાની વસાહતોમાં પણ નગરીય અર્થતંત્રના લક્ષણો જોવા મળે છે. આ સભ્યતાના લોકોની આદાન-પ્રદાનની પદ્ધતિ તથા વાહન વ્યવહાર વિશે જાણી શકશો. તમે આ એકમમાં જાણી શકશો કે હડપ્પનોએ સેંકડો માઈલને અંતરે આવેલા નગરો સાથે સક્રિય આંતર સંબંધો કઈ રીતે વિકસાવ્યા હશે. તેમના અર્થતંત્ર વિશેની માહિતી કેટલાક સાહિત્યિક સ્રોતોને આધારે પણ મળે છે તે પણ અહીં દર્શાવવામાં આવ્યું છે.

**3.3.1 ખેતી:**

હડપ્પાનું શહેરીકરણ ખેતપેદાશ ઉપર આધારિત હતું. હડપ્પીય વિસ્તારમાંથી બે પ્રકારના ઘઉં પ્રાપ્ત થયા છે. જવ પણ મળે છે. બીજા પાકમાં ખારેક અને જુદી જુદી જાતના કઠોળના છોડ કે વટાણા મળી આવ્યા છે. ઉપરાંત તેઓ રાય અને તલ ઉગાડતા હતા. લોથલ અને રંગપુરમાં માટીના વાસણોમાં ચોખાના ડુંડવા મળી આવ્યા છે. કાલિબંગનમાં ખેડેલી ચાસ પાડેલી જમીનના પુરાવા મળે છે તે બતાવે છે કે હડપ્પન લોકો કોઈ પ્રકારનું લાકડાનું હળ વાપરતા હશે. ચાસ પાડેલી જમીનમાં ચાસ એક દિશામાં અને પછી તેને કાપતા બીજી દિશામાં મોટા વિસ્તારમાં મળ્યા છે. હજુ પણ આ પ્રદેશમાં ખેડૂતો એ જ પદ્ધતિએ ચણા કે તલ વાવવા માટે અપનાવે છે. તેઓ એક સાથે બે કે વધારે પ્રકારના પાક લેતા હશે તે તેમની ખેતી વિષયક અર્થતંત્રની નિપૂણતા બતાવે છે. કારણ કે, મોટી સંખ્યામાં લોકો શહેરમાં રહેતા અને તેઓ કોઈ પણ જાતનો ખોરાક ઉત્પન કરતા નહી. તેમ છતાં વિશેષ પ્રમાણમાં આ પ્રકારના કૃષિ તંત્ર પર આધારિત હતા.

ઘઉં, જવ ઉપરાંત તલ, વટાણા, સરસવ, નારિયળ, કેળા, દાડમ અને કપાસ, પીપળો, ખજૂર, લીમડો વગરેના અવશેષો મળે છે. લોથલ ખાતેથી બાજરીના અવશેષો મળી આવ્યા છે. હળના ઉપયોગ વિશે અને સિંચાઈની વ્યવસ્થા શું હશે તે વિશે ચોક્કસ પુરાવાઓ  પ્રાપ્ત થતાં નથી. લોથલ ખાતેથી અનાજ દળવાની ઘંટીના બે પૈડા મળી આવ્યા છે. ખેતી માટે કાંસાની ધાતુના બનેલા ઓજારો વાપરતા.

**3.3.2 પશુપાલન**:

પાલતુ પશુઓમાં ખૂંધવાળા અને ખૂંધ વિનાના એમ બંને જોવા મળે છે. જેમાં ગાય, બળદ, ભેંસ, ઘેટાં, બળદ અને હાથીનો સમાવેશ થાય છે.  ખચ્ચર, ઘોડા, ગધેડા અને ઉંટથી તેઓ પરિચિત હતા કે નહીં તે ચોક્કસ પુરાવાના અભાવે કહી શકાય તેમ નથી.  તેમજ અન્ય પાલતુ પશુઓમાં બિલાડી, સસલાં, વાંદરા, હરણ, મરઘી, મોર, પોપટ, બતક, હંસ અને ઘુવડ વગેરેનો સમાવેશ થાય છે.

આપણે પુરાતત્વો અવશેષોને આધારે ચોક્કસ પણે કહી શકતા નથી કે તેમનો શિકાર કરવામાં આવતો હોય. કેટલીક મુદ્રાઓમાં અંબાડીયુક્ત હાથી જોવા મળે છે. તે બતાવે છે કે હાથીને પાળવામાં આવતા હશે. મરઘા, હરણ, ગેંડો, કાચબા વગેરેના હાડકાં મળી આવ્યા છે તેથી આ બધાને પાળવામાં આવતા હશે તેવું અનુમાન કરી શકાય. જ્યારે ઘોડાના કોઈ જ અવશેષ પ્રાપ્ત થતા નથી એટલે તેઓ ઘોડાથી અજાણ હશે તેમ કહી શકાય.

**3.3.3 વેપાર ઉદ્યોગ અને ધંધા-વ્યવસાય**:

બલુચિસ્તાનના કિનારા પર બાલાકોટ અને સિંધમાં ચન્હૂદરો જેવા શહેરો છીપકામ અને બંગડીઓ બનાવવાના કેન્દ્રો હતા. લોથલ અને ચન્હૂદરોમાં અકીક અને carnelian  વગરેના મણકા બનાવાતા.  કેટલાક અધૂરા રહેલા વૈદૂર્યમણિના મણકા ચનહૂદરોમાંથી મળ્યા છે. જે હડપ્પાનો કિંમતી પથ્થરો ઘણે દૂરથી આયાત  કરીને તેના ઉપર કારીગરી કરીને વેચતા.

મોહેં-જો-દડોમાં ઘણી મોટી સંખ્યામાં નિપુણ કારીગરો જેવા કે પથ્થરકામ, માટીકામ, ત્રાંબુ અને કાંસાના કારીગરો, ઈંટો બનાવનાર, મુદ્રાઓ કાપનાર અને મણકા બનાવનાર વગરે હોવાના પુરાવાઓ પ્રાપ્ત થયા છે. રાજસ્થાનની ખેતી ખાણમાંથી તેઓ તાંબુ મેળવતા. તેઓ સમકાલીન ગણાતી મધ્ય રાજસ્થાનની જોધપુર, બગોર અને ગણેશ્વરની વસાહતોમાંથી હડપ્પનો ત્રાંબાનો કાચોમાલ મેળવતા. ગણેશ્વરમાંથી લગભગ 400 બાણના અણીદાર માથાં, 50 માછલાં પકડવાના હૂક અને 58 જેટલી તાંબાની કુહાડીઓ મળી આવી છે. આ ઉપરાંત ત્રાંબાની કેટલીક જરૂરિયાતો બલુચિસ્તાન અને વાયવ્ય સરહદના પ્રાંતોમાંથી મેળવતા. સોનુ કર્ણાટકની સોનાની કોલારની ખાણો અને કાશ્મીરમાંથી પ્રાપ્ત કરતાં.  રાજસ્થાનમાં જયપુર અને સિરોહી, પંજાબમાં હજરા, કાંગરા અને જંગ તેમજ કાબુલ અને સિંધની નદીઓમાંથી સોનાના ધોવાણ મળી આવ્યાના અહેવાલો છે. હડપ્પન સંસ્કૃતિના અનેક સ્થળો એથી  ચાંદીના વાસણો મળી આવ્યા છે. જો કે ચાંદીના કોઈ જાણીતા સાધનો નથી. કદાચ ચાંદી અફઘાનિસ્તાન અને ઈરાનમાંથી આયાત થતી હશે. શક્ય છે કે સિંધુના વેપારીઓ પોતાના માલના બદલામાં મેસોપોટેમિયમાંથી

ચાંદી લેતા હશે. સીસું કાશ્મીર કે રાજસ્થાનમાંથી આવ્યું હોય. ધાતુઓ ઉત્પન્ન કરતા નાના સ્થળો પંજાબ અને બલુચિસ્તાનમાંથી શોધી શકાય છે.

કિંમતી વૈદૂર્યમણી અફઘાનિસ્તાનના ઈશાનમંના બદક્શાનમાંથી પ્રાપ્ત થાય છે. હડપ્પનોએ આ સાધન સામગ્રીનો પૂરો લાભ ઉઠાવ્યો છે તે આ ક્ષેત્રમાંથી હડપ્પન સ્થળો જેવા કે શોરટુઘાઈ અને આલટીન-ડેપ ની શોધ પરથી સાબિત થાય છે. કે વૈદૂર્યમણિ અને નીલમણિ માત્ર મધ્ય એશિયામાંથી મેળવી શકાયા હતા. અકીક, ચાલ્સેકોની (કાચમણિ પ્રકારનું રત્નમણી અને ઈન્દ્રગોપ સૌરાષ્ટ્ર અને પશ્ચિમ ભારતમાંથી પ્રાપ્ત થયા હતાં. દરિયાઈ છીપલા અને શંખ હડપ્પનોને ખૂબ પ્રિય હતાં. જે ગુજરાતના દરિયાઇ કિનારે અને પશ્ચિમ ભારતમાંથી પ્રાપ્ત થયા હતા. જમ્મુમાં માંડા એવી જગ્યાએ આવેલું છે કે જ્યાં ચિનાબ નદીમાં વહાણ જઈ શકે. કદાચ ઉત્તમ કક્ષાનું લાકડું દૂરના એવા ઉપરવાસના પ્રદેશોમાંથી સિંધુની મધ્ય સુધીની ખીણમાં અને નદીઓના નીચલા ભાગમાં મોકલવામાં આવતું હોય.

હડપ્પનોએ આંતરપ્રદેશીય વેપાર ભારતની અંદર અને બહારના વિસ્તારોમાં સ્થાપેલો હતો. હડપ્પનો અને બિનહડપ્પનો વચ્ચે કયા પ્રકારનો વટાવનો વહેવાર કે લેવડ દેવડની વ્યવસ્થા હશે તે આપણે જાણતા નથી. તે સમયે દેશમાં મોટાભાગના વિસ્તારોમાં શિકાર પર જીવન વ્યતિત કરનારા વસતા હતાં. કેટલાક પ્રદેશોમાં પશુપાલક ટોળીઓ વસતી હતી જ્યારે બીજા પ્રદેશમાં  ખેતી સાથે સભ્યતાની શરૂઆત થઈ હતી. તેઓને સાથે સરખાવતા જણાય છે કે હડપ્પન લોકો વધારે પ્રગતિશીલ સભ્યતા ધરાવતા હતા. બીજા સમુદાયો પાસેથી ખનીજ દ્રવ્યો મેળવવા માટે શું કરતા હશે ? કેટલાક સંજોગોમાં હડપ્પનોએ પોતાની વસાહતો આવા પ્રદેશોમાં સ્થાપી હતી. દરેક વખતે આ શક્ય ન પણ બને. શક્ય છે કે બિનહડપ્પનો જેને કિમતી ચીજવસ્તુઓ ગણતા હશે તે આપવામાં આવતી હશે. આવા સંજોગોમાં અદલાબદલીનું કાર્ય નિયમિતપણે થતું નહીં હોય. કદાચ આ સમુદાયોના સમય સમયના સ્થળાંતર અને ચોક્કસ સમય સુધીના રહેઠાણ ઉપર નક્કી કરવામાં આવતું હશે. હડપ્પનો પોતાના વેપારીઓને આવા પ્રદેશોમાં મોકલતા હશે. જ્યાં તેઓ ઋતુ પ્રમાણે રહેઠાણ કરીને તેમનો માલ એકત્ર કરતા હોય. ભટકતી ટોળી પણ દૂરના પ્રદેશોમાંથી તેમના સ્થાળાંતર પ્રમાણે માલ લાવતી હોય. આવી વટાવ પ્રવૃતિ આજે પણ વર્તમાન ભારતમાં જાણીતી છે. છતાં પણ આપણે હડપ્પનોની વિનિમય પદ્ધતિ વિશે ઘણું ઓછું જાણીએ છીએ.

**3.3.4 વિનિમયની પદ્ધતિ:**

હડપ્પનોએ તેમની પોતાની વચ્ચેના વેપારને અને વિનિમય પદ્ધતિને વ્યવસ્થિત કરવા પ્રયત્નો કર્યા હતા. દૂરદૂરની હડપ્પન વસાહતોએ પણ માપ અને તોલની એકસરખી પદ્ધતિ અપનાવેલી હોય એમ જોવા મળે છે. તેઓ તોલમાં નીચેની સંજ્ઞામાં 1,2,4,8 થી 64 અને 160 સુધી અને દશાંશ ગુણાંકો 16 થી 320, 640, 1600, 3200 વગેરે દ્વિગુણ પદ્ધતિ અપનાવતા. તોલમાપના વજનિયા, ચૂનાના, પથ્થર, સેલખડી વગરે સામાન્ય રીતે ઘનાકારમાં જોવા મળે છે. લંબાઈ માટેના માપ ફૂટના એકમ ઉપર ૩૭.૬ સેમીનો ફૂટ  અને ઘનના એકમનું માપ લગભગ 51.8 થી 53.6 સેમીના  એકમ પર આધારિત હતું.

મુદ્રા અને મુદ્રાંકનો મોટી સંખ્યામાં હડપ્પન વસાહતોમાંથી શોધાયા છે. મુદ્રા અને મુદ્રાંકન માલિકીહકનું ચિહ્ન છે. જે પોતાનો માલ દૂરના પ્રદેશોમાં મોકલતો તેની ગુણવત્તાની જામીનગીરીની નિશાનીરુપ હતા. આ મુદ્રાઓનો ઉપયોગ વેપાર માટે થતો. કારણ કે, ઘણા મુદ્રાંકનો ઉપર દોરડાની છાપ અને તેની પાછળની બાજુ શણના કે ઘાસના તાંતણાના અવશેષો પ્રાપ્ત થયા છે. જેના પરથી સ્પષ્ટ થાય છે કે તેનો ઉપયોગ વેપારીઓના માલની ગાસડીઓ ઉપર લગાડવામાં આવતી હશે. કદાચ આ બધા મુદ્રાંકનો આયત કરેલો માલ ખોલીને બહાર કાઢ્યા પછી નકામા ગણીને ફેંકી દેવાયા હશે. આ મુદ્રાઓ પર રેખાંકિત વિવિધ પશુઓની ડિઝાઈન અને લખાણ છે પણ જે હજી સુધી ઉકેલી શકાયું નથી. પરંતુ તેનો ઉપયોગ લાંબા અંતરના માલની લેવડદેવડનો હોય તે ચોક્કસ લાગે છે.

**3.3.5 વાહનવ્યવહાર:**

એકબીજા સાથેના સંપર્ક અને લેવડ-દેવડની પદ્ધતિની ચર્ચામાંથી વાહનવ્યવહારનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. હડપ્પા અને મોહેં-જો-દડો માંથી વહાણ અને હોડીઓની આકૃતિઓની રજૂઆત મુદ્રાઓમાં મળી આવી છે. લોથલમાંથી પકવેલી માટીના વહાણનો એક નમૂનો મળી આવ્યો છે. કૂવાથંભ માટેનું લાકડીની છાપવાળું પાત્ર અને વહાણના દોરડાં, સઢ માટે વસુ છિદ્રો સાથેનું મળી આવ્યું છે. લોથલમાંથી પાકી ઈંટોનો ઓવારો મળી આવ્યો છે. જે 219 : 37 મીટરની લંબાઈ ધરાવે છે અને ઈંટોની દીવાલની 4.5 મીટરની ગોદામ છે. ઉત્ખનન કરનારા માને છે કે તે બંદરી ગોદામ છે. આ સ્થળ સિવાય પણ અરબી સમુદ્રનો દરિયાકાંઠો ઘણા દરિયાઈ બંદરોથી છવાયેલો છે. રંગપુર, સોમનાથ, બાલાકોટ જેવાં સ્થળો હડપ્પનો માટે બર્હિગમન માર્ગનું કાર્ય કરતાં હશે. કોઈપણ જાતની સગવડ વગરના પ્રતિકૂળ એવા મકરાન કિનારાના હડપ્પન સ્થળો જેવાં કે સુતકાજેનદોર અને સુતકકોહ શોધાયા છે. પ્રતિકુળ એવા પ્રદેશમાંના સ્થળોના ઉપયોગનું પ્રાથમિક કારણ તે ચોમાસાનાં તોફાનો અને પશ્ચિમ ભારત અને સિંધના દરિયાકિનારા તરફ ધસી જતા ઝડપી પ્રવાહોના ભયથી મુક્ત હોઈને સલામત હતાં. વર્ષાઋતુના મહિનાઓમાં આ પ્રદેશો હડપ્પનો માટે બહિર્ગમન માર્ગ બની શકતા. સુતકગેનડોર પાકિસ્તાન અને ઈરાનની સરહદ પાસે આવેલું છે શક્ય છે કે ઈરાનની બાજુએ કેટલીક હડપ્પન વસાહતો હશે ! હજુ સુધી તે શોધી શકાઇ નથી. દરિયાકિનારાને પડખે પડખે આ પ્રકારનો વિસ્તાર હડપ્પાનાં વહાણો માટે લાંગરવાના સ્થાન તરીકે ઈરાનના અખાત સુધી ઉપયોગી થતો હશે.

પ્રદેશના અંદરના ભાગનો વાહનવ્યવહાર બળદગાડાથી થતો હતો. હડપ્પન વસાહતોમાંથી બળદગાડાની ઘણી માટીની આકૃતિઓ મળી આવી છે. તેમાં તેનો ચાલક બેઠેલો છે. વળી નાના ગાડાની આકૃતિઓ જે આજન ઈક્કા પંજાબમાં વપરાય છે તેવી પણ મળી આવી છે. જંગલ જેવા વિસ્તારમાંથી લાંબી મુસાફરી માટે ગાંસડીવાળા બળદોના સમૂહ સાથે જતી વણજાર તે જ વાહનવ્યવહારનું મુખ્ય સાધન હતું. ઐતિહાસિકયુગમાં મોટા પ્રમાણમાં સાધનસામગ્રી પશુપાલન કરતી ભટકતી જાતિ મારફતે મોકલાતી. શક્ય છે કે હડપ્પનો પણ આ પ્રકારની પદ્ધતિથી કામ

લેતા હોય. છતાં પણ તે સમયે નદીનો ઉપયોગ વાહનવ્યવહાર માટે વધારે યોગ્ય હતો કારણ કે, આ જળમાર્ગ વધારે સાદો, સસ્તો અને સલામત હતો.

**3.3.6 વિદેશ વેપાર અને આયાત-નિકાસ:**

અત્યાર સુધી આપણે હડપ્પનોના આંતર દેશીય વેપાર વિશે વાત કરી હવે આપણે પશ્ચિમ એશિયાની સભ્યતા સાથેની વેપારની અને લેવડદેવડની પ્રવૃતિઓની ચર્ચા કરીએ. હડપ્પનોની સભ્યતાથી હજારો કિલોમીટર દૂર આવેલી અન્ય સભ્યતાઓ સાથે વેપારથી જોડાયેલી હતી. વિદેશો સાથેના વેપાર અંગેની જાણકારી બે પ્રકારના પુરાવાઓને આધારે મળે છે.

લેવડ-દેવડ અંગેની માહિતી ખાસ પ્રકારની હડપ્પન મુદ્રાઓ મેસોપોટેમિયાના શહેરો જેવા કે સુસા, ઉર વગેરેમાંથી મળી આવી છે. તાજેતરમાં ઈરાની અખાતના કેટલાંક જૂના સ્થાનો જેવાં કે ફાઈલકા અને બહેરિનમાંથી પણ હડપ્પન મુદ્રાઓ પ્રાપ્ત થઈ છે. મેસોપોટેમિયાના શહેર નિપુરમાંથી એક મુદ્રા મળી આવી છે. જેમાં હડપ્પાની લિપિ અને એના ઉપર એકશૃંગીપશુ બતાવેલા છે એવી જ રીતે બે સમચોરસ સિંધુની મુદ્રાઓ જેના ઉપર સિંધુલિપિ અને એકશૃંગી પશુ છે. તે મેસોપોટેમિયાના કિશ શહેરમાંથી મળી આવ્યાના હેવાલ છે. બીજા શહેર ઉમ્મામાંથી સિંધુખીણનું મુદ્રાંકન મળી આવ્યું છે. તેનો અર્થ એમ કે કેટલોક માલ સિંધુખીણમાંથી અહીં આવતો હશે.

તેલ અમ્માર વસાહતમાંથી કેટલાંક હડપ્પના ચમકતા કુંભારકામ અને કોતરેલા મણકા અને કિડની આકારના જડેલ હાડકાં મળી આવેલા છે. આ બધા સ્પષ્ટ પુરાવા છે કે મેસોપોટેમિયનો અને હડપ્પનો વચ્ચે વ્યાપારી સંપર્કો હતા. કેટલીક વિશિષ્ટ પ્રકારની પકવેલી માટીની આકૃતિઓ જે સામાન્ય રીતે સિંધુખીણ માંથી મળી છે તે મેસોપોટેમિયાના નિપ્પુરમાંથી મળી છે. આ આકૃતિઓમાં ઉપસેલા પેટવાળા નરની નગ્ન આકૃતિ, પશુઓ જેવા મુખો, પૂંછડીઓ અને કાણાયુક્ત ખભા જેમાં હાલતા હાથ જોડી શકાય. હડપ્પન પ્રદેશોમાં આવી આકૃતિઓ સામાન્ય છે. નિપ્પરમાંથી એક સરખી ત્રણ આકૃતિઓ કેટલીક હડપ્પન અસર સ્પષ્ટ કરે છે. મેસોપોટેમિયાના શહેરો ઉર, નિપર અને તેલ અમ્મારમાંથી સિંધુના પાસા જેવા પ્રકારના (1/2,3/6,4/5) અવશેષો મળ્યા છે. આ મણકા ઉપરાંત બીજા વિશેષ પ્રકારની ડિઝાઈનવાળા મણકાઓ સોપોટેમિયામાંથી મળ્યા છે. તે સિંધુખીણમાંથી લાવ્યા હોય એમ જણાય છે. ચન્હૂદડોના મણકામાં એક, બે, કે ત્રણ, વર્તુળાકાર ડિઝાઈનો મેસોપોટેમિયામાં કિશમાંથી મળી આવેલા મણકા સાથે ઘણું સામ્ય ધરાવે છે. હડપ્પના વજનિયાં ઈરાની અખાત અને મેસોપોટેમિયાનાં સ્થળો એથી મળી આવ્યા છે.

હડપ્પન સભ્યતા માંથી અસલ મેસોપોટેમિયન વસ્તુઓના અવશેષો લગભગ પ્રાપ્ત થયા નથી. મોહેં-જો-દડો માંથી ત્રણ વર્તુળાકાર મુદ્રાઓ મેસોપોટેમિયાન પ્રકારની મળી આવી છે. જો કે આ મુદ્રાઓ હડપ્પન સભ્યતાના કોઈ કેન્દ્રમાં બનેલી લાગે છે. કેટલીક ધાતુની ચીજોનું મૂળ મેસોપોટેમિયામાંથી શોધી કઢાયું છે. લોથલની વસાહતમાંથી એ જ વર્તુળાકાર બટનની મુદ્રા મળી આવી છે. આ મુદ્રા ઘણી મોટી સંખ્યામાં બહેરિન બંદરના ખોદકામમાંથી પ્રાપ્ત થઈ છે. આ મુદ્રાઓ ઈરાની અખાતના બંદરોમાંથી તૈયાર થઈ હોય એમ લાગે છે. ઉપસેલા આકારની

ત્રાંબાની લગડીઓ જેવી જ છે. તે ઈરાની અખાતના ટાપુઓ અને સુસામાંથી મળી આવેલી લગડીઓ જેવી જ છે. પ્રાપ્ત થયેલી વસ્તુઓને કારણે હડપ્પનો અને મેસોપોટેમિયનો વચ્ચેના સીધા વ્યાપાર અંગે કેટલાંક વિદ્વાનો શંકા કરે છે. એમ માનવામાં આવે છે કે હડપ્પનો પોતાની ચીજવસ્તુઓ ઈરાનના અખાતની વસાહતોમાં લઈ જતા હશે. જેમાંથી કેટલોક સરસામાન ઈરાની અખાતનાં બંદરો જેવા કે બહેરીનના વેપારીઓએ મેસોપોટેમિયાના નગરોમાં મોકલ્યા હોય.

હડપ્પન નગરોને અનાજ અને બીજા જરૂરી કાચો માલ પૂરો પાડતા હતાં, પણ હડપ્પન નગરો તેમને (ગામડાંઓને) બદલામાં નગરોના વહીવટદારો નગરના વહીવટના બદલામાં ફરજિયાત અનાજ એકત્ર કરવામાં આવતું જે વેરા ને નામે ઓળખવામાં આવે છે તે લેવામાં આવતો. ગ્રામ્ય-શહેરી સંબંધો અને અગત્યનો ભાગ તે શહેરી કેન્દ્રો તેમના ગામડાંની દરેક પ્રકારની સમગ્ર બીજી જરૂરિયાતનો પુરવઠો ખરીદી લેવા શક્તિમાન હતા કે જે સ્થાનિક કક્ષાએ મળે તેમ નહતું અને તેને પીઠ-પ્રદેશ એટલે કે ગ્રામ્ય પ્રદેશમાં પહોંચાડી શકતા.

મોહેં-જો-દડો હડપ્પા, કાલીબંગા અને લોથલ ખાતેથી મળી આવેલ બાટનો અનુપાત 1,2,4,8,16,32,64,160,200,320 માં લગભગ 16ના અનુપાતમાં જોવા મળે છે. મોહેં-જો-દડો માંથી છીપ જ્યારે લોથલમાંથી હાથીદાંતમાંથી બનેલી માપપટ્ટી મળી આવી છે. સામાનની હેરફેર માટે બે પૈડા અને ચાર પૈડાના બળદગાડાનો ઉપયોગ થતો. મધ્યએશિયા, બલુચિસ્તાન, ઉત્તરપૂર્વ અફઘાનિસ્તાન, ઈરાન, બહેરીનદ્વીપ, દક્ષિણ ભારત, રાજપૂતાના, કાશ્મીર સાથેના વ્યાપારીક સંબંધો હતાં. વિદેશ વેપાર દરિયાઈ માર્ગે થતો અને આંતરિક વેપાર નદીના જળમાર્ગે તેમજ જમીન માર્ગે થતો હતો.

મેસોપોટેમિયાના કેટલાક પ્રાચીન લખાણોમાં હડપ્પન વસાહતો સાથેના તેમના વ્યાપારી સંપર્કોનો ખ્યાલ આપે છે. મેસોપોટેમિયામાં અક્કડનો પ્રખ્યાત રાજા સારગોન (ઈ.સ.પૂ. 2350) જણાવે છે કે દિલમુન મગન અને મેલુહાના વહાણો તેની રાજધાનીમાં લાંગરે છે. વિદ્વાનો મેલુહાને હડપ્પન નગરો કે સિંધુ નદીના પ્રદેશના ભાગ તરીકે ઓળખાવે છે. તો કેટલાક વિદ્વાનો નામ મુજબ મગનનો ઉલ્લેખ મકરાનના કિનારાના સંદર્ભમાં છે. ઉર શહેરના વેપારીઓ દ્વારા ઉપયોગમાં આવેલ દસ્તાવેજો આપણને પ્રાપ્ત થયા છે. તેમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે ઉરના વેપારીઓ તાંબુ, અકીક, હાથીદાંત, શંખ, વૈદૂર્યમણિ, મોતી અને અબનૂસ વગેરે આયાત કરતા. હડપ્પન સ્થળોએ આ બધી ચીજો વિપુલ પ્રમાણમાં મળી આવી છે. કેટલાંક ઉદાહરણો જેવા કે તાંબુ હડપ્પનો કયા મોટા ઉદભવ સ્થાનમાંથી મેળવતા હશે તેની કોઈ જાણકારી આપણી પાસે નથી. છતાં આપણે યાદ રાખવું જોઈએ કે હડપ્પનોએ બહુ મોટા વિસ્તાર-છેક મધ્યએશિયા સુધીનો લાભ લીધો છે. મધ્ય એશિયા અને અફઘાનિસ્તાનના શરૂઆતના હડપ્પન યુગમાં અસ્તિત્વ ધરાવતા વેપારને પણ તેઓએ અંકુશમાં લીધો હોવો જોઈએ. શરૂઆતનું મેસોપોટેમિયાનું સાહિત્ય મેસોપોટેમિયાના મેલુહામાં રહેતી વેપારી કોમનો પણ ઉલ્લેખ કરે છે. બીજા એક દ્રષ્ટાંતમાં મેસોપોટેમિયાના લેખિત દસ્તાવેજમાં મેલુહાની ભાષાના અધિકૃત દુભાષિતનો ઉલ્લેખ કરે છે. આ બધા ઉલ્લેખો બતાવે છે કે હડપ્પા અને મેસોપોટેમિયાનો સંપર્ક

આડકતરો ન હતો. આ બે સભ્યતાઓ વચ્ચેનું અંતર જોતા તેઓ વચ્ચે સંબંધો નિયમિત ન પણ હોઈ શકે, તેમ છતાં તેમના સંબંધો ખાસ્સા નજદીક હતા કારણ કે, મેસોપોટેમિયન રાજાઓ મેલુહાના વહાણો પોતાના બંદરે આવતા એવી બડાશ મારે છે.

હડપ્પામાંથી મેસોપોટેમિયાની વસ્તુઓની ગેરહાજરી વિશે એ રીતે સમજાવી શકાય કે મેસોપોટેમિયનો સામાન્ય રીતે વસ્ત્રો, ઊન, સુગંધિત દ્રવ્યો અને ચામડાંની ચીજોની નિકાસ કરતા. આ બધી ચીજો વધારે સમય ટકી શકે તેમ ન હતી. તેથી તેની કોઈ જાતની નિશાની જોવા મળતી નથી. મેસોપોટેમિયાની ચાંદી ઘણી વસ્તુઓ માંની એક એવી નિકાસની વસ્તુ હતી.ચાંદી હડપ્પાના કોઈપણ જાણીતા ઉદભવ સ્થાનમાં મળી શકે તેમ ન હતી. છતાં તેઓ મોટાં જથ્થામાં તેનો ઉપયોગ કરતાં કદાચ મેસોપોટેમિયામાંથી આયાત કરતા હશે.

**3.3.7 આજીવિકા:**

આ લોકો પશુપાલન અને શિકાર કરીને પોતાની આજીવિકાનો સમન્વય સાધતા હતા. આ પરથી એવું જણાય છે કે હડપ્પન સભ્યતાની તેમના ઉપર અસર દેખાતી નથી. આને કારણે વેપારના સંપર્ક અંગે ગૂંચવાડો ઉભો થાય છે. પુરાતત્વવિદો માને છે કે હડપ્પન લોકો તાંબાના હથિયારો હજી પશુપાલન કરતા અને શિકાર કરતા લોકો પાસેથી આયાત કરતા હતા. જો કે આપણે આ બન્ને સમુદાયો વચ્ચેના સંબંધોના સ્વરૂપ વિશે જાણતા નથી. કદાચ એક સમુદાય વિકસિત શહેરી સભ્યતા દર્શાવે છે ત્યારે બીજો સમુદાય પશુપાલન કરતો જણાય છે. કદાચ આ બન્ને વચ્ચેના સંબંધ સીધા નહીં હોય.

સુતરાઉ કાપડ અને ઊનના કાપડના વણાટનો ઉદ્યોગ, ઈંટો બનાવવાનો ઉદ્યોગ મુખ્ય હશે આ ઉપરાંત  તાંબુ અને ટીન ધાતુને મિશ્રિત કરીને કાંસુ બનાવાતું તાંબુ રાજસ્થાનમાં ખેતડીથી અને કાંસુ અફઘાનિસ્તાનથી મંગાવાતું. હોડીઓ બનાવવાનો અને મુદ્રા કે મહોર નિર્માણ અને મૂર્તિ નિર્માણનો ઉદ્યોગ પણ હશે.

## 3.4 સમાજ :

આ વિભાગમાં હડપ્પીય સંસ્કૃતિના સામાજજીવન વિશે રજૂઆત કરવામાં આવી છે. જેમાં આ સંસ્કૃતિના લોકોનો ખોરાક, પહેરવેશ, આભૂષણો, શૃંગારની સાધન સામગ્રી, વિવિધ પ્રકારની શૃંગારની શૈલીઓ, સ્ત્રીઓ અને પુરુષોમાં અલગ અલગ પ્રકારની જોવા મળતી સૌંદર્યની તરાહો વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

**3.4.1 ખોરાક :**

હડપ્પીય સંસ્કૃતિના લોકો ખોરાકમાં શું લેતા હશે તે મળી આવેલા અવશેષીય પુરાવાઓને આધારે જાણી શકાય છે. સિંધ અને  પંજાબના હડપ્પનોનો મુખ્ય ખોરાક ઘઉં અને જવ હતો. હાલના રાજસ્થાન વિસ્તારમાં વસવાટ કરતા લોકોએ માત્ર જવથી જ સંતોષ માનવો પડતો. હાલના ગુજરાતના રંગપુર અને સુરકોટડામાં વસતા હડપ્પનોનો મુખ્ય ખોરાક ચોખા અને બાજરી હતો. પરંતુ તેઓ શેરડી કે તેમાંથી ખાંડ પ્રાપ્ત કરવાની પદ્ધતિથી માહિતગાર હતા કે નહી તે સ્પષ્ટ થતું નથી. પરંતુ ખોરાકને ગળ્યો બનાવવા માટે તેઓ મધનો ઉપયોગ કરતા હોઈ શકે. તેઓ ચરબી અને તેલ, તલ, રાઈ અને કદાચ ઘીમાંથી મેળવતા. મુરબ્બા જેવા ફળ

અને ખજૂરના ઠળિયા જે હડપ્પન જગ્યા એથી મળ્યા છે તે તેમના ફળો અંગેની પસંદગી બતાવે છે. શક્ય છે કે તેઓ કેળા, દાડમ, તરબૂચ, લીંબું, અંજીર અને ચોક્કસપણે કેરી ખાતા હશે. તેઓ જંગલી સોપારી જેવા સખત કોચલાવાળા ફળો ખાતા હશે. પરંતુ તેમને ઓળખવાનું મુશ્કેલ છે. તેઓ વટાણા પણ ખાતા. હડપ્પનો માત્ર શાકાહારી જ નહીં હોય કારણ કે, ઘણા હડપ્પીય વસાહતના સ્થળો એથી હરણાં, રીંછ, ઘેટાં, બકરા અને મરઘાં તેમજ માછલી વગેરેના હાડકાંના અવશેષો મળી આવ્યા છે. આમ, તેઓ માંસાહારી પણ હતા. માછલી, દૂધ અને દહીંથી પણ તેઓ માહિતગાર હતા. આમ તેઓ માંસાહારી અને શાકાહારી હતા.

**3.4.2 પોશાક:**

હડપ્પનો કેવા દેખાતા હશે ? તેમનો શરીરનો બાંધો કેવો હશે ? તેના વિશેના અનુમાન તત્કાલિન પુરાવશેષીય સાધનોમાં મળી આવેલ પકવેલી માટીની આકૃતિઓ અને પથ્થરના શિલ્પો પરથી જાણી શકાય છે. તેમજ મળી આવેલા હાડપિંજરોના અવશેષો પણ ઘણું બધું કહી જાય છે. હાડપિંજરોના અભ્યાસ પરથી જાણી શકાય છે કે હડપ્પનો આજના ઉત્તરભારતના લોકોના દેખાવ સાથે મળતા આવતા હશે. તેમના મોં, ચહેરા, ઊંચાઈ વગેરે થોડે ઘણે ઘણે અંશે તે પ્રદેશમાં રહેતા લોકોને મળતાં આવે છે. પરંતુ પોશાકની વાત કરીએ તો હાલના લોકોનો જે પ્રકારનો પહેરવેશ છે તેવો પહેરવેશ  એટલે કે ખમીસ-સલવાર લેંઘા વગેરે હાલના સ્ત્રી પુરુષો જેવા ન હતા  તેવું આપણને તેમના પહેરવેશ અને તત્કાલિન ફેશન વગેરેનો ખ્યાલ મળી આવેલા શિલ્પો અને માટીની આકૃતિઓના અવશેષીય પુરાવાઓને આધારે પ્રાપ્ત થાય છે. પુરુષો મોટેભાગે અત્યારની સાડીની માફક એકજ વસ્ત્ર શરીરના નીચેના ભાગે વીંટીને તેનો છેડો ડાબા ખભા ઉપર અને જમણી બગલની નીચેથી પસાર થાય એ રીતે પહેરતા. બીજો પોશાક હાલની લુંગી (શરીરના કમરથી નીચેના ભાગને વીંટીને  થોડા કપડાંની પાટલી વાળવી)  અને ખમીસ બન્ને સ્ત્રીઓ અને પુરુષો પહેરતા. પુરુષોમાં વાળને વિવિધ પ્રકારની કેશગૂંફન શૈલીથી વ્યવસ્થિત રાખતા. ઘણીવાર ગોળ વાળીને તેના ઉપર પટો બાંધતા, જેથી વાળ સરખા રહી શકે.

પુરુષો સ્ત્રીઓ વધારે પ્રમાણમાં ઘરેણા પહેરતા. વીંટી, પહોંચી, ગળા અને હાથની ફરતા દાગીના પહેરતા. દાઢી વધારવાની ફેશન હતી પરંતુ મૂછોની હજામત કરતા. સ્ત્રીઓ કમરની ફરતા દાગીના પહેરતી. તેમજ કંઠહાર પણ પહેરતી. બંગડીઓ પણ પહેરતી. કેશગુંફનની શૈલીમાં વૈવિધ્ય જોવા મળતું. સ્ત્રીઓ પણ સૌંદર્ય પ્રસાધનની શોખીન હશે. પુરુષો અને સ્ત્રીઓ લાંબા વાળ રાખતા. તેઓના વસ્ત્રો સુતરાઉ કાપડના હતા. એક શિલ્પમાં લાલરંગની ડિઝાઈનવાળું વસ્ત્ર બનાવેલ હતું. આ બધી ફેશન હોવા છતાં આપણે જો હડપ્પાના માનવીને રસ્તા પર ચાલતો જોઈએ તો હાલની સરખામણીએ બીજા કોઈ પણ કરતાં તે વધારે ભિક્ષુક જેવો લાગે.

**3.4.3 સમાજવ્યવસ્થા:**

આપણે અગાઉ જોઈ ગયા કે હડપ્પીય સંસ્કૃતિના લોકો ખેતીમાં રોકાયેલા હતા તેમજ  થોડાં પ્રમાણમાં લોકો જુદી જુદી પ્રવૃતિઓમાં રોકાયેલા હતા. મોહેં-જો-દડો, ચન્હૂદડો અને લોથલ

વગેરેની વસાહતોમાં મોટાંભાગના હડપ્પનો મણકા બનાવવાના કામમાં રોકાયેલ સામાજિક વર્ગના  હતા. તેવું પ્રાક્અર્વાચીન સમયના સુધરેલા સમાજના અભ્યાસ પરથી જાણી શકાય છે. વિવિધ જાતના પથ્થરો જેવા કે અકીક, અકીકનો પથ્થર અને લાલ પીળો કે બદામી મણિના મણકા કે નીલમણિના મણકા બનાવવામાં વાપરતા. તેથી શક્ય છે કે આવા દરેક  પ્રકારના પથ્થરમાંથી વિવિધ મણકા બનાવનાર નિપુણવર્ગ સમાજમાં અસ્તિત્વ ધરાવતો હશે. કેટલાંક હડપ્પનો પથ્થરનાં હથિયારો બનાવવામાં કુશળ હશે. આ ઉપરાંત કુંભાર, તાંબા અને કાંસાના વાસણો બનાવનારા કારીગરો, મકાન બાંધનાર, ઈંટો બનાવનાર, મુદ્રા કોરનાર વગરેના કારીગરો-કસબીઓ હડપ્પીય નગરોમાં વસતા હશે. મળી આવેલી પુરાવશેષીય સાધન-સામગ્રીને આધારે આપણે ચોક્કસ કહી શકીએ કે આ હડપ્પીય સમાજમાં આ ચીજવસ્તુઓ બનાવનાર ઉત્તમ કારીગરોનું અસ્તિત્વ હશે. સ્ત્રીઓની મૂર્તિ વધુ પ્રમાણમાં મળે છે અને સ્ત્રીઓને વધારે મહત્વ અપાયેલું જોવા મળે છે એટલે કે માતૃસત્તાક સમાજવ્યવસ્થા પણ હોઈ શકે.

**3.4.4 ભાષા અને લિપિ:**

આ સંસ્કૃતિના લોકોના બોલચાલની ભાષા કઈ હશે? કઈ લિપિનો ઉપયોગ કરતા હશે. તેઓની વાચન લેખનની પ્રવૃતિ વિશે આપણે ખાસ જાણતા નથી કારણ કે અગાઉ આ વિશે ઉલ્લેખ કર્યો છે તે મુજબ હડપ્પીય સંસ્કૃતિની લિપિ અને ભાષા હજી સુધી આપણે ઉકેલી શક્યા નથી. કેટલાંક વિદ્વાનો માને છે કે જે ભાષા લખાયેલી છે તે દ્રાવિડિયન ભાષાઓના વર્ગની તામિલ પૂર્વજોની ભાષા છે. જ્યારે બીજા કેટલાક લેખકો વિચારે છે કે તે સંસ્કૃત જેવી પૂર્વજોની આર્યભાષા છે. હજુ શંકાથી પર એવું એકેય ઉદાહરણ સાબિત થયું નથી. પરંતુ લિપિ અંગે નોંધપાત્ર બાબત એ છે કે હડપ્પન સભ્યતાના સમગ્ર કાળ દરમ્યાન તે લિપિમાં કોઈપણ જાતનો ફરક નોંધાયો નથી. બીજી બધી પ્રાચીન લિપિઓએ કાળના વહેવા સાથે તેમાં સ્પષ્ટ ફરક બતાવ્યો છે.

આ બતાવે છે કે હડપ્પન લિપિ સામાન્ય વપરાશની નહીં હોય. કદાચ બહુ જ નાના ખાસ લહિયા વર્ગનો લેખિત શબ્દ ઉપર ઈજારો હોવો જોઈએ. તેઓ આ બધું કેવી રીતે શીખ્યા હશે ? શું શીખ્યા હશે ? તે આપણે જાણતા નથી. તેઓને ભણવા માટે શાળાઓની વ્યવસ્થા હતી કે નહી તે જાણતા નથી. જ્યારે સમકાલીન મેસોપોટેમિયામાં શાળાઓ હતી તેવું જાણવા મળે છે.

**3.4.5 ઓજારો અને હથિયારો:**

આ સભ્યતામાં ગ્રામ્ય અને નગરીય એમ બન્ને સંસ્કૃતિઓનો સમન્વય જોવા મળે છે.  બન્નેમાં એક જ પ્રકારના બન્ને બાજુએ ધારવાળા પથ્થરના પાના વાપરતા. આ પાના સારા યોગ્ય પથ્થરમાંથી બનાવવામાં આવતા. જે બીજે કોઈ સ્થળે મળે તેમ ન હતા. આવા પથ્થરો સિંધમાં સક્કર જેવા પ્રદેશમાંથી મેળવી શકાયા છે. આથી અનુમાન કરી શકાય કે ગુજરાતમાં રંગપુર જેવા સ્થળોએ પણ પથ્થરના હથિયારો દૂરના સ્થળેથી લાવીને લોકો વાપરતા. આ સમય હડપ્પન સભ્યતાની પડતી થઈ ત્યારથી આ પ્રદેશના લોકો સ્થાનિક પથ્થરના બનાવેલા ઓજારો વાપરવા લાગ્યા. બીજી વસ્તુઓમાં ત્રાંબુ અને કાંસુ. ત્રાંબુ માત્ર અમુક જ વિભાગોમાં મળતું. બધાં જ હડપ્પન ક્ષેત્રોમાં ત્રાંબા અને કાંસાના હથિયારો મળે છે. આ હથિયારોમાં તેની ડિઝાઈન અને રજૂઆત વચ્ચેનું સામ્ય બધા હડપ્પનક્ષેત્રમાં જોવા મળે છે. ઓજારોનું ઉત્પાદન અને

વિતરણ કોઈ એક કેન્દ્રીય સંસ્થાના હસ્તક હશે. જેમાં શહેરી વેપારીઓ અથવા વહીવટકારો સામેલ હશે.

**3.4.6 મનોરંજનના સાધનો**: માછલી પકડવી, શિકાર કરવો, પશુપક્ષીઓની સાઠમારી, ચોપાટ, પાસા વગેરે દ્વારા મનોરંજન મેળવતા

**3.4.7 વાસણો:** માટી કે ધાતુમાંથી બનાવેલા વાસણોમાં કળશ, થાળી, વાટકા, માટલા પ્યાલા વગેરેનો ઉપયોગ કરતાં હશે.

**3.5 ધર્મ :**

માનવીના જીવનમાં ધર્મનો ગાઢ પ્રભાવ રહ્યો છે. આ વિભાગમાં હડપ્પીય સંસ્કૃતિના ધર્મ અને માન્યતાઓ વિશે માત્ર અનુમાનો કરીને ધાર્મિક જીવન વિશે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સંસ્કૃતિના લોકોનું ધાર્મિક જીવન કેવું હશે ? કોની પૂજા-અર્ચના કરતા હશે ? મોટે ભાગે પ્રાકૃતિક તત્વોની પૂજા કરતા હશે તેવું જાણવા મળે છે. પરંતુ આ બાબતે પણ ચોક્કસ આધારો પ્રાપ્ય નથી. તેથી હાલ પૂરતા પ્રાપ્ય અવશેષીય પુરાવાઓને આધારે અનુમાનો દ્વારા ધાર્મિક જીવન વિશે રજૂઆત કરી છે.

**3.5.1 પ્રકૃતિના વિવિધ તત્વોની પૂજા**:

**(1) શિવપૂજા**:

આ સંસ્કૃતિમાં એક ત્રિમુખી દેવ અને માતૃશકિતને મહત્વ આપેલું જોવા મળે છે. પથ્થરના લિંગ અને યોનિના અવશેષો હડપ્પા અને મોહેં-જો-દડો ખાતેથી મળી આવ્યા છે જેની પૂજા થતી હશે તેમ માનવામાં આવે છે. એક ત્રિમુખી પુરુષ ધ્યાનની મુદ્રામાં છે અને તેની ડાબી બાજુ એક ગેંડો અને પાડો જ્યારે જમણી બાજુ હાથી, વાઘ અને હરણનું ચિત્ર અંકિત થયેલું છે. જેને માર્શલ હિન્દ દેવ પશુપતિ માનીને શિવ સાથે સરખાવે છે. હાલના નામ શિવ અને શંભુ શબ્દ પણ દ્રવિડ શબ્દ “શિવાન” અથવા તો "શમ્બૂ" પરથી ઉતરી આવેલો જણાય છે. મુદ્રાઓમાંથી મળેલા પુરાવા સૌપ્રથમ સૌથી વિખ્યાત દેવ તે શિવની આકૃતિ તરીકે ઓળખાયા છે. સંખ્યાબંધ મુદ્રાઓમાં દેવે ભેસના શિંગયુક્ત માથાનુ વેષ્ટન પહેર્યું છે અને યોગાસનમાં બેઠેલા દર્શાવ્યા છે. દેવ પશુઓ જેવાં કે બકરા, હાથી, વાઘ અને સાબરથી ઘેરાયેલા છે. માર્શલે આ દેવને પશુપતિ તરીકે ઓળખાવ્યા છે. કેટલાક અવશેષોમાં દેવને તેના શિંગની વચ્ચે અંકુર ફૂટેલો છોડ ઉગતો બતાવ્યો છે. બીજા એક દાખલામાં શિંગયુક્ત દેવ અને તેના ઝૂલતા વાળ સાથે પીપળાના વૃક્ષની ડાળીઓ વચ્ચે નગ્નાવસ્થામાં ઉભેલા છે અને તેની આગળ એક ભક્ત ઘૂંટણીયે પડેલો છે. આ ભક્તની પાછળ બકરાના મુખવાળો માનવ અને સાત બીજી માનવાકૃતિઓ છે તેઓને લાંબા ચોટલા અને ઊંચા શિરોવેષ્ટન છે. એક મુદ્રામાં યોગીની આકૃતિને વીંટળાયેલા સર્પો બતાવેલા છે. આ દરેક લક્ષણ શિંગડાયુક્ત દેવ સાથે સંકળાયેલા છે કે પછીના ઈતિહાસમાં શિવ તરીકે ઓળખાયા છે તેને લાગુ પડે છે. આ ઉપરાંત કેટલીક હડપ્પન વસાહતોમાંથી શિવનું પ્રતીક લિંગ મળી આવ્યાં છે. આ બધા પુરાવાઓથી નિષ્ણાંતો એવા મત ઉપર આવ્યા છે કે શિવ હડપપાના સૌથી મહત્વના પુરુષદેવ હતા. કદાચ મંદિરો પણ એ જ દેવને અર્પણ કરેલા હોઈ શકે.

**(2) માતૃદેવીની પૂજા :**

એક મુદ્રા પર પીપળાની ડાળીની મધ્યમાં દેવીનું ચિત્ર અંકિત થયેલું છે. આ દેવીની સામે બલિના હેતુસર એક બકરો લાવવામાં આવ્યો હોય તેવું જણાય છે. આ ઉપરાંત પણ માતૃદેવી જેવી અનેક મર્તિઓ મળી આવી છે. જે માતૃશકિતની પૂજા થતી હશે તેમ માનવામાં આવે છે. માતૃશકિતના હાલના નામ અંબિકા પણ દ્રવિડ શબ્દ અમ્બ અથવા તો અમ્મ પરથી ઉતરી આવેલો જણાય છે.

હડપ્પન વસાહતોમાંથી મોટા જથ્થામાં પકવેલી માટીની નારીની આકૃતિઓ મળી આવી છે તેમાં રજૂ થયેલી સ્ત્રી આકૃતિઓ પહોળા કંદોરા અને હાર સાથે શોભે છે.તેઓ પંખા આકારનું શિરોવેષ્ટન પહેરે છે. ક્યારેક તેઓ બાળક સાથે બતાવેલી છે. ફળદ્રુપતાનો સામાન્ય વિચાર ગર્ભાવસ્થાયુક્ત સ્ત્રીઓની ઘણી રજૂઆતોમાં બતાવેલા છે. આ પુરાવાઓ બતાવે છે કે ફળદ્રુપતામાં સંપ્રદાય અને માતૃકાની પૂજા પ્રચલિત હતી.

**(3) પશુપૂજા :**

મુદ્રા અને મુદ્રાંકનો અને પાકી માટી ઉપરની આકૃતિઓને આધારે કહી શકાય કે મોટી સંખ્યામાં પશુઓની પૂજા થતી હશે. ચન્દૂદડોમાંથી એક મુદ્રા મળી આવી છે. તેમાં ટટ્ટાર લિંગવાળો જંગલી પાડો ચત્તીપાટ માનવઆકૃતિને ગર્ભધાન કરતો બતાવ્યો છે. મનુષ્ય આકૃતિના મસ્તકમાંથી છોડ અંકુરિત થાય છે. આ સ્પષ્ટપણે કોઈ ફળદ્રુપતાનો સંપ્રદાય બતાવે છે. બ્રાહ્મણી સાંઢ અને ગાય પ્રત્યેના પૂજ્યભાવની શરૂઆત હડપ્પન સભ્યતાથી શરૂ થઈ હોય.

ઘણા સંયુક્ત પ્રાણીઓ મુદ્રામાં બતાવેલા છે. અને પશુઓનો આગળનો ભાગ માનવનો અને પાછળનો ભાગ વાઘનો છે. તે જ પ્રમાણે સંયુક્ત પશુઓમાં બકરા, બળદ અને હાથીઓના જુદા જુદા ભાગ વારંવાર રજૂ થાય છે. સ્પષ્ટ રીતે આ પશુઓ પ્રજાના સાધન તરીકે હોવા જોઈએ. સંયુક્ત પશુઓ જેવા કે નરસિંહના વિચાર પાછળથી ભારતી પ્રણાલિનો પૌરાણીક ખ્યાલ છે. પરંતુ અગત્યનું પશુ વારંવાર હડપ્પન મુદ્રાઓ પર રજૂ થાય છે. તે એક શૃંગી પશુ છે.આ પશુ અશ્વ જેવું છે પરંતુ તેનું શિંગડું માથાની વચ્ચેથી નીકળેલું છે. આ પશુની આગળ એક વિચિત્ર વસ્તુ છે કે જે કોઈપણ પશુના સંબંધમાં બતાવેલી નથી. તે એક તાંસળું મધ્યમમાં અને નીચે પીંજરા જેવી વસ્તુ છે. આપણે તેનું કાર્ય જાણતા નથી પરંતુ તે પવિત્ર દાણા નાખવા માટેનું અથવા ધૂપ માટેનું પાત્ર હોઈ શકે. બીજી એક મુદ્રાની છાપમાં એક શૃંગી પશુને બે વસ્તુની વચ્ચેથી સરઘસ આકારે લઈ જતાં બતાવ્યું છે. એ સ્પષ્ટ છે કે તેમાંનુ એક તો પૌરાણિક કાલ્પનિક પશુ છે. હજુ સુધી આવું એક પણ પશુ મળ્યું નથી.કદાચ તે સંપ્રદાયની માન્યતાની વસ્તુ હોય. આ સંસ્કૃતિની અનેક મુદ્રાઓ પર પશુઓના ચિત્રો અંકિત કરેલા જોવા મળે છે. પશુઓમાં ખૂંધવાળો સાંઢ આ દેવનું વાહન પૂજનીય હતો.

**(4) વૃક્ષ પૂજા:**

હડપ્પના વૃક્ષદેવતાની પૂજા કરતા જણાયા છે. કેટલીક મુદ્રાઓમાં પીપળાનું વૃક્ષ અંકાયેલું છે. એક મુદ્રા પર પીપળાની ડાળીની મધ્યમાં દેવીનું ચિત્ર અંકિત થયેલું છે. પીપળા જેવા વૃક્ષની પણ પૂજા થતી હશે ઘણામાં વૃક્ષની ડાળીઓમાંથી જોતી આકૃતિઓ બતાવેલી છે. વિદ્વાનો માને

છે કે આ વૃક્ષદેવ છે. કેટલાકમાં ભક્તો વૃક્ષની આગળ ઊભા રહેલા બતાવેલા છે. જ્યારે બીજા કેટલાકમાં વાઘ કે બીજું કોઈ પ્રાણી વૃક્ષની આગળ ઉભેલું બતાવેલું છે. જ્યારે એકમાં સાત માનવ આકૃતિઓ વૃક્ષની આગળ ઉભેલી છે અને વૃક્ષની અંદર શિંગડાવાળી એક આકૃતિ ઉભેલી છે. આ શિંગડાવાળી આકૃતિ કદાચ શિવ છે. સૈકાઓથી પીપળાનું વૃક્ષ ભારતમાં પૂજાય છે અને ઘણા સંજોગોમાં પીપળાનું વૃક્ષ અને શિવ બંને ભેગા પૂજવામાં આવતા. સાત આકૃતિઓને કેટલીકવાર સાત મહાન ઋષિઓ અથવા ભારતીય પુરાતત્વશાસ્ત્ર પ્રમાણે સાત માતૃકાઓ તરીકે ઓળખવામાં આવે છે.

**(5) અગ્નિપૂજા:**

કાલિબંગન અને લોથલના હડપ્પનો બીજી ધાર્મિક રીતો અપનાવતા હશે. કાલિબંગનના આંતર કોટમાં ઊંચા ઈંટોના ઓટલા મોટી સંખ્યામાં પ્રાપ્ત થયા છે તેના ઉપર અગ્નિનીવેદી અર્થાત ઈંટોના હારબંધ ખાડા કે જેમાં રાખ અને પશુઓના હાડકાં છે. આ સ્થળે કૂવો અને સ્નાન માટેના સ્થાનો છે. આ સમૂહ કોઈ પ્રકારના ધાર્મિક રિવાજનું કેન્દ્ર હશે. જ્યાં પશુ બલિદાન, ધાર્મિક સ્થાન અને કોઈ પ્રકારની અગ્નિની પૂજા કરાતી હોય. નીચેના નગરના ઘણા ઘરોમાં એકાદ ઓરડામાં અગ્નિવેદી જોવા મળે છે. બીજા ઘણા અગ્નિકુંડો મળી આવ્યા છે. લોથલમાં પણ અગ્નિકૂંડો મળી આવ્યા છે. આ પુરાવાઓ ઘણા અગત્યના છે કારણ કે તે બતાવે છે કે હડપ્પનો જુદાજુદા ભૌગોલિક પ્રદેશોમાં રહેતા અને જુદી જુદી ધાર્મિક રીતો અપનાવતા અને વૈદિક ધર્મમાં અગ્નિપૂજા કેન્દ્રસ્થાને હતી. વૈદિક આર્યો જુદા સમૂહના લોકો હતા. કાલિબંગનનો પુરાવો બતાવે છે કે હડપ્પનોની ધાર્મિક વિધિઓ આર્યો જ્યારે આ પ્રદેશમાં આવ્યા અને સ્થિર થયા ત્યારે તેઓએ અપનાવી.

**(6) વીરપૂજા:**

કેટલીક માનવઆકૃતિઓ મુદ્રાઓ અને તાવીજો ઉપર મળી આવી છે. તે ધાર્મિક દ્રષ્ટિએ અગત્યની જણાઈ છે. માથા ઉપર શિંગડા અને લાંબા પૂંછવાળી માનવ-બી આકૃતિઓ વારંવાર મુદ્રાઓ પર બતાવેલી છે. કેટલીક વખત તેઓને પશુની જેમ ખરી અને પાછળ પગો પણ હોય છે. બીજી કેટલીક મુદ્રાઓ આપણને મેસોપોટેમિયાની યાદ અપાવે છે. દા.ત. એક માણસ બે વાઘને ગળેથી પકડે છે. તે જોતા તરત જ આપણને બહાદુર લડવૈયા ગિલ્ગેમેશ(Gilgamesh) ની યાદ અપાવે છે કે જેણે બે વાઘને મારી નાખ્યા હતા.

### 3.5.2 પૂજાવિધિ અને ધાર્મિક માન્યતાઓ:

લોકોએ પોતાના દેવોની કલ્પના માનવી અને પશુના રૂપે કરીને તેની મૂર્તિઓ બનાવી હતી અને તેની પ્રતિષ્ઠા માટેના મંદિરોના કોઇ જ અવશેષો પ્રાપ્ત થયા નથી. એટલે કદાચ પોતપોતાના ઘરોમાં દેવગૃહોમાં જ તેની પૂજા કરતા હોઈ શકે દેવપૂજા પૂર્વે શરીર શુદ્ધિ પર ભાર મૂકવામાં આવેલો જણાય છે. પૂજામાં ધૂપ-દીપ કરવા, ફૂલ ચડાવવા, ગાયન-વાદન, પશુબલિ અને કદાચ નરબલિને પણ સ્થાન હશે અને ભાષાશાસ્ત્રીઓના મતાનુસાર આ પૂજા શબ્દ પણ દ્રવિડ શબ્દ જ છે. અત્રે નોંધનીય છે કે વૈદિક ધર્મ એ યજ્ઞપ્રધાન ધર્મ હતો પૂજા ધર્મ ન હતો.

### 3.5.3 પૂજા સ્થાનકો :

કિલ્લાની અંદરના અને મોહેં-જો-દડોના નગરના નીંચાણ ભાગમાં મોટી સંખ્યામાં આવેલી ઈમારતોને દેવસ્થાનો માનવામાં આવે છે. મોટાં પથ્થરના શિલ્પો મોટી સંખ્યામાં આ મકાનોમાંથી મળવાને કારણે આ વિચારને સમર્થન મળે છે. મોહેં-જો-દડોના નીચેના ભાગમાંથી એક મોટું મકાન શોધાયું છે આ મકાનને ભવ્ય પ્રવેશદ્વાર અને પહોળી સીડી ઊંચા ઓટલા તરફ લઈ જાય છે. જે પ્લેટફોર્મ (ઓટલા) ઉપરથી 16.1/2 ઈંચ ઊંચુ પથ્થરનું શિલ્પ મળ્યુ છે. આ શિલ્પ બેઠેલા માનવનું છે અને તેના બે હાથ ઢીંચણ ઉપર છે. તેનો દાઢીવાળો ચહેરો છે. તેના કપાળ ઉપર ખેંચીને બાંધેલી રીબન અને તેના બે છેડા મસ્તક પાછળની બાજુ લટકતા છે. બીજી પણ પથ્થરની પ્રતિમા આ મકાનમાંથી શોધાઈ હતી તેથી જ વિદ્વાનો આ મકાનને મંદિર તરીકે ઓળખાવે છે.

મોહેં-જો-દડોના અંતરકોટના કિલ્લામાંથી કેટલીક ઈમારતો મળી આવી છે. તે પણ કર્મકાંડ સાથે સંબંધિત હોય એમ જણાય છે. આ ઈમારતોમાં મોટું સ્નાનાગાર તો ખૂબ જ જાણીતું છે. અહીંની વિસ્તૃત નાહવા માટેની વ્યવસ્થા ભારતના પછીના ઐતિહાસિક તબક્કામાં દરેક ધાર્મિક સ્થળમાં પવિત્ર કર્મકાંડ માટે કરવામાં આવેલી જોવા મળે છે. આથી સમજાય છે કે મોટું સ્નાનાગાર માત્ર તરવા માટેનો હોજ ન હતો. પરંતુ તેનું કર્મકાંડની દષ્ટીએ ખૂબ મહત્વ હતું. મોટા સ્નાનાગારની બાજુમાં એક મોટું મકાન (230 x 78 ફીટ) મળ્યું છે. તેને કોઈ મોટાપુરોહિતનુ નિવાસસ્થાન અથવા પુરોહિતોની સંસ્થા તરીકે ઓળખાવામાં આવ્યું છે તેવી જ રીતે લંબચોરસ સભાગૃહ પણ અંતરકોટના સ્થળેથી મળી આવ્યું છે. આ ઈમારતની ડાબી બાજુએ કેટલાંક ઓરડાઓનો સમૂહ મળી આવ્યો છે. તેમાંના એકમાં બેઠેલા એક પુરુષની પ્રતિમા મળી છે. આ ઈમારતને પણ ધાર્મિક ઈમારતના ભાગ તરીકે ઓળખવામાં આવી છે. આપણે માની લઈએ કે કેટલાક ક્રિયાકાંડો મોટા મંદિર જેવી ઈમારતોમાં થતા હશે.

**3.5.4 અંતિમ સંસ્કારની વિધિ (શબની દફનવિધિ ક્રિયા)**:

માનવસમૂહમાં મરેલાનો નિકાલ એક અગત્યની ધાર્મિક ક્રિયા છે. તેનું કારણ એ કે મૃત્યુ પામેલા તરફનું વલણ મનુષ્યની આ જીવન અને પરજીવન ને લગતી માન્યતાઓ સાથે સંકળાયેલું છે. ઈજિપ્તમાં પિરામીડ કે મેસોપોટેમિયા શહેરના ઉર(છદ્ર)માંથી જે પ્રકારનું રાજવીઓનું ભવ્ય કબ્રસ્તાન મળ્યુ છે. એવી પણ એક ઈમારત હડપ્પન સભ્યતાએ મરેલા માટે ઉભી કરેલી નથી. છતાંપણ આપણી પાસે હડપ્પનોના દાટવાની ક્રિયાના કેટલાક પુરાવાઓ છે.

હડપ્પામાં ઘણી કબરો શોધાઈ છે. શબોને સામાન્ય રીતે ઉત્તર-દક્ષિણ મૂકવામાં આવતા. શરીર તેમની પીઠ પર મૂકવામાં આવતા. કબરમાં મોટી સંખ્યામાં માટીના ઘડામાં મૂકવામાં આવતા. કેટલાક સંજોગોમાં મૃતદેહને તેમના અલંકારો જેવા કે બંગડીઓ, કંઠહાર અને કાનના અલંકાર સાથે દાટવામાં આવતા. કેટલાકમાં ત્રાંબાના અરીસા, છીપલાની બંગડીઓ, સુરમો લગાડવાની સળીઓ વગેરે કબરમાં મૂકવામાં આવતી. ઘણી કબરો ઈંટોથી ચણેલી છે. દફનક્રિયા માટેની શબપેટી હડપ્પામાંથી મળી આવી છે. કાલિબંગનમાં બીજા જ પ્રકારની દાટવાની પદ્ધતિ નજરે પડી છે. નાના વર્તુળાકાર ખાડા કે જેમાં મોટાં વાસણો અને તે સાથે માટીના વાસણો મળી આવ્યા છે, પણ તેમાં હાડપિંનજરના અવશેષો નથી. દફન માટેના બીજા ખાડા એકત્ર કરેલાં

હાડકાં સાથે મળી આવ્યા છે. લોથલમાં બે હાડપિંજર તેમાં એક પુરુષ અને એક સ્ત્રી સાથે દાટેલા મળ્યા છે. આ પ્રથા બતાવે છે કે હડપ્પનોમાં મૃતદેહને નિકાલ કરવાની ધીરે ધીરે જુદી પદ્ધતિ થતી જાય છે. ઐતિહાસિક તબક્કામાં મહત્વની પદ્ધતિ દફનક્રિયા જણાય છે. સાથોસાથ શરીરની સાથે સંભાળપૂર્વક મૂકેલા અલંકારો અને પ્રસાધન સામગ્રી મૃત્યુ પછીના જીવનની માન્યતા તરફ દોરે છે. કઈ માન્યતા હશે તેનાથી આપણે અજાણ છીએ.

ઉત્ખનનમાંથી મળેલા જુદા જુદા પ્રદેશો જુદી જુદી ધાર્મિક રીતો અનુસરતા. અગ્નિપૂજા કાલિબંગન અને લોથલમાં જાણીતી હતી. પણ હડપ્પા અને મોહેં-જો-દડોમાં તે અપરિચિત હતી. ધાર્મિક સ્નાનના પુરાવા મોહેં-જો-દડો માંથી મળે છે પણ તે હડપ્પામાં નથી. દફનની પદ્ધતિઓમાં પણ ઘણો ફરક જણાય છે. જેમ કે ભૂમિમાં લંબાવીને મૂકેલા દફન, બે ભેગાં દાટેલાં દફન અને માટીના પાત્રમાં શબને દફન કરવાના કાલિબંગનના અવશેષો બતાવે છે કે વિવિધ દફનની પદ્ધતિઓ એક જ વસાહતમાં આચરવામાં આવતી. આ પ્રકારની ધાર્મિક માન્યતાઓ અને રિવાજોની વિવિધતા એક જ વસાહતાના શહેરો- કેન્દ્રો માં જટિલ પદ્ધતિઓનું પ્રતિબિંબ પાડે છે. જ્યારે ટોળીઓના સમૂહોમાં દરેક માણસ પોતાની ટોળીમાં એક જ પ્રકારની ધાર્મિક વિધિ અનુસરે છે, જ્યારે અહીં શહેરી કેન્દ્રોની વિશિષ્ટતા એ હતી કે લોકો જુદા જુદા પ્રકારની ધાર્મિક વિધિ અનુસરતા હતા. આનો અર્થ એ છે કે શહેરી કેન્દ્રો વિવિધ સામાજિક જૂથોના રાજકીય અને આર્થિક એકીકરણથી બન્યાં હતા. શહેરી કેન્દ્રો એટલે કે જુદા જુદા પ્રદેશોના વેપારીઓનો વસવાટ તેમની અલગ અલગ ધાર્મિક માન્યતાઓ પ્રમાણેનો હતો. આ જૂથો પોતાના સામાજિક અને ધાર્મિક રિવાજો સાચવતા અને પોતાનું રાજકીય અને આર્થિક સ્વાતંત્ર્ય ગુમાવતા.

માર્શલના મતાનુસાર ત્રણ પ્રકારે અંતિમ સંસ્કાર થતાં **હતાં.**

**(1) પૂર્ણ સમાધિકરણ**:

જેમાં મૃતકના સંપૂર્ણ શરીરને આભૂષણો, સૌંદર્યપ્રસાધનો અને વાસણ વગેરે સાથે દફનાવી દેવામાં આવતું હતું. આ પ્રકારની વિધિ સુમેરિયન સંસ્કૃતિમાં પ્રચલિત હતી. લોથલમાં પણ આ પ્રકારની અંતિમ સંસ્કાર વિધિ જોવા મળે છે. પરંતુ ત્યાં ત્રણ જગ્યાએ બે-બે શબ સાથે દફનાવેલા જોવા મળે છે. શ્રી એસ.આર.રાવના મતે તત્કાલિન યુગમાં સતીપ્રથાનો સંકેત છે. પરંતુ શ્રી સાંકળીયાના મતાનુસાર સતીપ્રથામાં શબોની દફનવિધિ નહીં પરંતુ અગ્નિ સંસ્કારની વિધિ થાય છે.

**(2) આંશિક સમાધિકરણ**:

જેમાં શબને પશુઓ દ્વારા ખાઈ ગયા બાદ વધેલા અસ્થિઓને એકત્ર કરીને એક ખાડામાં દાટી દેવામાં આવતા.

**(3) અગ્નિ સંસ્કાર**:

શબને અગ્નિ સંસ્કાર આપવામાં આવતા. આ પ્રકારની વિધિના અવશેષો મોહેં-જો-દડો અને હડપ્પા ખાતેથી મળી આવ્યા છે.

## 3.6 પતન:

આટલી સુસંસ્કૃત અને વિકસિત સંસ્કૃતિનું પતન કેમ થયું હશે તે માટે એકથી વધુ કારણો હોઈ શકે તેવું અનુમાન કરી શકાય છે. આ સભ્યતાના પતન વિશે વિદ્વાનો જુદા જુદા મત દર્શાવે છે. તેમાં સર્વસામાન્ય એ છે કે આ સભ્યતાનું પતન કુદરતી આફતોને કારણે થયું હશે. જેમાંની કેટલીક નીચે મુજબ છે. આ સભ્યતાના મળી આવેલા અવશેષોને આધારે આ સભ્યતાના પતન વિશે જાણવા મળે છે.

**3.6.1 ભયંકર પૂર અથવા ધરતીકંપ:**

આ સભ્યતાના મોટા નગર એવા મોહેં-જો-દડો ખાતેથી મળી આવેલા અવશેષીય પુરાવાઓને આધારે કહી શકાય કે અહીંના વિવિધ તબક્કાના રહેઠાણો પૂરના કારણે અલગ પડી ગયા હશે. કારણ કે મોહેં-જો-દડો નગરના રસ્તાઓ અને રહેઠાણો કાંપથી ઢંકાઈ ગયેલા છે.પૂરના પાણીને લીધે કાંપની માટી રહી ગયેલી તેમજ મકાનો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા હશે અને પાણી ઓસરી ગયા પછી લોકોએ જૂના મકાનોના ખંડેરો ઉપર ફરીથી નવા મકાનો અને રસ્તાઓનું બાંધકામ કર્યું હશે. આ પ્રકારનું બાંધકામ ત્રણેકવાર થયેલું જોવા મળે છે. મકાનોના ઘણા થર તો કાંપના થરોથી વિભાજિત થયેલા છે. વિદ્વાનોના મતે ભયંકર પૂરના કારણે જ આવું બન્યું હશે. ઉપરાંત આ સભ્યતાનું પતન ધરતીકંપને કારણે પણ થયું હોવાનું અનુમાન છે કારણ કે સિંધુ નદીનો આ પટ્ટો ધરતીકંપસ્ત વિસ્તાર છે ધરતીકંપને કારણે સપાટ મેદાનોની સ્થિતિ ઊંચી આવી ગઈ જેથી નદીના પાણીનો માર્ગ અવરોધાતા નદીના પાણી શહેરોમાં ફરી વળ્યા. તેમજ ધરતી કંપને કારણે જમીન દરિયાથી દૂર ધકેલાતા ધંધાકીય શહેરોને અસર થઈ. જો કે સિંધુ ખીણની વસાહત સિવાયના વિસ્તારો માટે આ સિદ્ધાંત લાગુ કરી શકાય તેમ નથી.

**3.6.2 કેટલીક નદીઓનો જળમાર્ગ બદલાતા તેમજ નદીઓ સૂકાઈ જવું :**

વિશ્વની મોટાભાગની સભ્યતાઓ નદી કિનારે જ પાંગરીને વિકસી છે. હડપ્પીય સભ્યતા પણ સિંધુ નદીને કિનારે પાંગરી હતી. સિંધુ નદી અસ્થિર છે અને પોતાનો પટ બદલ્યા કરે છે. સિંધુ નદી મોહેં-જો-દડોથી લગભગ ૩૦ માઈલ જેટલી દૂર ખસી છે. પાણીની મુશ્કેલીના કારણે નગરના લોકો અહીંથી સ્થળાંતર કરી ગયા હશે.તેમ અનુમાન કરવામાં આવે છે. જ્યારે કેટલાક વિદ્વાનોના માતાનુસાર નદીઓનું સૂકાઈ જવું અને સૂકા પ્રદેશમાં વધારો થયો હોય તેને માને છે. અર્ધસૂકા જેવા આ સભ્યતાના વિસ્તારોમાં ભેજનો સહેજ પણ ઘટાડો થતા પાણીની સમસ્યા ઊભી થતી હતી. તેની અસર ખેતીવાડી અને ઉપર પર થતા શહેરોની આર્થિક સ્થિતિ કથળી હતી. પતન માટેનું આ પરિબળ રસપ્રદ છે પરંતુ સૂકા પ્રદેશોની સ્થિતિ વિશે પૂરતો અભ્યાસ થયો નથી. તેને માટે વધુ માહિતી જરૂરી છે.

**3.6.3 જંગલી લોકોના આક્રમણ:**

કેટલાક વિદ્વાનોનું માનવુ છે કે હડપ્પન સભ્યતાનો નાશ આર્યોના આક્રમણોથી થયો. કારણ કે આ સભ્યતાના નગર મોહેં-જો-દડોમાં છેવટના તબક્કામાં કતલના પુરાવાઓ મળે છે. શેરીઓમાં માનવ હાડપિંજરો મળી આવ્યા છે. વેદના દેવ ઇન્દ્રને પુરંદર તરીકે એટલે કે કિલ્લાના ભંજક તરીકે ઓળખવામાં આવે છે અને આ નગરી સભ્યતામાં રક્ષણ માટે કિલ્લાઓ

બનાવતા હોવાનું આપણે આગળ જોઈ ગયા છીએ. જો કે આ મત મોટાભાગના વિદ્વાનોને અસ્વીકાર્ય છે. કારણ કે આ સભ્યતાનો નાશ આશરે ઈ.સ.પૂ. 1800 માં થયો હતો જ્યારે આર્યોનું આગમન ઈ.સ.પૂ. 1500ની આસપાસના સમયગાળામાં થયું હોવાનું મનાય છે.તેથી હડપ્પનો અને આર્યો એકબીજાના સંપર્કમાં આવ્યા હોય તે અસંભવ છે. વળી શેરીઓમાં મળી આવેલા હાડપિંજરો એક અગત્યનો પુરાવો ગણી શકાય પરંતુ તેનું કારણ પર્વતીય પ્રદેશમાં લૂંટારું હુમલા પણ હોઈ શકે.

**(ક) તમારી પ્રગતિ ચકાસો :**

(1) હડપ્પીય સભ્યતાના રસ્તાઓ અને મકાનોની વિશેષતાઓ દસ લીટીમાં જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

(2) હડપ્પન સભ્યતામાં વિનિમય પદ્ધતિ વિશે દસ લીટીમાં જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

(3) હડપ્પન સભ્યતાના લોકોના પહેરવેશ  વિશે દસ લીટીમાં જણાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

(4) હડપ્પીય સભ્યતામાં ધાર્મિક દેવ-દેવીઓની પૂજા વિશે દસ લીટીમાં લખો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**(ખ) નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે (  ) માં દર્શાવો.**

1. હડપ્પીય સભ્યતાના નગરોમાં રસ્તાઓ એકબીજાને કાટખૂણે છેદતા હતા.( )
2. કોઠારના ભોંયતળિયાની ફાટમાંથી જુવારના ડૂંડાના અવશેષો મળ્યા છે. ( )
3. મકાનનો મુખ્ય દરવાજા જાહેર માર્ગ તરફ રાખવામાં આવતા હતા. ( )
4. રસ્તાની બન્ને બાજુએ કચરા પેટીઓ હતી. ( )
5. રાજસ્થાનમાં તાંબુ આયાત કરવામાં આવતું. ( )
6. લોથલમાંથી પકવેલી વહાણ અંગેનો કોઈ પુરાવો પ્રાપ્ત થયેલ નથી. ( )
7. હડપ્પન સભ્યતામાં માલસામાનની હેરફેર માટે ઘોડાગાડીનો ઉપયોગ થતો. ( )
8. હડપ્પન સભ્યતાના લોકો માંસાહારી અને શાકાહારી હતા. ( )
9. હડપ્પન સભ્યતાના સમગ્ર કાળ દરમ્યાન તે લિપિમાં કોઈ પણ જાતનો ફરક જોવા મળતો નથી. ( )

10. હડપ્પીય સંસ્કૃતિની લિપિ હજી સુધી આપણે ઉકેલી શક્યા નથી. ( )

11. હડપ્પન સભ્યતાના લોકો મોટેભાગે સુતરાઉ કાપડના વસ્ત્રો પહેરતા હતા. ( )

12. હડપ્પન સભ્યતામાં માતૃસત્તાક સમાજવ્યવસ્થા હોય તેમ જણાય છે. ( )

13. હડપ્પીય સભ્યતામાં પશુઓમાં ખૂંધવાળો સાંઢ પૂજનીય હતો.

14. હડપ્પીય સભ્યતામાં પીપળાના વૃક્ષની પૂજા થતી હતી. ( )

15. હડપ્પીય સભ્યતામાં દફનક્રિયામાં શબોને સામાન્ય રીતે ઉત્તર-દક્ષિણ મૂકવામાં આવતા. ( )

16. લોથલમાંથી બે હાડપિંજર તેમાં એક પુરૂષ અને એક સ્ત્રી સાથે દાટેલા મળ્યા છે. ( )

17. હડપ્પીય સભ્યતામાં હાથીની પૂજા થતી હતી. ( )

**(ગ) ખાલી જગ્યા પૂરો.**

1. હડપ્પન સભ્યતામાં મળી આવેલા બાટનો અનુપાત .................છે. (16,20)
2. હડપ્પન લોકો ............ધાતુના હથિયારો વાપરતા હતા. (તાંબુ, લોખંડ)
3. મેસોપોટેમિયામાંથી..............ની નિકાસ થતી હતી.(ચાંદી, તાંબુ)
4. હડપ્પન લોકો સોનુ ................માંથી આયાત કરતા.(કર્ણાટક, કાશ્મીર

**3.7 સારાંશ :**

આ સંસ્કૃતિની શોધ થયા પછી ભારતીય ઈતિહાસના ખ્યાલ બાબતે ફેરવિચારણા કરવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. કારણ કે, હડપ્પીય સંસ્કૃતિની શોધ થઈ તે પહેલાં ભારતનો ઈતિહાસ વેદયુગથી શરૂ થતો હતો. તેને સ્થાને હવે વેદયુગ પૂર્વે આશરે ઈ.સ. પૂર્વે ૨૫૦૦ની આસપાસના સમયની આ હડપ્પીય સભ્યતાને ભારતીય ઈતિહાસનું પ્રારંભબિંદુ માનવામાં આવ્યું તેથી આ સભ્યતા વિશેનો અભ્યાસ વિશેષ મહત્વનો બની રહે છે. પરંતુ આ સભ્યતાના મળી આવેલા પુરાવાઓમાંથી મળી આવેલ લિપિ હજી વણઉકેલાયેલી રહી છે એટલે અનુમાનોનો આશરો લેવો પડે તેમ છે. તેમ છતાં પણ કેટલાક પુરાવાઓ મળે છે તે નોંધનીય છે. આમ ભારતીય ઈતિહાસને બે થી ત્રણ હજાર વર્ષ પૂર્વે લઈ જઈ જનાર આ સભ્યતાનો અભ્યાસ વિશેષ મહત્વનો બને છે. જેમાં જુદા જુદા પાસાઓને વિભાજિત કરીને વિસ્તૃત ચર્ચા કરી. જેમાં હડપ્પીય સંસ્કૃતિની નગરરચના ગટરરચના, રસ્તાઓ, મકાનો, અન્ય જાહેર બાંધકામો તથા બાંધકામ માટે ઉપયોગમાં લેવાયેલ સામગ્રી તથા તેની વિશેષ પ્રકારની ઈંટો, ખાળકૂવા, મોરી, ખાળકૂવાના ઢાંકણ વગેરે જેવી તમામ બાબતો વિશે જાણ્યું. હડપ્પીય સભ્યતાના અર્થતંત્ર, વેપારી પ્રવૃતિ અને આર્થિક ઉપાર્જનની વિવિધ પદ્ધતિઓ કેવી હશે તે અંગે અનુમાનો કરી તેમના આર્થિક જીવન વિશે માહિતી મેળવી. હડપ્પીય સભ્યતાના સામાજજીવનમાં લોકોનો ખોરાક, પહેરવેશ, આભૂષણો, શૃંગારની સાધન સામગ્રી, વિવિધ પ્રકારની શૃંગારની શૈલીઓ, સ્ત્રીઓ અને પુરુષોમાં અલગ અલગ પ્રકારની જોવા મળતી સૌંદર્યની તરાહો વગેરેની માહિતી મેળવી. માનવીના જીવનમાં ધર્મનો ગાઢ પ્રભાવ રહ્યો છે. હડપ્પીય સભ્યતાના લોકોનું ધાર્મિક જીવન કેવું હશે ? કોની પૂજા-અર્ચના કરતા હશે ? મોટે ભાગે પ્રાકૃતિક તત્વોની પૂજા કરતા હશે તેવું જાણવા મળે છે. પરંતુ આ બાબતે પણ ચોક્કસ આધારો પ્રાપ્ય નથી તેથી હાલ પૂરતા પ્રાપ્ય અવશેષીય પુરાવાઓને આધારે અનુમાનો દ્વારા

ધાર્મિક જીવન વિશે જાણકારી મેળવી અને છેલ્લા વિભાગમાં હડપ્પીય સભ્યતાના પતન વિશે જાણકારી મેળવી કે આટલી બધી સુવિકસિત સંસ્કૃતિનો અંત કેવી રીતે આવ્યો હશે તે વિશે જુદા જુદા મંતવ્યો તેમજ મળી આવેલા અવશેષીય પુરાવાઓને આધારે જાણી શકાય છે.

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

| | | | | |
|---|---|---|---|---|
| (ખ) | 1. ખરું | 2. ખરું | | |
| | 3. ખોટું | 4. ખરું | | |
| | 5. ખરું | 6. ખોટું | | |
| | 7. ખોટું | 8. ખરું | | |
| | 9. ખરું | 10. ખરું | | |
| | 11. ખરું | 12. ખરું | | |
| | 13. ખરું | 14. ખરું | | |
| | 15. ખરું | 16. ખરું | | |
| | 17. ખોટું | | | |
| (ગ) | 1. 16 | 2. તાંબુ | 3. ચાંદી | 4. કાશ્મીર |

## 3.9 સંદર્ભ ગ્રંથો:


1. પાન્ડે, રાજબલી, પ્રાચીન ભારત, વિશ્વવિદ્યાલય પ્રકાશન, વારાણસી, 2006.
2. ગોયલ શ્રીરામ, વિશ્વકી પ્રાચીન સભ્યતાએ, વિશ્વવિદ્યાલય પ્રકાશન, વારાણસી, 2008.
3. થાપર રોમિલા,(અનુ.) આદિત્ય નારાયણસિંહ, પૂર્વકાલીન ભારત, (પ્રારંભ સં ઈ.સ.1300 તક), દિલ્હી વિશ્વવિદ્યાલય, દિલ્હી, 2010.
4. Bridget and allichin,The Rise of Civilisations in India and Pakistan, Select Book Service, New Dehli.1988
5. D.P.Agarwal and D.K.Chakrabarti(ed), Essays in Indian Proto-History, New Dehli 1979
6. John Marshall, Mohenjodaro and Indus Civilisation, Volumes I and II, 1973(Reprint)
7. B.B. Lal and S.P Gupta(ed) , Frontiers of the Indus Civilisation, New Dehli,1982.
8. R.E.M.Wheeler, The Indus Civilisation, London,1968.
9. D.D.Kosambi, The Culture and Civilisation of Ancient India in its Historical Outline, Vikas , New Dehli, 1987

| એકમ-04 | વૈદિક અને અનુવૈદિકયુગ |
|---|---|

રૂપરેખા

4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 ઋગ્વેદિક કાળ
4.2.1.સ્રોતો
4.2.1.1. સાહિત્યિક સ્રોતો
4.2.1.2 પુરાતતત્વીય સ્રોતો
4.2.2 આર્યોનું આગમન
4.2.3 રાજ્યવ્યવસ્થા
4.2.4 સમાજજીવન
4.2.5 અર્થવ્યવસ્થા
4.2.6 ધર્મ
4.2.7 વૈદિક સાહિત્ય
**તમારી પ્રગતિ ચકાસો**
4.3 અનુવૈદિક કાળ
4.3.1 સ્રોતો
4.3.1.1 સાહિત્યિક સ્રોતો
4.3.1.2 પુરાતત્ત્વીય સ્રોતો
4.3.2 લોખંડનું કલાવિજ્ઞાન
4.3.3 અર્થવ્યવસ્થા
4.3.4 રાજ્યવ્યવસ્થા
4.3.5 સમાજ
4.3.6 ધર્મ
**તમારી પ્રગતિ ચકાસો**
4.4 સારાંશ
4.5 ચાવીરૂપ શબ્દો
4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

**4.0 ઉદ્દેશો :**

- આર્યોની અર્થવ્યવસ્થા અને લોકશાહી સંસ્થા વિશે જાણો.
- આર્યોના આગમનનો સિદ્ધાંત તપાસો.

- આર્યોના સમાજજીવન અને ધર્મ વિશે જાણો.
- વૈદિક સાહિત્યિક સાધનો વિશે માહિતી મેળવો.
- ઉત્તરવેદકાલીન આર્યપ્રજાના સામાજિક પરિવર્તન તમે જાણી શકશો.
- ઉત્તરવેદકાલીન લોખંડ (લોહકાલીન સંસ્કૃતિ વિશે જાણો.)
- ઉત્તરવેદકાલીન ધાર્મિક પરિવર્તન જાણો.

**4.1 પ્રસ્તાવના**

સિંધુ સંસ્કૃતિ પછી ભારતમાં જે નવીન સભ્યતાનો વિકાસ થયો તેને વૈદિક અથવા આર્ય સંસ્કૃતિના નામથી ઓળખવામાં આવે છે. આર્યોનો ઇતિહાસ મુખ્ય વેદોથી જાણવા મળે છે, જેમાં સૌથી પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ ગ્રંથ ઋગ્વેદ છે. વૈદિક યુગને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે. ઋગ્વેદિક કાળ અને પૂર્વ વૈદિક કાળ 1500-1000 ઇ.પૂ. હોવાનો તો કેટલાક તેનો સમય ઇ.સ. પૂર્વ 2000 થી ઇ.સ. પૂર્વે 1000 અથવા ઇ.સ. પૂર્વે 600નો પણ બતાવે છે. એ સિવાય બીજા પણ કેટલાક અભિપ્રાયો છે. વૈદિક યુગનો અભ્યાસ કરવા માટે વૈદિક યુગની આર્થિક સામાજિક, રાજનૈતિક, ધાર્મિક વગેરે બાબત જાણવી જરૂરી બને છે.

ઇ.સ. પૂર્વે 1000 થી ઇ.સ. 600 પૂર્વે સુધીના સમયગાળાને ઉત્તરવૈદિક યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળાનો ઇતિહાસ ઋગ્વેદના આધારે વિકસિત સંહિતા, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો તથા ઉપનિષદમાંથી પ્રાપ્ત થાય છે. ભારતીય આર્યો જે અનેક વર્ગોમાં વિભક્ત હતા તે પંચજનો તરીકે ઓળખાતા હતા. ઉત્તરવૈદિક યુગમાં આ પંચજનોનો અસ્ત થયો અને આર્યોનો વિસ્તાર એક વ્યાપક વિસ્તારમાં ફેલાઇ ગયો અને વિશાળ રાજ્યોની સ્થાપના થઇ. તેમાં કુરુ તથા પંચાલ સૌથી વધારે પ્રસિદ્ધ હતા. અનેક નાના જન મોટા જનમાં ભળી ગયા અને મોટા રાજ્યોની સ્થાપના થઇ. આર્ય સભ્યતાનું મુખ્ય કેન્દ્ર મધ્યદેશ હતું. જે સરસ્વતીથી લઇને ગંગાનાં દોઆબ સુધી વિસ્તૃત હતો. આર્ય સભ્યતા પૂર્વથી કૌશલ, કાશી, વિદેહ, મગધ, અંગ વગેરે રાજ્યો સુધી વિકસી. મગધ તથા અંગ આર્ય સંસ્કૃતિના પ્રભાવ બહાર હતા. મગધ તથા અંગનો ઉલ્લેખ ઋગ્વેદમાં નથી મળતો. સૌ પ્રથમ અર્થવેદમાંતેનો ઉલ્લેખ મળે છે.

**ઉત્તરવૈદિક યુગની વિશિષ્ટતાઃ**

ઉત્તરવૈદિકયુગ આવતા અનુ, દ્રવ્યુ, તુર્વશ, કિવિ, પુરુ તથા ભરત વગેરે રાજ્યનો લોપ થઇ ગયો. અનેક સ્થળ પર વિશાળ રાજ્યોની સ્થાપના થઇ, જેમાં કુરુ અને પંચાલસૌથી પ્રસિદ્ધ અને શક્તિશાળી હતા શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં તેને વૈદિક સભ્યતાનું સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિ બતાવવામાં આવ્યું છે. તેના શાસક સર્વશ્રેષ્ઠ હતા તથા તેની પરિષદ સર્વોત્તમ હતી. અથર્વવેદમાં તેની સમૃદ્ધિનું વર્ણન છે તથા અહીંના નાગરિક સુખી, સંપન્ન અને સમૃદ્ધિશાળી હતા.

આ ઉપરાંત કૃષિપ્રધાન અર્થવ્યવસ્થા કબીલાઇ માળખામાં પરિવર્તિત થઇ. વર્ણવ્યવસ્થાની જટિલતામાં વધારો થયો. ક્ષેત્રીય રાજ્યોનો ઉદય અને ધાર્મિક ક્રિયાકાંડોની પ્રધાનતા એ આ યુગની વિશેષતા હતી ટેકનિકલ વિકાસની દૃષ્ટિએ લોખંડનો પ્રયોગ એ આ યુગની મહત્વની લાક્ષણિકતા હતી. લોખંડ 'કૃષ્ણ અયસ' તરીકે ઓળખાતું હતું.

## 4.2 ઋગ્વેદિક કાળ :

### 4.2.1 સ્રોતો

ઇતિહાસલેખન પુરાવા વિના પાંગળું છે. नामूलं लिख्यते किंचित् (આધાર કે પ્રમાણ વિના કંઇ લખવું નહીં) પ્રસિદ્ધ ટીકાકાર મલ્લિનાથનું આ સૂત્ર ઇતિહાસ લેખન અર્થે સત્ય છે. इति+ह+आस અર્થાત્ આમ જ હતું એમ કહેવા માટે ચોકક્સ પુરાવા જોઇએ. પુરાવા ઇતિહાસનો પ્રાણ છે. No Documents No History વાક્યમાં આ જ અર્થ અભિપ્રેત છે. દસ્તાવેજો નહીં, તો ઇતિહાસ-નિરૂપણ નહીં. એકાદ ઘટના ભૂતકાળમાં બની, પણ માનવને એનું અભિજ્ઞાનતો ઘટનાના અવશિષ્ટ ચિહ્નો કે તેને લગતા પ્રત્યક્ષ પરોક્ષ પુરાવાને લીધે થાય છે.  અતીતના અવશેષો કે અહેવાલો ઇતિહાસના પુરાવા બને છે. આ બધા જ પ્રકારના પુરાવા સાહિત્યિક કે પુરાવસ્તુકીય દસ્તાવેજોના મુખ્ય સ્રોત તરીકે ઓળખાય છે.

સાધનસામગ્રીનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય. ભારતીય ઇતિહાસની સાધનસામગ્રીના મુખ્ય બે વિભાગ પાડી શકાય. સાહિત્યિક અને પુરાવસ્તુકીય અને તેમાં ઘણી વિવિધતા છે.

#### 4.2.1.1 સાહિત્યિક સ્રોત

સાહિત્યિક સાધનોમાં ભારતીય અને પરદેશી લખાણોનો સમાવેશ કરવામાં આવે છે. આપણા દેશની સૌથી જૂની ભાષા સંસ્કૃતના બે તબક્કા છે. વૈદિક અને પ્રશિષ્ટ. વૈદિક કાળના ગ્રંથો- સંહિતાઓ, બ્રાહ્મો ઉપનિષદો, આરણ્યકો, વગેરે વૈદિક સંસ્કૃતમાં મળે છે. ત્યારબાદ મહાભારત, રામાયણ, સ્મૃતિઓ, પુરાણો, મહાકાવ્યો, નાટકો વગેરે ગ્રંથો પ્રશિષ્ટ સંસ્કૃતમાં મળે છે.

ભારતમાં આર્યભાષાકુળની સાથે દ્રવિડ  ભાષાકુળ અસ્તિત્વ ધરાવે છે. આજની તામિલ  ભાષાનું પ્રાચીન સ્વરૂપ સંગમ સાહિત્યમાં જોવા મળે છે. તે સાહિત્ય દ્રવિડસંસ્કૃતિનું દર્શન કરાવતુંપ્રાચીનતમ સાધન છે. આર્ય ભાષાકુળ અને દ્રવિડ ભાષાકુળની અર્વાચીન ભાષાઓમાં ભારતીય ઇતિહાસને લગતી વિપુલ સામગ્રી વિખરાયેલી પડી છે. તેસામગ્રીમાં ઉર્દૂ અને અંગ્રેજીમાં લખાયેલા ગ્રંથોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત સંસ્કૃત સાહિત્યમાં ઋગ્વેદના બે બ્રાહ્મણગ્રંથો છે. 1. ઐતરેય અને 2. કોષિતકી (તેને શંખાયન પણ કહે છે) 2. યજુર્વેદ બે ભાગમાં છે. (1) કૃષ્ણ અને (2) શુક્લ- કૃષ્ણયજુર્વેદનો તૈતરીય બ્રાહ્મણગ્રંથ છે. શુક્લ યજૂર્વેદનો શતપથ બ્રાહ્મણગ્રંથ છે. શતપથ બ્રાહ્મણગ્રંથમાં પિતૃ, સોમ, રાજસૂયયજ્ઞ વગેરેનુંવર્ણન છે. ઋગ્વેદ પછી તેની રચના થઇ છે. શતપથ બ્રાહ્મણ ગ્રંથસૌથી પ્રાચીન હોવા ઉપરાંત સૌથી મહત્ત્વનો છે. શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં ગંધાર, કૈકેય, કુરૂ, પાંચાલ, કૌશલ, વિદેહીના રાજાઓની નામાવલિ છે. તત્કાલીન સમાજવ્યવસ્થા વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. (3) સામવેદમાં બે બ્રાહ્મણ ગ્રંથ છે (1) ષડવિંષ (પંચવિશ)અને (2) જૈમિનિ. ષડવિંશમાં વ્રાત્યસ્તોમયજ્ઞ વિધિનો ઉલ્લેખ છે.(4)અથર્વવેદ એક બ્રાહ્મણગ્રંથ છે. ગોપથ બ્રાહ્મણગ્રંથ બ્રાહ્મણગ્રંથોમાં સૌથી છેલ્લે રચાયો છે. વેદોની સમજવા માટે બધા જ બ્રાહ્મણગ્રંથો ગદ્યમાં રચાયેલા છે.

ભારતમાં આવેલા અનેક વિદેશીઓનાંલખાણોનો પણ ઉપયોગ કરવો ઘટે. વિદેશી પ્રવાસીઓ, યાત્રાળુઓ, વેપારીઓ અને એલચીઓનાં લખાણ ગ્રીક રોમન, ચીની, અરબી, ફારસી ઇટાલિયન, રશિયન વગેરે ભાષાઓમાં મળે છે.

**4.2.1.2 પુરાતત્ત્વીય સ્રોતો**

**પુરાતત્ત્વીય સ્રોતો**

અભિલેખો | સિક્કાઓ | મુદ્રાઓ | સ્મારકો | શિલ્પકૃતિઓ | ચિત્રો | ઇતર પુરાવાશેષો | શિલાલેખો | તામ્રપત્રો | ઇતર

પુરાતત્ત્વીય સાધનોના વિભાગ છેઃ અભિલેખો, સિક્કાઓ, સ્મારકો, શિલ્પકૃતિઓ અને અનેક પ્રકારના ઇતર પુરાવશેષો. ઇતિહાસનાં પ્રમાણભૂત સાધન ગણાતા અભિલેખોની ભારતમાં ઘણી વિવિધતા છે. તે પત્થર, ધાતુ, માટી, લાકડું વગેરે પદાર્થો પર અભિલેખોમાં કોતરાયેલા છે. માટી અને લાકડા કરતાં પત્થર અને ધાતું વધુ ટકાઉ હોવાથી તેનો ઉપયોગ વધુ થતો. હડપ્પીય સંસ્કૃતિની પથ્થરની મુદ્રાઓને શિલા કે પત્થર પરના પ્રાચીનતમ અભિલેખો ગણી શકાય. અભિલેખોનો એક પેટાપ્રકાર છે ધાતુલેખો. તામ્રપત્ર, સુવર્ણપત્ર, રજતપત્ર, ધાતુપ્રતિમા તેમજ ધાતુની અન્યચીજો પરના લેખ ધાતુ-લેખો કહી શકાય. સિક્કાઓ અને મુદ્રાઓ રાજકીય ઇતિહાસના આલેખનમાં ખાસ ઉપયોગી છે. પુરાવશેષો જેવા કે હાડપિંજરો, ઓજારો, હથિયારો વાસણો, તોલમાપ, રમતગમતનાં સાધનો, ઘરવખરી, અનાજના દાણા, આભૂષણ, મણકા તથા અન્ય વસ્તુઓ ભૂતકાળના લોકજીવનનું દર્શન કરાવે છે.

આવાસના અવશેષો લોકજીવનના ધોરણનાં માપદંડ સમાન છે. સ્મારકો અને શિલ્પકૃતિઓ પુરાવસ્તુકીય સાધનોના પ્રકાર છે અને સંસ્કૃતિની ઉચ્ચતર કક્ષાની નિશાનીઓ છે. ભારતમાં કિલ્લેબંધીના અવશેષો સંરક્ષણપદ્ધતિની કેટલીક ઐતિહાસિક વિગતો પૂરી પાડે છે.પુરાવસ્તુકીય સાધનોનો એક પ્રકાર ચિત્રોલોકજીવનનું ચિત્રણ આપે છે. લોકોના પોશાક, આભૂષણ, કેશગુંફન વગેરે બાબતો ચિત્રો પરથી જાણી શકીએ.

આ સર્વ પ્રકારના સાધનોને આધારે ભારતીય ઇતિહાસનું નિરૂપણ પ્રાગૈતિહાસિક, આર્ધઐતિહાસિક અને ઐતિહાસિક એમ ત્રણ કાળમાં કરવામાં આવે છે.

**4.2.2 આર્યોનું આગમન-પુરાકાલ્પનિક કે સત્ય?**

આર્યોના મૂળ નિવાસસ્થાન વિશે વિવિધ મત

આર્યોના મૂળ નિવાસસ્થાનનો પ્રશ્ન વિવાદાસ્પદ છે. વિદ્વાનોએ ઇતિહાસ પુરાતત્ત્વ, માનવશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન તથા અર્થવિજ્ઞાનનો આધાર લઇને આ પ્રશ્નને હલ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આર્યોના મૂળ નિવાસસ્થાન બાબતથી અલગઅલગ ત્રણ મત પ્રવર્તે છે. વિદ્વાનોનો એક વર્ગ આર્યોનું મૂળ નિવાસસ્થાન યુરોપને માને છે. વિદ્વાનોનો બીજો વર્ગ આર્યો એશિયાના મૂળ નિવાસી બતાવે છે. અને એક ત્રીજો મત જેનું પ્રતિપાદન બાલ ગંગાધર તિલકે તેમના 1903માં પ્રકાશિત થયેલા પોતાના પુસ્તક દ આર્ટિક હોમ ઇન દ-વેદાજમાં ઉત્તર ધ્રુવને આર્યોનું મૂળ નિવાસસ્થાન માન્યું છે.

યુરોપીયમતના જનક ફિલીપ્પો એસેટી, મરા, પી.ગાઇલ્સ, પેન્કા, હર્ટ, માયર્સગોર્ડન ચાઇલ્ડ, મેકડોનેલ વગેરે વિદ્વાનો આર્યોનું મૂળ સ્થાન યુરોપ બતાવે છે. આ જાતનું પ્રતિપાદન કરનાર

સર વિલિયમ જોન્સ (ઇસ. 1786) હતા. તેમણે આર્યોમાં પ્રચલિત ભાષાના શબ્દોના અભ્યાસના આધારે આર્યોના મૂળ નિવાસસ્થાન તરીકે યુરોપને ગણાવ્યો છે.

**મધ્ય એશિયા**

કેટલાક ઇતિહાસકારોનું માનવું છે કે આર્યો મધ્ય એશિયામાંથી આવેલા હતા અને તેઓ (હિન્દુકુશ પર્વતમાળામાં આવેલા)ખૈબરઘાટના રસ્તે ભારતમાં પ્રવેશ્યા હતા. ઇરાનના ધાર્મિક પુસ્તક "જૈન્દ અવેસ્તા" માં એ વાતનો સંકેત આપવામાં આવ્યો છે કે આર્યો ઇરાનના રસ્તે ભારતમાં આવ્યા હતા.

**તિબેટ**

વેદો અને આર્ય ગ્રંથોના અભ્યાસના આધારે સ્વામી દયાનંદ સરસ્વતીએ તિબેટને આર્યોનું મૂળ નિવાસસ્થાન બતાવ્યું છે.

**ભારતીય નોંધઃ-**

**આર્યોનો નિવાસ વિસ્તાર**

વૈદિકકાળમાં આર્યોએ અફઘાનિસ્તાન, ઉત્તર પશ્ચિમ સીમાપ્રાંત, પંજાબ, કશ્મીર, સિંધનો કેટલોક ભાગ રાજપુતાનાનો કેટલોક ભાગ, ઉત્તર પ્રદેશનો પશ્ચિમ ભાગ વગેરે વિસ્તારમાં નિવાસ કર્યો. તેમાં મુખ્ય વિસ્તાર પંજાબ વિસ્તાર તેનો થોડો વિસ્તૃત ભૂભાગ હતો.

**સીમા**

આર્યોનું નિવાસ ક્ષેત્ર પશ્ચિમી સીમા કુભા (કાબુલ), પૂર્વ સીમા ગંગાનો પશ્ચિમ તટ, ઉત્તરસીમા હિમાલય તથા દક્ષિણ સીમા અરવલ્લીને માનવામાં આવે છે. કેટલાક વિદ્વાનોના મત મુજબ એવું પ્રતિપાદિત થાય છે કે આર્યો મૂળ ભારતના જ હતા.

આ મતના પ્રવર્તક ડૉ. સંપૂર્ણાનંદ અને અવિનાશચંદ્રદાસ છે. તેઓ ઋગ્વેદમાં જે પ્રકૃતિનું વર્ણન કર્યું. તેના આધારે સપ્ત સિંધુ પ્રદેશને આર્યોનું મૂળ નિવાસસ્થાન ગણે છે. રાજબલી પાંડે મધ્યપ્રદેશને આર્યોનું મૂળ નિવાસસ્થાન ગણાવે છે. એલ.ડી. કાલાના મને આર્યોનું મૂળ વતન કાશ્મીર હતું. શ્રી ડી.એસ. ત્રિવેદીના મત મુજબ આર્યો મુલતાન પાસેના દેવિકાનંદ પ્રદેશના વતની હતા. આ વિદ્વાનો પૈકી પંડિત ગંગાનાથ ઝાના મતે આર્યો બ્રહ્મર્ષિદેશ (બ્રહ્માવર્ત)ના વતની હતા.

વેદકાલીન આર્યો સપ્ત-સિંધુ વિશે કેવું મમત્વ ધરાવતા હતા તેદર્શાવતું પ્રમાણભૂત કહી શકાય તેવું આ દિવ્ય પ્રમાણ મળે છે. આર્યોને સપ્તસિંધુ પ્રત્યે, તે જાણે પોતાનું અસલ રહેઠાણ હોય એવો ઊંડો ભાવ છે.તેઓ તેને 'દેવકૃતયોનિ"દેવનિર્મિત' દેશ કહે છે. વૈદિક સાહિત્યની સંસ્કાર પરંપરા તેમજ જીવનદૃષ્ટિ પણ સંપૂર્ણપણે ભારતીય છે, અને એવો બહારનો બીજો એક પ્રવાહ જાણવામાં નથી, જેમાંથી એ સાહિત્ય સર્જાયું હોય કે જેમાંથી એને પ્રેરણા મળી હોય. જેટલું જાણવા મળે છે તે પરથી તો આર્યોના પરદેશીપણા વિશે એક પણ સંસ્કૃત ગ્રંથમાં, પ્રાચીનતમ ગ્રંથોમાં પણ, ક્યાંય સ્પષ્ટ અથવા તો ગર્ભિત ઇશારો સરખો મળતો નથી.

ઉપરોક્ત મત મુજબ આર્યો મૂળ ભારતીયો જ હતાં એવું પ્રતિપાદિત થાય છે.

**4.2.3 રાજવ્યવસ્થા:**

પ્રારંભમાં આર્યોનું કુટુંબ, કુળ અથવા લોહીના સંબંધો પર આધારિત હતું, જેનો પ્રધાન 'કુલપ' અથવા 'કુલપતિ' તરીકે ઓળખાતો હતો. અનેક 'વિશો'નો સમૂહ જન અથવા કબીલા તરીકે ઓળખાતો અને તેનો પ્રધાન રાજા 'રાજન' અથવા 'ગોપ' તરીકે ઓળખાતો શાસનનો પ્રધાન રાજન તરીકે ઓળખાતો શરૂઆતમાં રાષ્ટ્રના બધા જ લોકો રાજાને ચૂંટતા હતા. પંરતુ પાછળથી આ પદ વેશપરંપરાગત બન્યું હતું. રાજાના રાજ્યાભિષેક વખતે ગ્રામિણી, રથકાર વગેરે હાજર રહેતા હતા જે રત્નિન તરીકે ઓળખાતા હતા. અન્ય પદાધિકારીઓમાં 'પૂરપ' તથા'દૂત' મહત્વના હતા, જેમાં 'પૂરપ' કિલ્લાનો વડો હતો. જ્યારે દૂતની કામગીરી રાજકીય ગણાતી. જેસમયાંતરે સંધિ-વિગ્રહના પ્રસ્તાવો લઇને અન્યરાજ્યમાં જતો હતો. આ ઉપરાંત તેના પુરોહિત, સેનાની અને ગ્રામણી મુખ્ય અધિકારીઓ હતા. તેમાં પુરોહિતનું સ્થાન સૌથી મહત્ત્વનું હતું. તે ધર્મકાર્ય કરવામાં, નીતિવિષયક નિર્ણયો લેવામાં તથા અગત્યના કામમાં રાજાને સલાહ-સૂચનો આપતા. જરૂર પડ્યે યુદ્ધમાં ભાગ લેવા પણ જતા.

વૈદિક કાળમાં સમાજ રાજનૈતિક દૃષ્ટિએ પાંચ એકમમાં વિભાજિત હતો. કુળ-કુટુંબ, ગ્રામ, વિશ, જન અને રાષ્ટ્ર.

**4.2.3.1 કુલ કુટુમ્બઃ**

કુટુમ્બ અથવા પરિવાર સમાજનું સૌથી નાનું એકમ હતું. કુલનો પ્રધાન 'કુલપ' કહેવાતો, જેનું કુળના સભ્યો પર પૂર્ણ નિયંત્રણ હતું. કુળમાં સૌથી વધારે ઉંમર વાળો પુરુષ 'કુલપ' હતો.

**4.2.3.2 ગ્રામઃ-**

કુળોનો સમૂહ ગામ કહેવામાં આવતો. ગામનો પ્રધાન ગ્રામણી કહેવામાં આવતો. તે ગ્રામજનોની રક્ષા, સંગઠન, શાંતિ, ન્યાય અને દંડની વ્યવસ્થા કરતો હતો.

**4.2.3.3 વિશઃ**

ગામના સમૂહને વિશ કહેવામાં આવતો. તેનો પ્રધાનને વિશપતિ કહેવાતો. તેનું મુખ્ય કામ ગ્રામમાં પરસ્પર સંબંધોની સુવ્યવસ્થા અને સુરક્ષાનુંહતું.

**4.2.3.4 જન**

વિશોના સમૂહને 'જન' કહેવામાં આવતું. જનના પ્રધાનને જનપતિ અથવા ગોપકહેવામાં આવતો,જે રાજા હોય છે. ઋગ્વેદમાં રાજાને 'ગોપજન્ય' એટલે પ્રજાનો રક્ષક કહેવામાં આવ્યો છે. આ ઉપરાંત અનુ, દ્રહ્યું, યદુ, પુરુ અને નૃર્વંશ આ પાંચ મુખ્ય જન હતા. જેને પંચજન કહેવામાં આવ્યા છે.

**4.2.3.5 રાષ્ટ્ર**

જનના સમૂહને રાષ્ટ્ર કહેવામાં આવતો રાષ્ટ્રનો પ્રધાન 'રાષ્ટ્રપતિ' અથવા 'રાજન' કહેવામાં આવતો. રાષ્ટ્રપતિનું મુખ્યકાર્ય રાષ્ટ્રની રક્ષા કરવાનું હતું. ઋગ્વેદમાં 10મા મંડળમાં 173 સૂક્તનોમંત્ર 1 માં રાજ્યાભિષેક સંબંધમાં કહેવામાં આવ્યું છે કે "હૈ રાજન આપને રાષ્ટ્રપતિ બનાવ્યા છે. આપ આ રાષ્ટ્રના સ્વામી છો." આપ ધ્રુવ, અચલ અને સ્થિર રહો. પ્રજા આપને ચાહે અને આપનું રાષ્ટ્ર નષ્ટ ન થાય. ઇતિહાસકારોનું માનવું છે કે ભલે વૈદિક કાળમાં રાષ્ટ્રની ધારણા હતી પણ તે ધારણા અનુવૈદિક યુગમાંદૃઢ બની. આ સમયગાળામાં અનેક લોકશાહી

સંસ્થાઓનો વિકાસ થયો હતો. જેમાં સભા, સમિતિ તથા વિદથ મુખ્ય સંસ્થાઓ હતી. આ સંસ્થાઓમાં રાજકીય, સામાજિક, ધાર્મિક તથા આર્થિક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવતી હતી.

**4.2.3.6 સભા**

સભા એ વૈદિક સમયની સૌથી મહત્ત્વની અને ચૂંટાયેલા સભ્યોની હતી. સભામાં પુરુષ સભ્યને 'સભેય' અને મહિલા સભ્યને 'સભાવતી' કહેવામાં આવતા.. સભાની મુખ્ય કામગીરી ન્યાય કરવાની હતી. ઉપરાંત સભા હાલની રાજ્યસભાને મળતી આવતી. જે ધનવાનો, વડીલો અને સમાજમાં પ્રતિષ્ઠિત ગણાતા માણસોની બનેલી હતી તેની મુખ્ય કામગીરી ન્યાય કરવાની હતી.

**4.2.3.7 સમિતિઃ**

સભાની સરખામણીએ સમિતિ વિસ્તૃત સંસ્થા હતી. તેમાં લોકોના વિભિન્ન વર્ગોનું પ્રતિનિધિત્વ રહેતું. અહીં રાજકીય ઉપરાંત સામાજિક અને ધાર્મિક પ્રશ્નોની પણ ચર્ચા થતી. સમિતિનો અધ્યક્ષ 'ઇશાન' કહેવાતો અને મોટે ભાગે આ હોદ્દો રાજાને અપાતો. સમિતિમાં વાદવિવાદથાય તો અધ્યક્ષ તેનો શાંતિપૂર્વક ઉકેલ લાવતો. સમિતિ સમગ્ર સમુદાયની જનસભા હતી. જેમાં સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. આમ, વેદકાળમાં રાજાને રાજ્ય વહીવટમાં સલાહસૂચન આપવા માટે તેમજ રાજસત્તા ઉપર અંકુશ રાખવા માટે સભા અને સમિતિ નામની જનતાના પ્રતિનિધિઓની બનેલી બે સંસ્થાઓ હતી.

વિદ્વાનોના મત મુજબ સભા અને સમિતિ વેદકાળની ખૂબ જ અગત્યની અને પ્રભાવશાળી સંસ્થાઓ હતી. તે અપ્રિય રાજાને પદભ્રષ્ટ કરી શકતી અને રાજાના પદ માટે જરૂર પડ્યે ચૂંટણી પણ કરતી.

**4.2.3.8 વિદથ**

આ પ્રાચીન વૈદિક રાજનૈતિક સંસ્થા હતી. તેને જનસભા પણ કહેવામાં આવતી. તેમાં મહિલાઓ પણ ભાગ લેતી. વિદથનું મુખ્ય કાર્ય  ધાર્મિક તથા સૈન્ય બાબતની મહત્વની કાર્ય કરતી સંસ્થા હતી.

**4.2.4 સમાજ જીવનઃ-**

સમાજમાં સૌથી નાનું એકમ કુળ (કુટુમ્બ) અથવા પરિવાર હતું. પારિવારિક જીવન સંયુક્ત પ્રથા પર આધારિત હતું. પરિવારમાં માતા, પિતા, ભાઇ-બહેન પુત્ર-પૌત્ર વગેરે સંબંધીઓ હતાં. પરિવારમાં પિતૃસત્તાક પ્રથા હતી. પરિવારમાં માતાનું સ્થાન પણ મહત્ત્વનું હતું. આર્યો દ્વારા વિકસાવવામાં આવેલી સભ્યતા ગ્રામીણ સભ્યતા હતી.

ડૉ. બી.એન. પુરી આર્યોના સામાજિક જીવન વિશે નોંધે છે કે આર્યોનાં સામાજિક જીવનનો મુખ્ય આધાર જીવનની સાદગી અને વિચારોની શ્રેષ્ઠતા હતી. પરિવાર સમાજનો મુખ્ય આધાર હતો. પરિવારનો સર્વાધિક વૃદ્ધ વ્યક્તિ પરિવારનો મુખી કે જે ગૃહપતિ કહેવાતો. તેના મૃત્યુ બાદ તે જ્યેષ્ઠ પુત્ર ગૃહપતિ બનતો. દત્તક લેવાની સત્તા હતી. અને સંપત્તિનું વિભાજન પુત્ર વચ્ચે થતું હતું. અનેક પરિવારોના સમૂહને 'વિશ' અને કબીલાના લોકોને 'જન' કહેવાતા.

**4.2.4.1 સ્ત્રીઓની સ્થિતિઃ-**

પિતૃસત્તાક સંગઠન હોવા છતાં સમાજમાં સ્ત્રીઓનું ખૂબ મહત્ત્વ હતું. દા.ત. બૌદ્ધિક, આધ્યાત્મિક અને સામાજિક જીવનમાં જે સ્થાન પુરુષોનું હતું એવું જ સ્ત્રીઓનું સ્થાન હતું. પુરુષોની જેમ જાહેર કાર્યો, ધાર્મિક કાર્ય, સામાજિક ઉત્સવો, સમારોહ વગેરેમાં સ્ત્રીઓ પુરુષની જેમ આસન ગ્રહણ કરતી. પુરુષ-સ્ત્રીનો સમાન દરજ્જો હતો. સ્ત્રીઓને શિક્ષણ મેળવવાનો હક હતો. આ યુગમાં સ્ત્રીઓનું સ્થાન ઉચ્ચ હતું. વિદૃષી મહિલાઓમાં ઘોષા, અપાલા, વિશ્વવારા,અદિતી વગેરે કેટલીક વિદૃષી સ્ત્રીઓના ઉલ્લેખો જોવા મળે છે. જેના પરથી જાણવા મળે છે કે સ્ત્રીઓને કેળવણી પ્રાપ્ત કરવાનો અધિકાર હતો. પણ સ્ત્રીઓને સંપત્તિમાં અધિકાર ન હતો. બાળ વિવાહ,પડદાપ્રથા, સતી પ્રથા ન હતી,તેના કોઇ ઉલ્લેખ મળતા નથી.

**4.2.4.2 વિવાહ**

વિવાહ એ પવિત્ર સંસ્કાર માનવામાં આવતા. પિતાની આજ્ઞાનુસાર છોકરીનાં લગ્ન થતાં છોકરા-છોકરીઓ સ્વપસંદગીથી પણ લગ્ન કરી શકતા આ સમયગાળામાં સજાતીય અને આંતર જ્ઞાતીય લગ્ન પણ અસ્તિત્વમાં હતા. આજીવન લગ્ન ન કરનાર સ્ત્રીઓનો ઉલ્લેખ પણ થેયલો જોવા મળે છે. જે 'અમાજુ' તરીકે ઓળખાતી હતી. 'પાણિગ્રહણ' તથા 'અગ્નિની પરિક્રમા' એ લગ્નના બે પવિત્ર સંસ્કાર હતા. એ સિવાય અનુલોમ (ઉપલા વર્ણનો પુરુષ પોતાના કરતાં નીચલા વર્ણની કન્યા સાથે લગ્ન કરે તે) તથા પ્રતિલોમ (ઉપલા વર્ણની સ્ત્રી પોતાના કરતાં ઊતરતા વર્ણના પુરુષ સાથે લગ્ન કરે તે) એ સહિત લગ્નનાં આઠ થી નવ જેટલા પ્રકારો હતા. વેદગ્રંથોમાં પરણેલી સ્ત્રીને માટે 'ગૃહિણી''ગૃહસ્વામિ'ની જેવા શબ્દો જોવા મળે છે. તે ઉપરથી જણાય છે કે કુટુંબમાં પરણેલી સ્ત્રીનું પુરુષના જેટલું જ માન હતું. ઋગ્વેદના ત્રીજા અને દશમા મંડળના સૂકતોમાં થયેલા ઉલ્લેખો મુજબ સમાજમાં એક પત્ની પ્રથાને જ મહત્વ હતું. જો કે રાજકુટુંબમાં બહુપત્ની પ્રથા પ્રચલિત હતી. કુટુંબમાં પુત્રજન્મ સમયે વિશેષ આનંદ રહેતો.

**4.2.4.3 વર્ણવ્યવસ્થાઃ-**

પુરુષ સૂક્ત અનુસાર સમાજ ચાર વર્ગોમાં વિભાજિત હતો. ઋગ્વેદમાં બ્રાહ્મ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એમ ચાર વર્ણોનો ઉલ્લેખ છે. ઋગ્વેદના 10મા મંડળનાં પુરુષ સૂક્તમાં સૌ પ્રથમ શુદ્ર શબ્દ મળે છે.

**4.2.4.4 ભોજન**

આર્યો ભોજનમાં ઘઉં, જવ, દહીં, દૂધ અને ઘીની બનાવટોનો ઉપયોગ કરતા. ફળફળાદિ અને શાકભાજીનો પણ તેઓ છૂટથી ઉપયોગ કરતા. ઉપરાંત ધાર્મિક કેસામાજિક ઉત્સવોના પ્રસંગે તેઓ સોમ નામે વનસ્પતિમાંથી બનાવેલ સોમરસ અને જવમાંથી બનાવેલ સુરા નામના પીણાનો ઉપયોગ કરતા.

**4.2.4.5 પોશાકઃ**

સ્ત્રીપુરુષો સામાન્ય રીતે શરીર ઉપર બે વસ્ત્રો ધારણ કરતાં. એમાં નીચેના ભાગનું વસ્ત્ર 'નિવિ' કહેવાતું જ્યારે ઉપરના ભાગમાં પહેરવામાં આવતું વસ્ત્ર 'વાસ' કહેવાતું. ક્યારેક ઉપરના ભાગે દુપટ્ટા જેવું વસ્ત્ર લપેટવામાં આવતું, જે અધિવાસ નામે ઓળખાતું. સામાન્ય રીતે વસ્ત્રો સુતરાઉ કે ઊનનાં રહેતાં. ક્યારેક મૃગચર્મનો પણ વસ્ત્ર તરીકે ઉપયોગ થતો.

**4.2.4.6 સૌંદર્ય પ્રસાધનઃ**

સ્ત્રી-પુરુષ બંને અલંકારોનાં શોખીન રહેતાં. તેઓ ગળામાં ફૂલો અને સોનાની માળા પહેરતા.સ્ત્રીઓ વેણી અને પુષ્પમાળાનો ઉપયોગ કરતી. કાનમાં કુંડળ અને પગમાં નૃપુર પહેરવાનો પણ રિવાજ હતો. સ્ત્રી-પુરુષ બન્ને લાંબાવાળ રાખતા. પુરુષો પણ સૌંદર્ય પ્રસાધનનો ઉપયોગ કરતા હતા.

**4.2.4.7 આનંદપ્રમોદઃ**

આર્ય પ્રજા આનંદ-પ્રમોદ અને ઉત્સવોની શોખીન હતી. ઉત્સવપ્રસંગે રથ-હરીફાઇ ઉપરાંત મલ્લયુદ્ધ, નૃત્ય, રથદોડ સંગીત વગેરે હતા. વીણા, મંજીરા, ઢોલ, વાંસળી, શંખ જેવા વાજિંત્રોથી આર્યો પરિચિત હતા. ઋગ્વેદમાં જુગારને નિંદનીય કહ્યો છે. શિકાર અને પાસાંની રમતના તેઓ શોખીન હતા.

**4.2.4.8 શિક્ષણ**

ગુરુના નિવાસસ્થાનો આર્ય પ્રજાના શિક્ષણ કેન્દ્રો હતા. વેદ ઉપરાંત વિવિધ વિષયોનું શિક્ષણ લેતા. વૈદિકકાળમાં સ્ત્રી-પુરુષ બંને માટે શિક્ષણ વ્યવસ્થા હતી. શિક્ષણ કાર્ય ગુરૂકુળમાં આપવામાં આવતું. શિક્ષણ મૌખિક અપાતું. સ્મરણશક્તિ ઉપર વિશેષ ભાર અપાતો. શિક્ષણનો ઉદ્દેશ્ય. ચારિત્રનિર્માણ અને વ્યક્તિત્વ વિકાસ કરવાનો હતો. મુખ્ય વિષયોમાં વ્યાકરણ, ઇતિહાસ અને પુરાણ, અંકશાસ્ત્ર, નક્ષત્રવિદ્યા, બ્રહ્મ વિદ્યાવગેરે મુખ્ય હતા. બધી વિદ્યાઓમાં બ્રહ્મજ્ઞાન, અંતિમ ધ્યેય માનવામાં આવતું.

**4.2.4.9 આવાસ**

આર્ય પ્રજાના આવાસ (ઘર)માં પરિવારના બધા જ સભ્ય તથા બાળકો એક સાથે રહેતા હતા. મકાનમાં છત હતી તેની નીચે લોકો રહેતા હતા. દરેક પરિવારમાં એક અગ્નિકુંડ હતો. તેમાં અગ્નિ સતત પ્રજ્જવલિત રહેતો હતો. ઘરના ચારે ખૂણા પર કાષ્ઠના સ્તંભ ગાડીને રાખવામાં આવતા અને ભુસાની દીવાલ ઊભી કરવામાં આવતી. તથા તેના પર માટીનો લેપ કરવામાં આવતા. અને છત વાંસની બનતી હતી. વૈદિક ગૃહ ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા હતા.મકાનમાં અગ્નિશાળા, પત્નીસદન, હવિર્ધાન (ભંડારગાર) વગેરે મુખ્ય ગૃહઉપયોગી સાધન સામગ્રી જેમ કે કળશ, દ્રોણ, પલંગ. કાષ્ઠાસન વગેરેનો ઉપયોગ થતો હતો.

**4.2.4.10 મૃતક સંસ્કાર**

વૈદિકકાળમાં મૃતકોના અંતિમ સંસ્કાર બે પ્રકારે કરવામાં આવતા. અગ્નિસંસ્કાર અથવા જમીનમાં દાટીને. વિધવાઓનો અગ્નિસંસ્કાર પ્રચલિત ન હતો.

**4.2.5 અર્થવ્યવસ્થા**

આર્યોનો સમાજ ગ્રામીણ સંસ્કૃતિ ધરાવતો સમાજ હતો. તેઓ નાના નગરો કે ગામોમાં રહેતાં. ગાય એ અર્થવ્યવસ્થાનો મુખ્ય સ્રોત હતો. પ્રિય પશુ ઘોડો હતો તેમજ પ્રિય દેવતા ઇન્દ્ર હતા.

**4.2.5.1 ખેતી**

આર્યોનો સમાજ ગ્રામીણ સંસ્કૃતિ ધરાવતો સમાજ હતો. ખેતી અને પશુપાલનનો મુખ્ય વ્યવસાય હતો. ખેતીના વ્યવસાયમાં તેઓ ઘઉં, જવ, ડાંગર, કઠોળ વગેરે ઉત્પન્ન કરતા.

વૈદિકકાળમાં મુખ્ય રૂપમાં 'જવ' ની ખેતી થતી હતી. ઉપરાંત સામાન્ય અનાજની પણખેતી થતી હતી. ખેતીમાં તેઓ બળદ અને હળનો ઉપયોગ કરતાં. કૃષિ યોગ્ય ભૂમિને ઉર્વરા કહેવામાં આવતી. હળ માટે લાંગલ શબ્દ વપરાતો હતો. હળમાં 6,8,12 એમ બળદ જોડ઼વામાં આવતાં. ખેતી-સામાન્ય રીતે વરસાદ પર આધારિત હતી, પણ સિંચાઇ દ્વારા પણ ખેતી થતી હતી. નદી-તળાવોમાંથી નહેર દ્વારા સિંચાઇ થતી હતી. કુલ્યા શબ્દ નહેર માટે વપરાતો હતો.

**4.2.5.2 પશુપાલન**

પશુપાલનમાં તેઓ બળદ, ગાય, ઘોડા, કૂતરા, ઘેટાં-બકરાં વગેરે પાળતા. ગાયોને ગૌધન કહેતા. આર્થિક જીવનમાં ગાયનું વિશેષ મહત્ત્વ હતું. ગાયોની સંખ્યા ઉપરથી માણસ કેટલો ધનવાન છે તેની ગણતરી કરવામાં આવતી. પશુધનની વૃદ્ધિ અને સુરક્ષા માટે દેવતાઓને પ્રાર્થના કરવામાં આવતી. પશુઓ દ્વારા આર્યો દૂધ, ઘી, ચામડું પ્રાપ્ત કરતા. બળદને હળ સાથે જોડવામાં આવતાં.આર્ય પરિવાર પાસે એક એક સેંકડો હજારોની સંખ્યામાં પાલતુ પશુ હતાં. પશુ જ આર્યોનું ધન હતું.

**4.2.5.3 શિકાર**

આર્યો પોતાની આજીવિકા માટે અને પોતાના પશુઓના રક્ષણ માટે શિકાર કરતા હતા. શિકાર માટે સામાન્યતઃ ધનુષ્ય-બાણોનો ઉપયોગ થતો.

**4.2.5.4 વ્યાપાર અને વાણિજ્ય**

વૈદિક કાળમાં વેપાર કરનાર વેપારીઓને 'પણિ' તરીકે ઓળખવામાં આવતા. આર્યો આંતરિક તેમજ વિદેશ વ્યાપાર કરતા હતા. આંતરિક વ્યાપાર રસ્તા દ્વારા થતો. વિદેશ વ્યાપાર સમુદ્ર માર્ગે થતો. આર્ય પ્રજા વહાણો બાંધવાની કળાથી પરિચિત હતી. ઋગ્વેદમાં સો હલેસાંવાળાંવહાણનો ઉલ્લેખ થયેલો છે. તેના પરથી કેટલાક વિદ્વાનો માને છે કે આર્યો સમુદ્રમાર્ગે બેબિલોન, અરબ અને ઉત્તર આફ્રિકામાં વેપાર કરતા હશે.

વ્યાપાર કરનાર વર્ગ જાનમાલની રક્ષા માટે સેના પણ રાખતા. વ્યાપારનું માધ્યમ વિનિમય હતું. તેમાં ગાયનું મૂલ્ય આંકવામાં આવતું. આ ઉપરાંત 'નિષ્ક''કૃષ્ણલ' અને 'શતમાન' જેવી સુવર્ણમુદ્રાનો ઉપયોગ થતો. અનાજથી માંડી દૂધ, વસ્ત્રવગેરે દૈનિક જીવનની ઉપયોગી વસ્તુઓનો વ્યાપાર મુખ્ય હતો.

**4.2.5.5 વ્યવસાય અને ઉદ્યોગ**

ખેતી અને પશુપાલન સિવાય સુથારીકામ, લુહારીકામ, ચર્મકામ, વણાટકામ તેમજ અન્ય હુન્નર ઉદ્યોગો કરનારાઓનો વર્ગ પણ હતો. યજ્ઞો કરાવનાર પુરોહિતોના વર્ગપણ વિકસ્યો હતો. ઋગ્વેદમાં અનેક સ્થળો પર સૂતર કાંતવાના તેમજ કાપડ-વણાટના ઉલ્લેખ મળે છે. રથ બનાવવાવાળા વર્ગોનુંસમાજમાં ખૂબ જ માન હતું. અન્ય શિલ્પકારોનો ઉલ્લેખ પણ મળે છે. વણાટકામ, કાપડ ઉદ્યોગ ફક્તસ્ત્રીઓ કરતી હતી. સોની, સુથાર, ધોબી, રંગરેજ, કુંભાર, શિકારી, માછીમાર, નટ, ગાયક જેવા વ્યવસાયમાં લોકો જોડાયેલા હતા. તાંબુ અને કાંસા માટે આ યુગમાં 'અયસ' શબ્દ વપરાતો. સિંધ અને ગાંધાર પ્રદેશ ઊનના વસ્ત્રો માટે પ્રખ્યાત હતું. પરૂષ્ણી (રાવીનદી)ના કિનારે રંગીન ઊનના વસ્ત્રો બનાવવામાં આવતાં. ગાંધાર પ્રદેશના ઘેંટાં

તેના ચમકતા ઊન માટેપ્રખ્યાત હતા. ધાતુ ગાળનારને 'દ્રવિતા' કહેવામાં આવતો. માટીના વાસણ બનાવનારને કુલાલ કહેવામાં આવતો. આમ આર્ય પ્રજા વિવિધ વ્યવસાય અને ઉદ્યોગ સાથે સંકળાયેલ હતી.

**4.2.5.6 ચલણ**

આરંભમાં નાણાંનું ચલણ વિકસ્યું ન હતું તેથી વિનિમય વસ્તુના બદલે 'વસ્તુ'ના સ્વરૂપે થતો. વિનિમયની મોટામાં મોટી વસ્તુ ગાયો હતી. સમય જતા વ્યાપાર વધતો ગયો અને વિનિમયના નાણાં તરીકે 'નિષ્ક' નામે સુવર્ણ સિક્કાનો ઉપયોગ થવા લાગ્યો. નિષ્ક હિરણ્યપિંડ શતમાન કૃષ્ણલ તથા મનાહ નામે ઓળખાતા સુવર્ણ સિક્કાનો પણ ઉપયોગ થવા લાગ્યો.

**4.2.6 ધર્મઃ**

આર્યો દેવોની ઉપાસના માટે યજ્ઞ અને તપ કરતા હતા.

**4.2.6.1 યજ્ઞઃ** ઋગ્વેદિક કાળમાં અનેક યજ્ઞો પ્રચલિત હતા. યજ્ઞોનું આયોજન ઘરમાં તથા સામૂહિક રીતે થતું. તેમાં રાજા અને પ્રજા બંને ભાગ લેતા હતા.

**4.2.6.2 તપઃ**

મહિનાઓ સુધી એક જ મુદ્રામાં રહી અલ્પભોજન લઇ જીવન વિતાવવું, શરદી, ગરમી, વરસાદમાં પણ ઊભા રહેવું.વગેરે જેવીયાતનાઓનોતપ માટે ઋગ્વેદમાં ઉલ્લેખ મળે છે.

**4.2.6.3 દેવતાઃ-**

આર્યો 33 દેવતાઓમાં વિશ્વાસ કરતા. દેવતાઓને પ્રાકૃતિક શક્તિઓના રૂપમાં પૂજતા. આ દેવતાઓ ત્રણ વિભાગમાં વિભાજિત હતા.

સ્વર્ગના દેવતાઃ સૂર્ય, વરુણ, સાવિત્રી, અદિતી, ઉષા વગેરે.

વાયુમંડળ આકાશીય દેવતાઃ ઇન્દ્ર, રુદ્ર, મરુત, વાયુ વગેરે.

ધરતી દેવતાઃ પૃથ્વી, અગ્નિ, સોમ વગેરે.

આર્યો સૂર્યની સવિતા, મિત્ર, પુષન તથા વિષ્ણુ-આદિના સ્વરૂપમાં પ્રાર્થના કરતા હતા. સૂર્યને દેવતાઓની આંખો તથા અગ્નિને દેવતાઓનું મુખ ગણવામાં આવતું. અગ્નિને આર્યોનો પુરોહિત ગણવામાં આવતો અને તેઓનું માનવું હતું કે યજ્ઞમાં આપવામાં આવતી આહુતિ અગ્નિ જ દેવતાઓ પાસે મોકલે છે. દેવતાઓમાં સર્વોચ્ચ સ્થાન ઇન્દ્રને આપવામાં આવ્યું હતું.

**4.2.6.4 ધાર્મિક સ્વરૂપ**

આર્યોનું ધાર્મિક જીવન અત્યંત ઉચ્ચ કોટિનું હતું. પ્રકૃતિના તત્ત્વોને મૂર્તિરૂપ આપી તેની દેવતાના રૂપમાં પૂજા કરતા. પુરોહિતોની આવશ્યકતા ન હતી. સ્ત્રી-પુરુષ જાતે ધાર્મિક ક્રિયાઓ કરી લેતા હતા.

**4.2.6.5 આર્યોની ઉપાસના પદ્ધતિઃ-**

આર્યોના ધાર્મિક જીવનમાં ઉપાસના-પદ્ધતિનું વિશેષ મહત્ત્વ હતું. લોકો સ્તુતિ, પ્રાર્થના અને યજ્ઞ દ્વારા દેવી-દેવતાઓની ઉપાસના કરતા હતા. યજ્ઞોમાં ઘી, દૂધ, દહીં અને અન્નની આહુતિ આપવામાં આવતી એ તેનો વિશ્વાસ હતો. મંત્રોના ઉચ્ચારણ દ્વારા દેવતાઓને આહવાન

આપવામાં આવતું. દેવતા સ્વયં ઉપસ્થિત રહીને આહુતિનો સ્વીકાર કરે છે અને તે ઉપાસકોની મનોકામના પૂરી કરે છે.

**4.2.6.6 એકેશ્વરવાદની કલ્પનાઃ**

આર્યો અનેક દેવી-દેવતાઓની પૂજા કરતા હતા છતાં તેની વચ્ચે એકેશ્વરવાદની કલ્પના હતી. આર્યોએ સ્પષ્ટ શબ્દોમાં એકેશ્વરવાદની ઘોષણા કરી છે. હિરણ્યગર્ભસૂક્તમાં એકેશ્વરવાદનું સુંદર પ્રતિપાદન થયું છે. આર્યો એક જ બ્રહ્મના ઉપાસક હતા. દેવતાઓ અને પરમેશ્વરની એક જ શક્તિને અલગ અલગ રૂપમાં માનતા હતા. આ બાબત વૈદિક ધર્મની સૌથી મોટી વિશેષતા હતી.ઋગ્વેદના નાસત્ય સૂક્તમાં નિર્ગુણબ્રહ્મનું વર્ણન મળે છે. આર્યો પોતાના દેવી-દેવતાઓની કલ્પના માનવરૂપમાં કરતા હતા. વૈદિકકાળમાં મૂર્તિ-પૂજા પ્રચલિત હતી કે નહીં, એ એક વિવાદભર્યો પ્રશ્ન છે.

**4.2.6.7 ધાર્મિક વિકાસઃ**

આર્યો નૈતિકતા પર વધારે ભાર દેતા હતા. આત્મા અને પુનઃ જન્મના સંબંધમાં તેમનો વિચાર સ્પષ્ટ હતો. તે મૃત્યુને જીવનનો અંત નહોતા માનતા. તેની વચ્ચે સ્વર્ગ અને નર્કની કલ્પના હતી. આર્યો જાદુટોણાની નિંદા કરતા હતા. પરંતુ સાધારણ જનતામાં જાદુટોણાનો પ્રચાર રહેતો. મુક્તિની ચિંતા આર્યોને  ન હતી.  શબને અગ્નિમાં ભસ્મ થયા બાદ અસ્થિઓને કલશમાં ભરીને જમીનમાં દાટવામાં આવતા. સોમ યજ્ઞ આર્યોનો સર્વાધિક મહત્વપૂર્ણ પ્રસિદ્ધ યજ્ઞ હતો.

**4.2.7 વૈદિક સાહિત્યઃ**

ઋગ્વેદ એ આર્યોનો પ્રાચીનતમ અને પવિત્ર ગ્રંથ છે. તેમાં દેવતાઓની સ્તુતિઓ છે. જેમાં 10 મંડલ, 1028 સૂક્ત, 10580 ઋચાઓ છે. આ ગ્રંથમાં તત્કાલીન ભારતની. સામાજિક, રાજકીય, આર્થિક સ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ઋગ્વેદના બે બ્રાહ્મણગ્રંથો છે. ઐતરેય અને 2. કૌષિતકી. ઋગ્વેદના બધા જ સૂક્તોની રચના અલગ અલગ સમયે થઇ છે. પ્રત્યેક સૂક્તમાં ત્રણથી ચાર હજાર જેટલા મંત્રો છે.

**4.2.7.1 યજુર્વેદઃ**

તેમાં યજ્ઞ સંબંધીવિધિવિધાનનું વર્ણન છે. આ વેદ ગદ્યરૂપમાં છે તેના બે ભાગ છે. શુક્લ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ, શુક્લ યજુર્વેદમાં માત્ર શ્લોક છે અને કૃષ્ણયજુર્વેદમાં શ્લોક સાથે તેની વ્યાખ્યા પણ મળે છે.

**4.2.7.2 સામવેદઃ**

સામવેદમાં યજ્ઞના આ શ્લોક ગાવામાં આવતા. સામવેદ ત્રણ શાખાઓમાં વહેંચાયેલો છે. (1) કૌથુમ (2) શણાયનીય અને (3) જૈમિનીય. તાંડવ, પંચવિશ, સદશિવ અને છાંદોગ્ય સામવેદના બ્રાહ્મગ્રંથો છે.

**4.2.7.3 અથર્વવેદઃ**

અથર્વવેદમાં 20 મંડલ,731 ઋચા, 5839 મંત્રો છે. ભૂતપ્રેતને વશમાં કરવાના મંત્રો આપવામાં આવ્યા છે. તેના બે ભાગ છે. પૈપલાદ અને શૌનક.

આયુર્વેદ ઋગ્વેદનો, ધનુર્વેદ યજુર્વેદનો, ગન્ધર્વવેદ સામવેદનો તથા શિલ્પવેદ અથર્વવેદનો ઉપવેદ છે.

**4.2.7.4 બ્રાહ્મણગ્રંથઃ**

ઋષિઓ દ્વારા ગદ્યમાં વેદોની સરળ વ્યાખ્યા કરવામાં આવી તેને બ્રાહ્મણ ગ્રંથ કહે છે. પ્રત્યેક વેદનો બ્રાહ્મણગ્રંથ છે.

- ઋગ્વેદ-કૌશીતકી અને ઐતરેય (જેમાં રાજ્યાભિષેક, ઉત્સવોની માહિતી)
- કૃષ્ણ યજુર્વેદ- તૈતરીય બ્રાહ્મણ
- શુક્લયજુર્વેદ- શતપથ બ્રાહ્મણ
- સામવેદ- જૈમનીય બ્રાહ્મણ
- અથર્વવેદ- ગોપથ બ્રાહ્મણ

**4.2.7.5 આરણ્યકઃ**

તેનું પઠન-પાઠન વાનપ્રસ્થી, મુનિ અને વનવાસીઓ વનમાં કરતા, તેથી આ ગ્રંથોનું નામ આરણ્યક પડ્યું. આરણ્યકમાં આત્મા, મૃત્યુ, જીવન સંબંધી વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. કૌશીતકી, ઐતરેય, ઋગ્વેદનાં તૈતરીય. કૃષ્ણ યજુર્વેદના આરણ્યક છે. સામવેદ અને અથર્વવેદના કોઇ આરણ્યક નથી.

**4.2.7.6 ઉપનિષદઃ**

ઉપનિષદનો અર્થ 'ગુરુ નજીક બેસી જ્ઞાન પ્રાપ્ત કરવું'. ઉપનિષદમાં બ્રહ્મ તથા આત્મા સંબંધી વિષયો પર ઉચ્ચ કોટિનું દાર્શનિક ચિંતન કરવામાં આવ્યું છે. ઉપનિષદો 300 છે જેમાં 12 મુખ્ય છે કોઇક ઉપનિષદ ગદ્ય અને પદ્યમાં છે. ઇશ, કેન, કંઠ, પ્રશન, મુંડક, માંડુક્ય, તૈતરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વર, કૌષિતકી, મહાનારાયણ વગેરે મુખ્ય ઉપનિષદો છે.

વેદાંગઃ વેદોની વ્યાખ્યા વેદાંગમાં છે. તેની સંખ્યા છ છે. જેમાં શિક્ષા, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ કલ્પ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**4.2.7.7 સૂત્રઃ**

વૈદિક સાહિત્યમાં સૂત્ર એ સંક્ષિપ્ત ગ્રંથ છે, જેમાં ઓછામાં ઓછા શબ્દોમાં વાક્યોનો વધારે અર્થ વ્યક્ત કરવામાં આયો છે. શ્રુતિ સૂત્રમાં યજ્ઞના વિધિવિધાન વિશે, ગૃહસૂત્રમાં જન્મથી મૃત્યુ સુધીના માનવીના કર્તવ્યો, ચાર વર્ણાશ્રમની વ્યવસ્થા અને સામાજિક નિયમોનો ઉલ્લેખ છે.

પુરાણ પુરાણોની સંખ્યા 18 છે. બ્રહ્મ, મત્સ્ય, વિષ્ણુ, ભાગવત, અગ્નિ, વાયુ, માર્કંડેય, ગરૂડ પુરાણ, વગેરે ઐતિહાસિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. 18 પુરાણોને 18 ઉપપુરાણો છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ક) બહુવિકલ્પીય પ્રશ્નોઃ**

1. નીચેનામાંથી વૈદિકયુગની શાસનવ્યવસ્થાના ભાગરૂપ બે સંસ્થાઓ કઇ હતી?

   (અ) સભા અને સમિતિ (બ) વિદથ અને સંથાગાર

   (ક) ગ્રામ પંચાયત (ડ) લોકસભા અને રાજ્યસભા

2. વૈદિક યુગમાં નીચેનામાંથી કયું સંપત્તિનું સૌથી મોટું સ્વરૂપ ગણાતું?

(અ) સોનું (બ) ગોધન (ક) જમીન (ડ) મકાન

3. આર્યોનું મૂળ વતન ઉત્તર ધ્રુવ હતું એમ કોણે કહેલું છે?

(અ) મેક્સમૂલર (બ) પી. ગિલ્સ (ક) અવિનાશચંદ્ર (ડ) લોકમાન્ય ટિળક

4. આર્યોના સામાજિક જીવનનું સૌથી નાનું એકમ કયું હતું?

(અ) કુટુંબ (બ) ગોત્ર (ક) ગ્રામ (ડ) વિશ

5. હાલની રાજ્યસભાને મળતી આવતી વેદકાળની સંસ્થા કઇ છે?

(અ) પરિષદ (બ) સંથાગાર (ક) સમિતિ (ડ) સભા

6. વેદકાળમાં ગ્રામની વ્યવસ્થા સંભાળનાર અધિકારી કયા નામે ઓળખાતો?

(અ) ગોવિકર્તા (બ) ગામેતી (ક) ગ્રામણી

(ડ) ગ્રામપતિ

7. વેદકાલીન સમાજમાં નીચલા વર્ણની સ્ત્રી ઉપલા વર્ણના પુરુષ સાથે લગ્ન કરે તો તેને લગ્નના કયા પ્રકારમાં મૂકશો?

(અ) ગાંધર્વ લગ્ન (બ) અનુલોમ લગ્ન (ક) સ્વપસંદગી લગ્ન

(ડ) પ્રતિલોમ લગ્ન

8. આર્યોનો મુખ્ય વ્યવસાય કયો હતો?

(અ) શસ્ત્રો બનાવવા (બ) શિકાર (ક) ખેતી અને પશુપાલન

(ડ) જંગલ ઉછેર

## 4.3. અનુવૈદિકકાળ

### 4.3.1 સ્રોતો

#### 4.3.1.1 સાહિત્યિક સ્રોતોઃ

ઉત્તરવૈદિક કાળના અભ્યાસમાટે મુખ્ય ગ્રંથ યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. તેની રચના ઋગ્વેદ પછી થઇ. યજુર્વેદમાં સૂક્તોનું સંકલન છે. એ સિવાય ધાર્મિક અનુષ્ઠાનનું પણ વર્ણન છે. યજુર્વેદ અનુસાર ધાર્મિક અનુષ્ઠાન સ્વરપાઠની સાથે કરવાનો નિયમ છે. ઉપરાંત સામાજિક અને રાજનૈતિક પરિસ્થિતિની જાણકારી મળે છે. ઋગ્વેદના મંત્રોને સુર-સંગીત સાથે બનાવ્યા. તેનું રૂપ બદલાઇ ગયું અને આ મંત્રોના સંકલનનું નામ સામવેદ પડી ગયું. અથર્વવેદમાં સંકટો દૂર કરવા માટે મંત્રો-તંત્રોની ચર્ચા કરવામાં આવી. અથર્વવેદના આધાર પર વૈદિકકાળ પછી ધાર્મિક વિશ્વાસ અને પ્રથાઓની જાણકારી મળે છે.

વૈદિક સંહિતાઓની રચના પછી કેટલાક વિશેષ પ્રકારના ગ્રંથોની રચના ફરીથી થઇ તેને બ્રાહ્મણ ગ્રંથો કહેવામાં આવે છે. તેમાં અનેક પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનોનું સંકલન છે. આ અનુષ્ઠાનની રચના ધાર્મિક અને સામાજિક દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

ઉપરોક્ત ગ્રંથોનો સમયગાળો ઇ.સ. પૂર્વે 6000 થી લઇને 1000 સુધી ઇ.સ. પૂર્વ વચ્ચેનો છે.

ઉપરોક્ત સ્રોતના આધાર પર વૈદિકકાળ પછી પાંચસો વર્ષોનો ઇતિહાસ જાણવામાં મદદ મળે છે. સિન્ધુ સંસ્કૃતિ અને ઋગ્વેદિક કાળ પછી ઉત્તરવૈદિક કાળ સુધી એવો સમય હતો, જેમાં આર્થિક, રાજનૈતિક, સામાજિક વગેરે દૃષ્ટિકોણથી સમાજનું પરિવર્તન થયું.

#### 4.3.1.2 પુરાતત્વીય સ્રોત

આ સમય દરમ્યાન વિવિધ પુરાતત્વીય સ્થર પર કરવામાં આવેલા ખોદકામથી ચિત્રિત તથાં ભૂરા રંગના મૃદ્રભાન્ડ પ્રાપ્ત થયા તે ચિત્રિત ધૂસર મૃદ્રભાન્ડPainted Early Ware કહેવામાં આવે છે. આ સંસ્કૃતિના લોકો લોખંડના અસ્ત્ર-શસ્ત્ર અને વિવિધ ઉપકરણોના પ્રયોગ કરતા હતા. હસ્તિનાપુર, અતરંજીખેડા, આલમગીરપુર, નોહ વગેરે મુખ્ય ઉત્મનન સ્થળ છે. આ બધા જ વિસ્તારો કુરુ, પંચાલના વિસ્તારમાં આવતા હતા. જે ઉત્તરવૈદિક આર્યોનું મુખ્ય કાર્યક્ષેત્ર હતું. આ સ્થળેથી લોખંડથી બનેલાં બાણાગ્ર, બરછી વગેરે મળે છે. યુદ્ધ સંબંધી અસ્ત્ર-શસ્ત્રની સંખ્યા પણ વધારે હતી, જેના કારણે સ્પષ્ટ થાય છે કે પહેલાં લોખંડનો ઉપયોગ યુદ્ધના અસ્ત્ર-શસ્ત્રોના નિર્માણ માટે થતો. ધીરે ધીરે તેમાંથી કૃષિના ઓજારો અને સાધનો બનવા લાગ્યા.

### 4.3.2 લોખંડનું કળા-વિજ્ઞાનઃ-

ટેકનિકલ વિકાસની દૃષ્ટિએ લોખંડનો પ્રયોગ એ આ યુગની મહત્વની લાક્ષણિકતા હતી. ઉત્તરવૈદિક કાળ એ યુગ હતો જેમાં ભારતમાં લોખંડ યુગનો પ્રારંભ થયો. લોખંડ પહેલાં, કાંસુ એ મુખ્ય ધાતુ હતી.જે તાંબું અને ટીનમાં મેળવીને બનાવવામા આવતી. કાંસા પછી ધીરે ધીરે લોખંડ યુગની શરૂઆત ઉત્તરવૈદિક કાળમાં થઇ. ઉત્તરવૈદિક ગ્રંથોમાં લોખંડ માટે કૃષ્ણ અયસ શબ્દ મળે છે.

### 4.3.3 અર્થવ્યવસ્થાઃ

ઉત્તરવૈદિક યુગમાં આર્યોના જીવનમાં મહત્વના પરિવર્તનો આવ્યા હતા. પશુપાલનની સરખામણીએ કૃષિ આર્થિક જીવનનો મહત્ત્વનો આધાર બન્યું.

#### 4.3.3.1 કૃષિઃ

ઉત્તરવૈદિકકાળમાં આર્યોનો મુખ્ય વ્યવસાય કૃષિ હતો. કૃષિમાં આ યુગમાં અનેક સુધારા થયા. હળ સારા અને મોટા બનવા લાગ્યા. હળને 24 બળદો દ્વારા જોડવામાં આવતા તેવો ઉલ્લેખ મળે છે. આ યુગમાં ખેડૂતોને ખાતર, સિંચાઇ અનેતેની ઉપયોગિતાનું જ્ઞાન થઇ ગયું હતું. ઉપરાંત ગોબરનો વારંવાર ઉલ્લેખ મળે છે. સારી અને ઉપજાઉ જમીનમાં વર્ષમાં ત્રણ કૃષિ પાક લેવામાં આવતા. શતપથ બ્રાહ્મણમાં કૃષિની દરેક પ્રક્રિયાનો ઉલ્લેખ છે. ઘઉં અને જવ મુખ્ય અનાજ હતાં. ઐતરેય બ્રાહ્મણ ગ્રંથમાં 'અનન્ત સાગર'નો ઉલ્લેખ મળે છે. વ્યાપાર સ્થળ તથા જળ માર્ગો દ્વારા વિદેશોમાં પણ થતો. પ્રાકૃતિક વિપત્તિઓમાં કિસાનોને અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિનો સામનો કરવો પડતો હતો.

આર્યો હળથી પરિચિત હતા તથા તેને ઉર્કલ, બંગલા તથા સિરાના નામથી ઓળખવામાં આવતું ખેતીમાં જેમ કે યવ (જવ) ગોછુમ (ઘઉં), અડદ, મગ (મૃદંગ) અને બ્રીહી (ધાન) વગેરે કૃષિના પાક થતા હતા.

#### 4.3.3.2 પશુપાલન

ઉત્તરવૈદિક કાળમાં પશુપાલનમાં વૃદ્ધિ થઇ. પશુઓ માટે સારા આવાસ બનાવવામાં આવતા. મુખ્ય પાલતુ પશુમાં ગાય, બળદ, ઘોડા, ઘેટાં, બકરી, ભેંસ, ગધેડો, સુઅર,ઊંટ, હાથી વગેરે હતાં, તેમાં ગાયનું વિશેષ મહત્ત્વ હતું. ગાયને પૂજનીય માનતા હતા. રાજા બ્રાહ્મણોને ગાય

દાનમાં આપતા હતા. આર્ય પ્રજા ભોજનમાં દૂધ, દહીં અને ઘીનો ઉપયોગ કરતી હતી. હાથી પણ પાળવામાં આવતો હતો. પશુઓ ભારવહન અને હળ ખેચવામાં કામ આવતા હતા. આર્ય પ્રજાને પશુઓ દ્વારા દૂધ, ચામડું વગેરે મળતા હતા, જેનો વિવિધ વ્યવસાયોમાં ઉપયોગ કરવામાં આવતો હતો.

**4.3.3.3 ઉદ્યોગ અને વ્યાપાર**

આ યુગમાં કૃષિની સાથે સાથે ઉદ્યોગ તથા વ્યાપારમાં પણ ખૂબ જ નોંધપાત્ર પ્રગતિ થઇ હતી. જન સંખ્યામાં વૃદ્ધિના કારણે જીવનઉપયોગી નવા સાધનોની શોધ થવા લાગી. આર્યોના ધાતુ સબંધી જ્ઞાનમાં વૃદ્ધિ થઇ. નટ, ગાયક, જ્યોતિષ, વૈદ વગેરે વ્યવસાયકારોનો પ્રાદુર્ભાવ આ યુગમાં થયો. વ્યાવસાયિક સંઘની પણ સ્થાપના થઇ. વેપારીઓના વર્ગને 'વણિક' કહેવામાંઆવતો હતો. અને વ્યાવસાયિક સંઘના અધ્યક્ષને 'શ્રેષ્ઠી' તરીકે ઓળખવામાં આવતો, જેનો ઉલ્લેખ વાજસનેથીસંહિતા અને ઐતરેય બ્રાહ્મણ ગ્રંથમાં મળે છે. આ સમયમાં વૈદિકકાળની જેમ જ વ્યાપાર વસ્તુવિનિમય પ્રણાલી પર થતો હતો. લેવડદેવડનું માધ્યમ ગાય અને નિષ્કનો ઉલ્લેખ મળે છે.

આ સમયમાં મુખ્ય ઉદ્યોગ ધાતુકામ, વસ્ત્રનિર્માણ, રથનિર્માણ, કાષ્ઠકલા, ચર્મકામ, કુમ્ભારી વગેરે મુખ્ય ઉદ્યોગ હતા.

યજુર્વેદમાં હિરણ્ય (સોના), ત્રપુ (ટિન), સીસક (સીસું), અયસ (લોખંડ) વગેરેનું વિવરણ મળે છે. અથર્વવેદમાં ચાંદીનો ઉલ્લેખ મળે છે. સોનું અને ચાંદીના આભૂષણ બનાવવામાં આવતા.

ટેકનિકલ વિકાસની દૃષ્ટિએ આ સમય ભારતમાં લોહયુગ હતો.લોખંડનો ઉપયોગ મુખ્ય યુદ્ધશસ્ત્રો બનાવવામાં થતો હતો, તથા કૃષિના ઓજારો બનાવવામાં પણ થતો હતો. ઉત્ખનન દરમ્યાન લોખંડના હથિયારો મળ્યા છે. સૌથી વધું અદિક્ષેત્રમાંથી મળ્યા. વેદકાલીન ગ્રંથમાં કર્માર શબ્દ લુહાર માટે કરવામાં આવ્યો છે. આ યુગમાં વસ્ત્રનિર્માણ સંબંધીની જાણકારી મળે છે. ગ્રંથોમાં ઊર્ણ (ઊન) શણ (શણ), કૌશ (રેશમ),ક્ષૌમ (રેશમ) સૂચી (સોય) વગેરેનો ઉલ્લેખ મળે છે. ઉપરાંત રથકાર (રથનિર્માણ), ચર્મકાર (ચમાર), કુલાલ (કુંભાર) વગેરેનો ઉલ્લેખ મળે છે.

**4.3.3.4 અન્ય વ્યવસાયઃ**

વૈદિક સાહિત્યમાં અન્ય વ્યવસાયના પણ ઉલ્લેખ મળે છે. કુમ્ભાર, માછીમાર સારથી (રથ ચલાવવા વાળો),ધનુષ્ય બનાવવાવાળા તથા ચટાઇ અને દોરડું બનાવવાવાળાઓએ પોતપોતાના સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યા હતા.

ગ્રંથો અનુસાર વસ્ત્ર બનાવવાનું કામ મુખ્ય ઉદ્યોગમાં આવતું હતું. ઊનના વસ્ત્રોનું નિર્માણ પણ ખૂબ જ થતું હતું. શણમાંથી ચટાઇ બનાવવામાં આવતી. જાનવરોના ચામડાનો ઉપયોગ બ્રહ્મચારી અને તપસ્વી લોકો કરતા હતા. અનુમાન કરવામાં આવે છે કે કપડાં વણાટ માટે કોઇ ચરખા જેવી કોઇ વસ્તુ હશે. વણાટનું કામ મોટેભાગે સ્ત્રીઓ કરતી હતી. કપડાં રંગવાવાળા રંગસાજ પણ હતાં. કુમ્ભાર માટીના વાસણો બનાવતા, જેમાં ઘડો,માટલા, કટોરા વગેરે પ્રચલિત હતાં. ચિકિત્સા માટી તન્ત્રમંત્રનું પણ ખૂબ મહત્ત્વ હતું.

#### 4.3.4 રાજ્યવ્યવસ્થાઃ

#### 4.3.4.1 શક્તિશાળી રાજ્યોની સ્થાપના

ઉત્તરવૈદિક યુગમાં આર્ય પ્રજામાં રાજનૈતિક જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું. આ યુગમાં વિશાળ અને શક્તિશાળી રાજ્યો વચ્ચે વિસ્તાર અને પ્રભુત્વ માટે સંઘર્ષ થયા. આ પરસ્પર સંઘર્ષમાં નાના અને નિર્બળ રાજ્યો શક્તિશાળી રાજ્યોને આધીન થઇ ગયા. આ પ્રકારે વિશાળ રાજ્યોનો ઉદય થયો. ચક્રવર્તી પદ પ્રાપ્ત કરવા માટે અશ્વમેધ અને રાજસૂય યજ્ઞ કરવામાં આવતા આ સમયમાં આર્યોના ઉલ્લેખનીય રાજ્ય ગાંધાર, કૈકય, મદ્ર, મત્સ્ય, કુર, પાંચાલ, કાશી, કૌશલ, વિદેહ, અંગ, મગધ વગેરે રાજ્યોનો ઉલ્લેખ મળે છે. આ યુગમાં સામંતવાદી પ્રવૃત્તિનો વિકાસ થવા લાગ્યો હતો. રાજતંત્ર સંગઠિત થઇ રહ્યું હતું. અને બીજી બાજુ લોકશાહી (પ્રજાતાંત્રિક) ની ભાવના પણ વિકસિત થઇ રહી હતી. જેમ જેમ તેમનો પ્રભાવ વધતો ગયો તેમ નવી નવી પદવીઓથી પોતાને વિભૂષિત કરવાનું શરૂ કર્યું. જેમ કે અધિરાજ, રાજાધિરાજ, સમ્રાટ, ચક્રવર્તિત, સાર્વભોમ વગેરે.

#### 4.3.4.2 રાજાના અધિકારોમાં વૃદ્ધિઃ

આ યુગમાં રાજ્યોના વિસ્તારની સાથે રાજાની સ્થિતિમાં ખૂબ પરિવર્તન આવ્યું. રાજાના પ્રભાવ અને શક્તિમાં વૃદ્ધિ થઇ. રાજા પોતાના રાજ્યમાં કોઇ પણ વ્યક્તિને દંડ દઇ શકતો. કર્મચારીને પદભ્રષ્ટ કરી શકતો. રાજ્યની ભૂમિ પર રાજાનો અધિકાર માનવામાં આવતો. તેનું પદ વંશાનુગત હતું. ન્યાયકર્તા, પ્રજાપાલક તથા સેનાપતિ બધા જ અધિકારો રાજા પાસે હતા. કેવળ બ્રાહ્મણની મર્યાદા સર્વોપરી બની. તેમાં કોઇ પરિવર્તન ન થયું. રાજાને બ્રાહ્મણોની રક્ષા કરવાનાશપથ લેવા પડતા. પુરોહિતની સાથે કપટ કરી શકતો નહીં. સર્વપ્રથમ ઐતરેય બ્રાહ્મણ ગ્રંથમાં રાજત્વની ઉત્પત્તિનો દૈવી સિદ્ધાંત મળે છે. ઉપરાંત દિશાઓના આધાર પર રાજાઓને વિશેષ નામથી ઓળખવામાં આવતા.

**કોષ્ટક**

**ઐતરેય બ્રાહ્મણગ્રંથ મુજબ**

| દિશા/વિસ્તાર | શાસન પ્રથાનું નામ | રાજાનું નામ | ઉદાહરણ |
|---|---|---|---|
| ઉત્તર | વૈરાજ્ય | વિરાટ | ઉત્તર કુરૂ, ઉત્તર મદ્ર |
| દક્ષિણ | મૌજ્ય | મોજ | સાત્વત |
| મધ્ય | રાજ્ય | રાજા | કુરૂ, પંચાલ, કૌશલ |
| પૂર્વ | સામ્રાજ્ય | સમ્રાટ | મગધ, વિદેહ, કલિંગ |
| પશ્ચિમ | સ્વરાજ્ય | સ્વરાટ | સૌરાષ્ટ્ર, કચ્છ, સૌવીર |

ચારેય દિશામાં વિજય પ્રાપ્ત કરવાવાળા રાજાને 'ઇકરાટ' કહેવામાં આવતો.

#### 4.3.4.3 રાજકર્મચારીની સંખ્યામાં વૃદ્ધિઃ

આ યુગમાં રાજકર્મચારીઓમાં વૃદ્ધિ થઇ. અધિકારીયોને 'રત્નિન' કહેવામાં આવતા. રત્નિન ઉચ્ચકોટીનો અધિકારી હતો. ઉપરાંત અન્ય પણ અધિકારી હતા. આ સમયમાં સુત (સારથી)

સંગ્રહીતી (કોષાધ્યક્ષ) વગેરે નવા અધિકારી હતા. રત્નિન ઉપરાંત 'વીર' પણ રાજ્યનો અધિકારી હતો. સાધારણ અધિકારીઓમાં તક્ષ, રથકાર તથા ગોવિકર્ત વગેરેનો ઉલ્લેખ છે. પાણિની અનુસાર રત્નિન અને અથર્વવેદ અનુસાર રાજકૃત રાજ્યનો પ્રમુખ અધિકારી કહેવાતો. એમાં પ્રમુખ મંત્રી (પુરોહિત),સંગ્રહોત્રી (કોષાધ્યક્ષ), ગ્રામીણી (સેનાપતિ), અક્ષાવાય આવક-જાવકનો હિસાબ રાખતો. પ્રતિહાર રાજ્ય પરિવારનો  રક્ષક હતો. ઉપરાંત વૈદિકગ્રંથોમાં અંગરક્ષક, ધર્માધ્યક્ષ, પરિચારિક, અશ્વાધ્યક્ષવગેરે અન્ય પદાધિકારીઓના ઉલ્લેખ મળે છે.

**4.3.4.4 સભા અને સમિતિ**

અથર્વવેદ અનુસાર રાજાની મનમાની પર અંકુશ રાખવા માટે સભા અને સમિતિ જેવીલોકપ્રિય સંસ્થાઓ પ્રચલિત હતી. આ બન્ને સંસ્થાઓને અથર્વવેદમાં'પ્રજાપતિની બે જોડિયા બહેનો' કહેવામાં આવી છે. સભા નાની સંસ્થા હતી. સમિતિ મોટી સંસ્થા હતી. રાજા જે નવા પ્રસ્તાવ રજૂ કરે તેનેસમિતિની સ્વિકૃતિ પ્રાપ્ત કરવી પડતી. સભા સૌથી મહત્વપૂર્ણ ગ્રામ સંસ્થા હતી. જે સ્થાનિક સ્વશાસનનું કામ કરતી. શતપથ બ્રાહ્મણમાં ઉલ્લેખ પ્રમાણે સભા એટલી મહત્વપૂર્ણ સંસ્થા હતી કે સમય સમય પર રાજાને તેમાં ઉપસ્થિત રહેવું પડતું. જ્યારે પણ મહત્વપૂર્ણ વાદવિવાદ થાય તો રાજાની ઉપસ્થિતિમાં સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવતો.

**4.3.4.5 ન્યાયવ્યવસ્થાઃ**

રાજા જ સૌથી મોટો ન્યાયકર્તા હતો. પરંતુ અમુક ન્યાય માટેના અધિકારો અધ્યક્ષને આપવામાં આવતા. ગ્રામ્ય સ્તરે સાધારણ અપરાધોનો નિર્ણય ગ્રામવાસીઓ પોતાની સભામાં કરતા હતા. તે ગામનો ન્યાયાધીશ કરતો. ફોજદારી બાબતમાં પ્રતિહિંસાની પ્રથા પ્રચલિત હતી. બ્રાહ્મણની હત્યા એ બહુ મોટો અપરાધ સમજવામાં આવતો. રાજદ્રોહ માટે પ્રાણદંડ આપવામાં આવતો. દીવાની મુકદમામાં પંચ દ્વારા નિર્ણય લેવામાં આવતો. પરંતુ વિશિષ્ટ બાબતમાં રાજા અને સભાની સહાયતાથી નિર્ણય લેવામાં આવતો. ન્યાયના સંબંધમાં બ્રાહ્મણોનેવિશેષ અધિકાર હતા. ઉત્તરાધિકારીની બાબતમાં એવું કહેવામાં આવ્યું કે પિતાની સંપત્તિ પર પુત્રનો અધિકાર હતો. સ્ત્રીઓનો કોઇ હક હતો નહીં.

**4.3.4.6 શાસન પ્રબન્ધઃ**

ઉત્તરવૈદિક યુગની શાસન વ્યવસ્થા પહેલેથી જ સુસંગઠિત હતી. પોલીસની વ્યવસ્થા કરવામાં આવી હતી. 'ઉગ્ર' અને'જીવગ્રહ' નામના પોલિસ અધિકારીઓના નામના ઉલ્લેખ મળે છે.રાજા પોતે મંત્રીઓની મદદથી સમગ્ર રાજ્યનું શાસન ચલાવતો હતો. મંત્રીઓ ઉત્તરવેદકાલીન સમયમાં 'રત્નિન' તરીકે ઓળખવામાં આવતા. ઉપરાંત સ્થપતિનું પદ આજના ગવર્નર જેવું ગણાતું હતું.

**4.3.4.7 સ્થાનિક અને પ્રાંતીય શાસન**

આ સમયમાં વિકસિત સ્થાનિક તથા પ્રાંતના શાસનનો ઉલ્લેખ મળે છે. 'સો' ગામના અધિકારીને'પતિ' અને સીમાન્તના શાસકને'સ્થપતિ' કહેવામાં આવતો. પ્રાંતના શાસનની નિયમિત વ્યવસ્થાનો પ્રારંભ એ સમયમાં થયો હતો. સમગ્ર દેશમાં શાંતિ અને સુવ્યવસ્થા સ્થાપિત થઇ હતી. રાજ્ય તરફથી શ્રેષ્ઠ શિક્ષણની પણ વ્યવસ્થા કરવામાં આવતી.

#### 4.3.4.8 રાજ્યની આવક

ઉત્તરવૈદિક યુગમાં પ્રારંભમાં પ્રજા રાજ્યને નિયમિત કર આપતી નહીં. અથર્વવેદમાં ઇન્દ્રને પ્રાર્થના કરવામાં આવી છે કે પ્રજા રાજ્યકર આપવાનો પ્રબંધ કરે. બ્રાહ્મણગ્રંથોમાં રાજ્યકર માટે 'બલી' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. સમયાંતરે કરસંગ્રહની પ્રથાને નિશ્ચિત રૂપ આપવામાં આવ્યું અને તેના માટે 'ભાગદૂધ' નામના અધિકારીની નિમણૂક કરવામાં આવતી. સૌથી વધુ કર વૈશ્ય વર્ગના લોકો પાસેથી પ્રાપ્ત થતો હતો. કારણ કે તે વ્યાપારી વર્ગ હતો. અથર્વવેદમાં જાણવા મળે છે કે રાજ્યકર અન્ન અને પશુઓના રૂપમાં પણ વસૂલવામાં આવતો.રાજ્યની આવકનો 16મો ભાગ રાજાને પ્રાપ્ત થતો હતો.

### 4.3.5 સમાજ

#### 4.3.5.1 જ્ઞાતિપ્રથા (સામાજિક વર્ગીકરણ)

ઉત્તરવૈદિકકાળમાં આર્યોમાં સામાજિક જીવનમાં અનેક મહત્ત્વપૂર્ણ પરિવર્તન થયા. સમાજ ચાર વર્ણમાં વિભાજિત થઇ ગયો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. વર્ણ નિર્ધારણ હવે નિશ્ચિત રૂપથી વંશના આધાર પર થવા લાગ્યું. આ યુગમાં શ્રમનું વિભાજન પણ પ્રગટ થયું. શાસ્ત્રકારોએ ચાર વર્ણોના કર્તવ્યોનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. તેના અલગ અલગ નિયમ પણ બનાવ્યા. જ્ઞાતિ પરિવર્તન જટિલ બની ગયું. અનેક ઉપજાતિઓને પણ ઉલ્લેખ મળે છે. જેમાં ઉલ્લેખ મુજબ વ્યાપારી, રથ-નિર્માતા, લુહાર, ચમાર, વગેરે શ્રમ વિભાજન મુજબ જ્ઞાતિઓ બનતી ગઇ. વર્ણાશ્રમ વ્યવસ્થાનો પણ જન્મ થયો. માનવજીવનને ચાર આશ્રમમાં વિભાજિત કરવામાં આવ્યું. અને માનવ જીવનના ચાર મહાનપુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે આશ્રમ વ્યવસ્થાને આધાર બનાવી.

**1. બ્રાહ્મણ**

વર્ણવ્યવસ્થા મુજબ બ્રાહ્મણોનીસ્થિતિ ખૂબ જ સારી હતી. આ લોકો અનેક વિષયોનો અભ્યાસકરીને જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. મુખ્ય રૂપે વેદનો અભ્યાસ અને શિષ્યોને કાર્ય આપવું તેનું મુખ્ય કામ હતું. ઉપરાંત યજ્ઞમાં પુરોહિતનું કામ કરતા હતા. યજ્ઞ સંબંધી બધા જ નિયમો તેને યાદ રહેતા હતા. જેના કારણે તેમણે સમાજમાં સન્માનપૂર્વકનું સ્થાન બનાવ્યું. તેનું સન્માન એટલું વધી ગયું કે રાજા પણ પોતાના પુરોહિત બનાવીને ન માત્ર ધાર્મિક કાર્ય માટે પણ પોતાના રાજ્યવહીવટમાં તેના મંતવ્યો પણ લેવાતા થયા. આવી રીતે બ્રાહ્મણોએ પોતાનું સ્થાન બનાવીલીધું. સમાજના લોકોને પ્રભાવિત કરવા માટે ધાર્મિક સેવા કરવા લાગ્યા. મૃત્યુ પછી આત્માનું અસ્તિત્વ, તંત્રમંત્ર, જાદુટોણા, વગેરે રહસ્યમય વિષયો પર બ્રાહ્મણોએ સમાજના લોકોને બનાવવાનું શરૂ કર્યું. પરિણામ સ્વરૂપે તેની અમુક ખોટી ગતિવિધિઓને કારણે તેનું મહત્વ ઘટી ગયું.

**2. ક્ષત્રિય**

આર્યોના સમાજમાં કબીલા-કબીલા વચ્ચે યુદ્ધો થતા હતા. એક રાજ્યબીજા રાજ્યસાથે યુદ્ધ થતા હતા. આવા સમયે સમૂચી જાતિનાં બલિષ્ઠ અને યોગ્ય યુવક યુદ્ધમાં જતા હતા. યુદ્ધ પછી

ફરીથી પોતાના કામમાં વ્યસ્ત રહેતા હતા. ધીરે ધીરે યુદ્ધ પ્રતિદિન જરૂરી ચીજ બની ગયા. હંમેશને માટે નૌજવાનો મોટી સંખ્યામાં યુદ્ધમાં વ્યસ્ત રહેવા લાગ્યા. જેનાકારણે રાજ્યને હંમેશને માટે સેના રાખવાની જરૂરિયાત જણાઇ. અહીં સેના ક્ષત્રિય નામથી ઓળખાતી હતી. જેનું મુખ્ય કામ રાજ્યની સુરક્ષા અને સીમાનો વિસ્તાર કરવાનું હતું. અને એમાંથી ક્ષત્રિય એક અલગ વર્ગ બની ગયો.

**3. વૈશ્યઃ**

કૃષિ અને વ્યાપાર કરવાવાળો ત્રીજો વર્ગ વૈશ્ય કહેવાતો હતો. જેનું મુખ્ય કર્તવ્ય સમાજની આર્થિક આવશ્યકતાઓને પૂરી કરવાની હતી. સમાજનો ખર્ચ ચલાવવાનો ભાર એક બાજુ તેને માથે હતો. આ લોકો બ્રાહ્મણોને દાન દેતા હતાં. યજ્ઞ કરાવતા હતા અને ધાર્મિક કાર્યમાં આર્થિક સહાયતા કરતા હતા.

**4. શુદ્રઃ**

સૌથી નીચેનો વર્ગ શુદ્ર કહેવાતો હતો. પ્રાચીન યુનાન અને રોમ જેવી શુદ્રોની સ્થિતિ લે-વેચની જે હતી તે ભારતીય વેદકાલીન ન હતી. શુદ્ર શબ્દનો સૌ પ્રથમ ઉલ્લેખ ઋગ્વેદના 10મા મંડળમાં પુરુષસૂક્તમાં મળે છે.

**4.3.5.2 આશ્રમ વ્યવસ્થાઃ**

માનવજીવનના ચાર મહાન પુરુષાર્થો ધર્મ અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે આશ્રમ વ્યવસ્થાનો આધાર લેવામાં આવ્યો. ઉત્તરવૈદિક સમયમાં આશ્રમ વ્યવસ્થાનાસ્પષ્ટ પ્રમાણ મળે છે. સર્વપ્રથમ 'જાબાલ' ઉપનિષદમાંચાર આશ્રમ બ્રહ્મચર્ય ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસનો ઉલ્લેખ મળે છે. આશ્રમ વ્યવસ્થા ઉત્તરવૈદિક સમાજનો મહત્વપૂર્ણ આધાર હતો. વૈદિક ગ્રંથોમાં મનુષ્યની ઉમર 100 વર્ષ માનવામાં આવતી. આશ્રમને ચાર વિભાગમાં વિભાજિત કરી ચાર આશ્રમોમાં વિભાજિત કરવામાં આવી.

**1. બ્રહ્મચર્ય આશ્રમ**

દરેક વ્યક્તિને પોતાના જીવનના આરંભથી 25 વર્ષ સુધી બ્રહ્મચર્ય આશ્રમમાં વિતાવવા પડતા. અહીં તેઓ વેદનો અભ્યાસ કરતા.

**2. ગૃહસ્થ આશ્રમ**

વેદઅભ્યાસ પછી વ્યક્તિ ગૃહસ્થ આશ્રમમાં પ્રવેશ કરે. આ આશ્રમનો સમયગાળો 26 થી 50 સુધી હતો. ગૃહસ્થ આશ્રમમાં વ્યક્તિને પંચમહાયજ્ઞ બ્રહ્મ, પિતૃ, દેવ નૃ-યજ્ઞ અને ઋણ યજ્ઞનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું હતું. ગૃહસ્થદ્વારા કરવામાં આવેલ દૈનિક યજ્ઞને પંચ મહાયજ્ઞકહેવામાં આવતા. વેદોનો અભ્યાસ બ્રહ્મયજ્ઞ, પિતૃતર્પણ, શ્રાદ્ધ, પિતૃયજ્ઞ દેવતાઓને પ્રસન્ન કરવાનાહેતુથી કરવામાં આવતા. હવન, પૂજા, દેવ, યજ્ઞ, પ્રાણીઓને ભોજન આપવું, ભૂતયજ્ઞ અને અતિથિ-સેવા નૃ-યજ્ઞ કહેવામાં આવતા.

**3. વાનપ્રસ્થ આશ્રમ**

ગૃહસ્થ આશ્રમ પછી વ્યક્તિને વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરવો પડતો. તેનો સમયગાળો 51 થી 75 વર્ષ સુધીનો હતો. આ અવસ્થામાં વ્યક્તિ પરિવારનો ભાર પોતાના પુત્રોને સોંપીને

સાંસારિક જીવનમાંત્યાગ કરતી હતી અને તપસ્યાનુ જીવન વ્યતીત કરતા હતા. આ આશ્રમમાં લોકો ગામ અને નગરની બહાર આશ્રમબનાવીને રહેતા હતા અને બ્રહ્મચારીઓ અથવા પ્રથમ આશ્રમના લોકોને વિદ્યાદાન દેતા હતા.

**4. સંન્યાસ આશ્રમ**

જીવનની અંતિમ અવસ્થામાં વ્યક્તિ સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરતી હતી. આ આશ્રમનો સમયગાળો 76 થી 100 વર્ષ મૃત્યુ સુધી હતો. સંન્યાસ આશ્રમમાં સમગ્ર સંસારના બંધનોનો ત્યાગકરવો પડતો. આ આશ્રમમાં વ્યક્તિનું મુખ્ય કર્તવ્ય સમાજસેવા તથા પરોપકારનું હતું.

### 4.3.5.3 સ્ત્રીઓની બદલાતી સ્થિતિઃ

ઉત્તરવૈદિકયુગમાં સ્ત્રીઓની સ્થિતિ પહેલા કરતા ખરાબ થઇ. સમાજમાં નારીની પ્રતિષ્ઠા ઘટી ગઇ. તેના અનેક અધિકાર લઇ લેવામાં આવ્યા. કન્યાઓનો જન્મ દુર્ભાગ્યપૂર્ણ બનવા લાગ્યો. કન્યાઓના કય-વિક્રયનો પણ આ સમયમાં ઉલ્લેખ મળે છે. નારી શિક્ષણમાં લોકપ્રિય રહી. આ યુગમાં ગાર્ગી, બાચવનવી અને મૈત્રેયી જેવી વિદુષિઓ હતી. નૃત્ય અને સંગીતમાં સ્ત્રીઓ નિપૂણ હતી. પતિની સાથે યજ્ઞમાં પણ સાથે રહેતી. પર્દાપ્રથાપ્રચલિત ન હતી. કુટુંબ વ્યવસ્થાપિતૃપ્રધાન અને સંયુક્ત કુટુંબપ્રથા પ્રચલિત હતી. એક પત્ની લગ્ન આદર્શ તો હતો. પરંતુ બહુપત્ની લગ્નનું પ્રમાણ વધ્યું હતું. એકંદરે સ્ત્રીઓની સામાજિક સ્થિતિ કથળી હતી.

- **વિવાહ** :

મનુસ્મૃતિમાં લગ્નના કુલ આઠ પ્રકારોનો ઉલ્લેખ કરવામા આવ્યો છે. જેમાં પ્રથમ ચાર પ્રકારના લગ્નો ઇચ્છનીય અને પ્રશંસનીય ગણાતા જ્યારે અન્ય ચાર પ્રકારના લગ્નો ટીકાપાત્ર કે અવૈદિક ગણવામાં આવતા હતા.

ઇચ્છનીય લગ્નમાં બ્રહ્મવિવાહ, દૈવવિવાહ, આર્ષલગ્ન અને પ્રજાપત્ય લગ્ન જ્યારે અનિચ્છનીય લગ્નમાં ગાંધર્વલગ્ન, અસુરવિવાહ, પૈશાચ લગ્ન અને રાક્ષાસી વિવાહ આમ વિવિધ લગ્નના પ્રકારો હતા. ઉત્તરવૈદિક યુગમાં ગોત્ર વ્યવસ્થા અને ગોત્રની બહાર લગ્નની પરંપરાના પ્રારંભ થયો હતો.

### 4.3.5.4 ખાન-પાન, પોશાક અને આનંદ-પ્રમોદ

ઉત્તરવૈદિક યુગમાં આર્યોના પોશાક, ખાન-પાન, રહેણી-કરણી, આમોદ-પ્રમોદ વગેરેમાં કોઇ ખાસ પરિવર્તન આવ્યું નથી. પરંતુ એ સંબંધી સાધનોનો વિકાસ થયો. જીવનધોરણ ઊંચુ ગયું. અનેક પ્રકારના રેશમી અને કેસરથી રંગવામાં આવતા વસ્ત્રોનો પ્રયોગ થવા લાગ્યો. અનેક આભૂષણ અપેક્ષા કરતા નવીન સુંદર અને વ્યવસ્થિત બનવા લાગ્યા. મનોરંજનની બાબતમાં આ યુગમાં નાટક કરવાવાળાનો ઉલ્લેખ મળે છે. નગરની બહાર ખેલકૂદનું મોટું મેદાન હતું. જેમાં યુવકો કુશ્તી, તલવારબાજી વગેરેનો અભ્યાસ કરતા હતા. સંગીત, નૃત્ય, ધૃત ક્રીડા વગેરેની પહેલા કરતા લોકપ્રિયતા ખૂબ જ વધી. નાટક મનોવિનોદનું નવું સાધન બન્યું.

### 4.3.6 ધર્મ

ઉત્તરવૈદિક સમયમાં આર્યોની ધાર્મિક વિચારધારામાં ખૂબ જ પરિવર્તન આવ્યું. વૈદિકકાલનું સીધું-સાદું ધાર્મિક જીવન હવે આડમ્બરપૂર્ણ, રૂઢીવાદી અને કર્મકાન્ડપ્રધાન બની ગયું. ઉત્તર વૈદિક સમયના અંતિમ તબક્કામાં પુરોહિતોનું પ્રભુત્વ અને કર્મકાન્ડોના વિરોધમાં ઉપનિષદોએ અવાજ ઉઠાવ્યો.

**4.3.6.1 દેવી-દેવતાઃ**

વૈદિકયુગમાં મુખ્ય દેવતા ઇન્દ્ર, અગ્નિ, વરૂણ હતા હવે આ સમયમાં તેના સ્થાને નવીન દેવતાઓ પ્રજાપતિ (બ્રહ્મા), વિષ્ણુ (નારાયણ) રૂદ્ર (એટલે શિવ) એ સ્થાન લીધું. પ્રજાપતિ સૃષ્ટિનું નિર્માણ કરવાવાળા દેવતા હતા. તેનું આ સમયમાં સર્વોચ્ચ સ્થાન હતું. ત્યારબાદ બ્રહ્માના રૂપમાં ઓળખાવા લાગ્યા.

વિષ્ણુંવૈદિકયુગમાં સૂર્યના પાંચ રૂપમાંથી એક માનવામાં આવતા.હવે આ સમયમાં સ્વતંત્ર દેવતા મનાવા લાગ્યા.તે આર્યોના સંરક્ષક અને પાલનકર્તા હતા. રૂદ્ર પ્રારંભમાં પશુઓના દેવતા હતા. હવે આ યુગમાંકલ્યાણકારી શિવ બની ગયા.

આ પ્રકારે ઉત્તરવૈદિક યુગમાં ત્રિમૂર્તિની ભાવનાનું બીજારોપણ થયું. દેવતાઓની સંખ્યામાં દિગ્પાલ, ગન્ધર્વ, યક્ષ, વગેરે રૂપ સામે આવ્યા.ઉપરાંત યક્ષણિયો અને અપ્સરાઓનો પણ ઉલ્લેખ મળે છે. સામાજિક વર્ગીકરણનીસાથે સાથે કેટલાક દેવતાઓના સંબંધ પણ વિશેષ સ્થાપિત થયા.

**4.3.6.2 યજ્ઞ**

યજ્ઞ મુખ્યત્વે બે પ્રકારના હતા.

લઘુયજ્ઞ અને મહાયજ્ઞ

**1.લઘુયજ્ઞઃ**

ગૃહસ્થો દ્વારા કરવામાં આવતા દૈનિક યજ્ઞોને લઘુયજ્ઞની શ્રેણીમાં મુકવામાં આવે છે. આ પંચમહાયજ્ઞ ગૃહસ્થ દ્વારા દૈનિક કરવામાં આવતો યજ્ઞ હતો.

**2. મહાયજ્ઞઃ**

રાજકુળમાં વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા યજ્ઞને મહાયજ્ઞ કહેવામાં આવતો આ યજ્ઞને પૂર્ણકરવામાં 17 પુરોહિતોની જરૂરિયાત રહેતી.

**3. રાજસૂયયજ્ઞઃ**

રાજસૂયનો શાબ્દિક અર્થ થાય રાજકીય સંસ્કાર. આ યજ્ઞ રાજાના સિંહાસન સંબંધી યજ્ઞ હતો આ અવસર પર રાજા રાજકીય વસ્ત્રોમાં સજ્જ થઇ પુરોહિત પાસેથી ધનુષબાણ લઇને સ્વયં પોતાને રાજા ઘોષિત કરતાહતા. આ યજ્ઞ એક વર્ષ સુધી ચાલતો હતો. રાજસૂય યજ્ઞનો સૌ પ્રથમ ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં મળેછે. રાજસૂય યજ્ઞકરાવવાવાળા પુરોહિતને 24,000 ગાય દાનમાં દેવામાં આવતી.

**4. બાજપેય યજ્ઞ**

બાજપેય યજ્ઞનો શાબ્દિક અર્થ થાય શક્તિનું પાન. આ યજ્ઞ શૌર્ય પ્રદર્શન અને પ્રજાના મનોરંજન માટે કરવામાં આવતો યજ્ઞ હતો. તે 17 દિવસ સુધી ચાલતો હતો.

**5. અશ્વમેધ યજ્ઞઃ**

અશ્વમેધ યજ્ઞનો શાબ્દિક અર્થ થાય ઘોડાનો બલિ આ યજ્ઞ રાજ્યના વિસ્તાર માટેના હેતુથીકરવામાં આવતો યજ્ઞ હતો. આ યજ્ઞમાં એક ઘોડાના અભિષેક પછી તેને એક વર્ષ માટે સ્વતંત્ર છોડી મૂકવામાં આવતો. જે વિસ્તારમાં ઘોડો ફરે તે વિસ્તાર સંપૂર્ણ રાજાનું આધિપત્ય સમજવામાં આવતું. ઘોડાના રક્ષણ માટેનું 400 યોદ્ધાઓને મૂકવામાં આવતા. એક વર્ષ બાદ ઘોડાને રાજ્યમાં પાછો લાવવામાં આવતો અને આ ઘોડાનો યજ્ઞમાં બલિ દેવામાં આવતો. આ યજ્ઞ 3 દિવસ સુધી ચાલતો હતો.

**6. અગ્નિષ્ટોમ યજ્ઞઃ**

આ યજ્ઞ દેવતાઓને પ્રસન્ન કરવાના હેતુથી કરવામાં આવતો. આ યજ્ઞ 1 દિવસ ચાલતો હતો.

**4.3.6.3 તપ-જ્ઞાન**

ઉત્તરવૈદિક યુગમાં એક બાજુ યજ્ઞ બલિ અને કર્મકાણ્ડનું પ્રભુત્વ વધ્યું.ઉપરાંત એક નવી દાર્શનિક વિચારધારાના ઉદય થયો. જેણે યજ્ઞો અને બલિઓને નિરર્થક બતાવીને તપ અને જ્ઞાનનો નવો માર્ગ બતાવ્યો. આરણ્યકોએ તપ માર્ગ અને ઉપનિષદોએ જ્ઞાન માર્ગમાં રસ્તો બતાવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ખ ) વૈકલ્પિક પ્રશ્ન**

1. આર્ય શબ્દનો શાબ્દિક અર્થઃ
   (અ) વીર યોદ્ધા (બ) શ્રેષ્ઠ (ક) યજ્ઞકર્તા પુરોહિત (ડ) વિદ્વાન
2. ઉત્તરવૈદિક સંસ્કૃતિનો સમય કયો માનવામાં આવે છે?
   (અ) 1500 ઇ.પૂ.-100 ઇ.પૂ.
   (બ) 1000 ઇ.પૂ.- 600 ઇ.પૂ.
   (ક) 600 ઇ.પૂ.- 600 ઇ.
   (ડ) આમાંથી એક પણ નહીં.
3. નીચેનામાંથી ઉત્તરવૈદિક સમયમાં લખવામાં આવેલાં ગ્રંથોનો સાચો ક્રમ બતાવો.
   (અ) વેદ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ
   (બ) વેદ, ઉપનિષદ બ્રાહ્મણ અને આરણ્યક
   (ક) ઉપનિષદ, વેદ, બ્રાહ્મણ અને આરણ્યક
   (ડ) વેદ, આરણ્યક, બ્રાહ્મણ અને ઉપનિષદ
4. ભારતમાં કયા સ્થળે ખોદકામ દરમ્યાન પ્રાચીન લોખંડની ધાતુનું પ્રમાણ મળ્યું?
   (અ) તક્ષશિલા
   (બ) અતરંજીખેડા
   (ક) કૌશાલી
   (ડ) હસ્તિનાપુર

5. સૌથી પ્રાચીન વેદ કયો છે?

(અ ) ઋગ્વેદ

(બ) યજુર્વેદ

(ક) સામવેદ

(ડ) અથર્વવેદ

**4.4 સારાંશઃ**

માનવ સભ્યતાના ઇતિહાસમાં ધાર્મિક વિચારો, ઉપાસનાપદ્ધતિ અને વિકાસ દ્વારા ઋગ્વેદ અને વૈદિક સભ્યતાના અભ્યાસમાં ખૂબ સહાયતા મળી છે. મેકસમૂલર અને વિન્ટરનીત્સે જેવા વિદ્વાનોએ ઋગ્વેદના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે. બહુદેવવાદથી એકેશ્વરવાદ, સુધી ક્રમિક વિકાસ ઋગ્વેદમાં જોવા મળે છે. બધી જ પ્રકૃતિ શક્તિ ઈશ્વરના રૂપમાં પૂજિત છે તથાઈશ્વરની કલ્પના સ્પષ્ટ થતી ગઇ.

ઋગ્વેદના અભ્યાસથી વિવિધ ધર્મોનો તુલનાત્મક અભ્યાસ શક્ય બન્યો. વિવિધ ધર્મોને સમજવા માટે  ઋગ્વેદનો અભ્યાસ સહાયક બન્યો. ઋગ્વેદના અધ્યયનથી તુલનાત્મક ભાષા-વિજ્ઞાનનો વિકાસ થયો. સંસ્કૃત ભાષાનો માનવજાતિની પ્રાચીન ભાષા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. ઋગ્વેદ દ્વારા સંસ્કૃતના અભ્યાસથી ઇન્ડો-યુરોપીય ભાષાઓના જ્ઞાનમાં વૃદ્ધિ થઇ. વિવિધ ભાષાઓની સમાનતાનો ખ્યાલ આવ્યો. ઋગ્વેદના અધ્યયનથી આર્યોના ધાર્મિક, રાજનૈતિક, સામાજિક અને આર્થિક જીવનનું બહુમૂલ્ય જ્ઞાનપ્રાપ્ત થયું, જેમાં માનવ-સભ્યતાના વિકાસની એક મહત્ત્વપૂર્ણ બાબત સામે આવી.

ઋગ્વેદ ભારતીય ધર્મ અને અને સંસ્કૃતિનો મૂળ સ્રોત માનવામાં આવે છે અને એ ભારત દેશનો સંસ્કૃત ભાષાનો પ્રાચીન ગ્રંથ છે. જેનો અભ્યાસ કર્યા વિના ભારતીય સંસ્કૃતિના ઇતિહાસને સમજવો અશક્ય છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિનો ક્રમિક વિકાસ અને તેનો અભ્યાસ ખૂબ જ જરૂરી અને મહત્ત્વપૂર્ણ છે.

ઉત્તરવૈદિક યુગમાં કેટલાક મહત્વના પરિવર્તનો થયાં. રાજ્યવિસ્તારની શરૂઆત થઇ. માત્ર પશુઓ માટે નહિ પણ રાજ્યવિસ્તાર માટે યુદ્ધ થવા લાગ્યા. પ્રારંભમાં પશુચારક સમાજ હવે કૃષિપ્રધાન કિસાન બની ગયો અને વારંવાર રાજાને ભેટ-સોગાદ આપવાથી રાજા કિસાનોના આધાર પર સમૃદ્ધ બનતો ગયો અને સમૃદ્ધિના કારણે બ્રાહ્મણોને દાનદક્ષિણા દેતો ગયો. શુદ્ર  આ સમયમાં એક નાનો સેવક વર્ગ જ બની રહ્યો. કબીલા સમાજ વિભક્ત થઇને વર્ગમાં વિભાજિત થઇ ગયો. આમ વૈદિકયુગની સરખામણીએ ઉત્તર વૈદિક યુગમાં ઘણાં પરિવર્તનો આવ્યાં.

**4.5 ચાવીરૂપ શબ્દોઃ**

| | | |
|---|---|---|
| જન | - | જનપતિ અથવા રાજા |
| સભાવતી | - | મહિલા સભ્ય |
| ઇશાન | - | સમિતિના અધ્યક્ષ |
| વિશ | - | અનેક પરિવારોનો સમૂહ |

અમાજુ - આજીવન લગ્ન ન કરનાર સ્ત્રી

વદતું - વિવાહ વખતે કન્યાને અપાતો કરિયાવર

નિવિ - શરીરના નીચેના ભાગમાં પહેરવામાં આવતું વસ્ત્ર

વાસ - શરીરના ઉપરના ભાગમાં પહેરવામાં આવતું વસ્ત્ર

ઉર્વરા - કૃષિ યોગ્ય ભૂમિ

લાંગલ - હળ

કુલ્યા - નહેર

પણિ - વૈદિક યુગમાં વેપાર કરનાર

ભુજયુ અને શતારિત્રા-જહાજ

અરિતું - નાવિક

અયસ - તાંબુ અને કાંસાની ધાતુ

કુલાલ - માટીના વાસણ બનાવનાર

કૃષ્ણ અયસ - લોખંડ

યવ - જવ

મૃદંગ - મગ

ગોધુમ - ઘઉં

વણિક - વ્યાપારીઓનો વર્ગ

શ્રેષ્ઠી - વ્યાવસાયિક સંઘનો અધ્યક્ષ

હિરણ્ય - સોનું

ત્રપુ - ટિન

સિસમ - સિસુ

ઊર્ણ - ઊન

કૌશ - રેશમ

કુલાલ - કુંભાર

રત્નિન - રાજકર્મચારી

સુત - સારથી

સંગ્રહિતી - કોષાધ્યક્ષ

બલી - રાજ્યકર

## 4.6. તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(ક) 1.અ 2.બ 3.ડ 4.અ

5. ડ 6.ક 7.બ 8.ક

(ખ) 1. બ 2.બ 3. અ 4.બ 5.અ

## 4.7 સંદર્ભગ્રંથ

1. कृष्ण चन्द्र श्रीवास्तव- प्राचीन भारत का इतिहास तथा संस्कृति
2. डॉ. विपिन बिहारी सिन्हा- भारत का इतिहास
3. डॉ. दिनानाथ वर्मा- प्राचीन भारत
4. बी.एन. मुनिया- प्राचीन भारतीय संस्कृति
5. सत्यकेतु विद्यालंकार- प्राचीन भारत प्रारंभ से 1206 ई.
6. के. कृष्ण रेड्डी- भारत का इतिहास
7. पी.एल. गौतम- प्राचीन भारत का इतिहास एवं संस्कृति
8. जीयालाल काचरी- भारत का इतिहास
9. संजीव कुमार ल्युसेन्ट- प्राचीन भारत सामान्य अध्ययन
10. धनपति पान्डेय - प्राचीन भारत का राजनीतिक और सांस्कृतिक इतिहास
11. सत्यकेतु विद्यालंकार - भारतीय संस्कृति का विकास
12. प्रा. हरकुलसिंह आर्य- भारत का राजनीतिक एवं सांस्कृतिक इतिहास
13. वी.डी. महाजन - प्राचीन भारतीय हिन्दु राज्यशास्त्र और राजनीतिक चिन्तन
14. राधाकमल मुखर्जी -भारत की संस्कृति और कला
15. शिवस्वरुप सहाय- प्राचीन भारतीय धर्म एवं दर्शन
16. सत्यकेतु विद्यालंकार -प्राचीन भारत के शासन पद्धति और राज्यशास्त्र
17. ज्योतिप्रसाद जैन -भारतीय इतिहास एक दृष्टि
18. डॉ. કે.એફ. સોમપુરા -હિન્દુ રાજ્ય પદ્ધતિઓનો ઇતિહાસ
19. સ્વ.શ્રી રમણલાલ વ.દેસાઇ-ભારતીય સંસ્કૃતિ
20. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી- પ્રાચીન ભારતનો ઇતિહાસભાગ-1
21. પ્રા. એન.ડી. શેલત ભારતનો ઇતિહાસ
22. કનૈયાલાલ મુનશી (સંપાદક) ગુજરાતની કીર્તિ ગાથા
23. પ્રવિણચંદ્ર સી. પરીખ- ભારત દર્શન-1 (ઇતિહાસ આદિયુગ)
24. ભારતીબહેન કે. શેલત- ભારતનો આદ્ય ઇતિહાસ.

**નોંધ :**

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89909-00-5